# જીવનનું સાચું સુખ

સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ

અને સફળતા પ્રાપ્ત કરવાના શાશ્વત નિયમો

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન
'જીવનઘડતર પ્રકાશન શ્રેણી'ની પાંચમી ભેટ

સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ અને સફળતા
પ્રાપ્ત કરવાના શાશ્વત નિયમો

# જીવનનું સાચું સુખ

[રાલ્ફ વાલ્ડો ટ્રાઈન કૃત What All The World's A-Seeking નામના ગ્રંથનો ભાવાનુવાદ]

ભાવાનુવાદક : **મીરા ભટ્ટ**

સ્નેહીશ્રી..........................................

સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ અને સફળતાભર્યું જીવન સદા આપતું સાથી બની રહો...એવી અંતરની શુભ કામનાઓ સહ......

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
'મીના', ૬, સરદાર પટેલ કોલોની, નવજીવન,
અમદાવાદ-૩૮૦ ૦૧૪. ફોન : ૪૪૦૮૧૦

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું પાંચમું પ્રકાશન

* જીવનનું સાચું સુખ

* લેખક : રાલ્ફ વાલ્ડો ટ્રાઈન

* ભાવાનુવાદક : મીરા ભટ્ટ


* પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૮૫

* મૂલ્ય : સદ્‌ભાવ–સુવાચન–સદ્‌ઉપયોગ

* પ્રકાશક :
શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી શ્રી મૂકેશ એમ. પટેલ
'મીના', ૬, સરદાર પટેલ કૉલોની, નવજીવન, અમદાવાદ–૧૪
ફોન : ૪૪૦૮૧૦

* પ્રકાશન આયોજન : કુસુમ પબ્લિકેશન્સ, અમદાવાદ–૭
ફોન : ૪૧૦૯૫૯

* આવરણ : મયૂર જાની

* મુદ્રક :
હરિ ૐ પ્રિન્ટરી
દૂધેશ્વર રોડ, અમદાવાદ–૧

# અર્પણ

જેમના સંપર્કથી
અધ્યાત્મના સુષુપ્ત સંસ્કારો જાગ્રત થયા
અને
જેમના સાંનિધ્યમાં
જનસેવાઅને પ્રભુ સેવાની
નવી ક્ષિતિજો ખૂલી તે
**બ્ર. કુ. ચંદ્રિકાબેનને**

—પરિવારનાં સ્વજનો

# લેખકનો ટૂંકો પરિચય

મિ. ટ્રાઈનનાં પુસ્તકોમાં પ્રકટ થયેલું બળ અને શાંતિ જોઈ લોકો માનવાને દોરવાય છે કે, તેમણે વર્ણવેલી ઉચ્ચ દશા તેમણે અનુભવી હશે; અને તે પ્રાપ્ત કરવાની અનુકૂળતા પણ તેમને મળી હશે; એમાં પ્રથમનું અનુમાન ખરું છે; પણ તેના સંયોગો અનુકૂળ કે સુખમય હતા નહિ; પરંતુ અનેકોની પેઠે તે પણ અનેક હાડમારીઓમાંથી પસાર થયા હતા.

મિ. ટ્રાઈનનો જન્મ અમેરિકામાં ઈલેનોઈસ પરગણામાં માઉન્ટ મોરિસ ગામમાં સને ૧૮૬૬માં થયો હતો. બચપણથી જ તે ગરીબાઈ અને દુઃખમય સ્થિતિમાં ઊછર્યા હતા અને તેમનામાં જણાતાં ધીરજ, ખંત અને ઉદ્યોગ વગેરે ગુણો મોટે ભાગે તેમની એવી પરિસ્થિતિને લીધે જ ખીલ્યા હશે એમ નિઃસંશય કહી શકાય.

જ્યારે આપણે વિચારીએ છીએ કે, મિ. ટ્રાઈન એકાંત અને જોખમદારી વિનાના સંયોગોમાં નહિ, પણ વિવિધ અને કસોટી કાઢે તેવા પ્રસંગોમાં જ રહ્યા હતા ત્યારે તેમની કલમ અને તેમના જીવનની ભવ્યતા આપણા પર બમણી અસર કરે છે.

તેમનાં પુસ્તકો અમેરિકામાં 'ચૈતન્યપ્રદ પુસ્તકો' તરીકે ગણાય છે અને દરેક દેશમાં તેની ચોતરફ માગણી થાય છે. તે ઉપરથી સમજાય છે કે, લોકો સજીવ ધર્મની શોધમાં છે. તેમનાં પુસ્તકોનાં અનેક ભાષામાં ભાષાંતર થયાં છે.

તેમની ભાષામાં ખાસ માધુર્ય રહેલું હોઈ ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનના વિચારો ઘણી રસમય અને સરળ વાણીમાં તેઓ પ્રકટ કરી શકે છે. તેમનો સંદેશો અભણ અને ભણેલાઓ સહેલાઈથી સમજી શકે છે. તેઓ હૃદયથી અને જાતઅનુભવથી બોલે છે તથા હૃદયની ભાવનાઓને રૂડા પ્રકારે સમજાવવાની તેઓ ઉત્તમ શક્તિ ધરાવે છે, એ જ તેમની લોકપ્રિયતાનું મુખ્ય કારણ છે.

# પ્રકાશકનું નિવેદન

આ જગતમાં સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ અને સફળતા પ્રાપ્ત કરવાની કયા માનવીની આકાંક્ષા ન હોય?

સુપ્રસિદ્ધ અમેરિકન લેખક રાલ્ફ વાલ્ડો ટ્રાઈનના પ્રેરક અંગ્રેજી પુસ્તકનો શ્રીમતી મીરાબ્હેન ભટ્ટે કરેલો ભાવાનુવાદ–'જીવનનું સાચું સુખ' તે પ્રાપ્ત કરવાના શાશ્વત નિયમોનું સચોટ દર્શન કરાવે છે. વાચકને આ પુસ્તકના મનનથી જીવનનું સાચું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ મળી રહેશે તેવી આશા છે.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન તરફથી ૧૯૮૩ દરમિયાન શરૂ કરેલ જીવનલક્ષી પુસ્તકોની શ્રેણીને મળેલા ઉષ્માભર્યા આવકારથી પ્રેરાઈને આ જ શ્રેણીમાં પાંચમું પુસ્તક રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકનો સુંદર ભાવાનુવાદ કરી આપવા બદલ શ્રીમતી મીરાબહેન ભટ્ટનો તેમ જ આ પુસ્તકના પ્રકાશન–આયોજન પાછળ લીધેલ પરિશ્રમ બદલ અમારા સ્નેહી મિત્ર 'નવચેતન'ના તંત્રી શ્રી મુકુન્દ પી. શાહનો આભાર માનીએ છીએ. આ પુસ્તક સંબંધી વાચકમિત્રોનાં રચનાત્મક સૂચનો આવકારીશું.

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન,
'મીના', ૬, સરદાર પટેલ કોલોની,
નવજીવન, અમદાવાદ–૩૮૦૦૧૪.
ફોન. ૪૪૦૮૧૦.

**મંગળભાઈ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**
તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૫

# પ્રાસ્તાવિક

હેનરી ડ્રુમોન્ડનો સ્વભાવ એવો સુંદર અને દરિયાવદિલ હતો અને એનું ટૂંકું જીવન પણ એવું જ અનન્ય અને સત્ત્વશીલ હતું, જેમાંથી એણે પોતે કહેલી વાતનો રણકો ઊઠતો હતો. એ હમેશાં કહેતો કે, "અડધોઅડધ જગત ભ્રામક સુખની પાછળ આંધળી દોટ લગાવી રહ્યું છે."

સત્તા પાછળ પડેલા લોકો કે પ્રતિષ્ઠા પાછળ પડેલા લોકો માટે પણ એ આવું જ કહેત. એટલું જ નહીં જીવનની સાર્થકતાને પણ ઝાંઝવાના જળમાં શોધવા મથતા લોકો માટે પણ આ જ વાત કહેત. ફક્ત અમેરિકા કે ઇંગ્લેન્ડમાં જ નહીં, દુનિયા આખીમાં મોટા ભાગના લોકો જે પ્રકારનું જીવન જીવી રહ્યા છે, તેમાં પેલા સાચા, સાર્થક જીવનની સંપન્નતા અને સિદ્ધિ ક્યાં જોવા મળે છે?

હેનરીનું આ કથન જો સાચું લાગતું હોય, મારી દૃષ્ટિએ તો એ નિર્વિવાદ રીતે સો ટકા સાચું છે, તો ચાલો, આપણે એનું કારણ શોધીએ. ઝીણવટથી અભ્યાસ કરીએ છીએ તો સમજાય છે કે આખી આંધળી દોટનું મૂળ કારણ છે અજ્ઞાન. યથાર્થ જીવનના પાયાના નિયમો અંગેની અજ્ઞાનતા. કોઈ પણ માણસ સ્વેચ્છાએ તો કાંઈ ક્ષુદ્ર, વામણું, થીજી ગયેલું જીવન જીવવા ઇચ્છે જ નહીં. એને ખબર પડી જાય કે માનવજીવનમાં વધારે વિશાળ, સભર, સમૃદ્ધ જીવનની સત્ત્વશીલ સંભાવના સાકાર થવાની રાહ જોતી પડેલી છે, તો એ પોતે એ રહસ્યને છતું કરવા કટિબદ્ધ થાય જ અલબત્ત, આ મુકામે પહોંચવા માટે જે નિયમો અને પરિબળો કામ કરતાં હોય છે, તેને સ્પષ્ટ રીતે સમજી લઈ આચરણમાં મૂકવાથી લક્ષ્ય-પ્રાપ્તિ થઈ શકે.

સાચા અને સંપન્ન જીવન માટેનાં કાનૂન તથા પરિબળો અનેક પ્રેરિત દ્રષ્ટાઓ, મુનિઓ, સાધુસંતો તથા સમર્થ લેખકો અનેક વાર

જુદી જુદી રીતે લોકો સમક્ષ મૂકતા આવ્યા છે. પરંતુ મોટે ભાગે એ બધું નર્યા સિદ્ધાંતરૂપે જ રજૂ થતું રહ્યું છે. પરિણામે મોટા ભાગના લોકો એના વ્યવહારુ સ્વરૂપને પકડી શકતા નથી અસામાન્ય મહાનુભાવોના ચિંતનસ્તર અને સાધારણ લોકોના ચિંતનસ્તરમાં ઘણો બધો ફરક હોય છે એટલે આ મૂળભૂત સિદ્ધાંતોને એમના રોજ-બ-રોજના જીવનમાં ઉતારી જીવનમાં કયા ફેરફાર કરવા એ એમને સ્પષ્ટ થતું નથી. એકેએક જીવનમાં ફેરફાર લાવી શકાય અને લાવવો જ જોઈએ, આ વાત સ્પષ્ટ થવી જોઈએ.

જીવનના આ પરમ કાનૂનોને સરળ અને નક્કર રીતે સમજી શકાય, એમને વ્યવહારમાં કેમ ઉતારવા તેની કાંઈક દિશા દેખાડાય એ જ હેતુસર લેખકે અહીં પોતાની વાત કહી છે. એકેએક જણ જીવનના આ મર્મને સમજે એ લેખકની ઇચ્છા છે. તદુપરાંત, જીવનમર્મને સમજી ચિત્તમાં એવી પ્રબળ ઇચ્છા જાગે કે મારે મારા જીવનને આ રીતે જ જીવવું છે, એવું પણ લેખક ઝંખે છે. જીવનના મૂળભૂત સિદ્ધાંતોને આત્મસાત્ કરી લીધા પછી એ સિદ્ધાંતને અનુરૂપ જીવનઘાટ સર્જવાની અદમ્ય ઝંખના જાગે, એ લેખકને અભિપ્રેત છે.

—લેખક

# અનુવાદકીય

શું પશ્ચિમનું જીવન કે શું પૂર્વનું જીવન, જીવન તે જીવન છે! સૃષ્ટિરચયિતાએ માનવહૃદયમાં એવી તો ભરપૂર સંભાવના ઠાંસી ઠાંસીને ભરી આપી છે કે એ ધારે તો પૃથ્વીને પ્રભુનું નિજધામ બનાવી દે. આ પુસ્તકના લેખક પાસે આ સંભાવનાની સુગંધ પહોંચી ગઈ અને એ થનગની ઊઠ્યા. જીવનપુષ્પની સઘળી પાંદડીઓ પૂર્ણ-પણે ખીલી ઊઠે તે માટેની સુવર્ણચાવી એમને મળી ગઈ અને જનજન સુધી સાચા સુખનો માર્ગ ચીંધવા તેઓ તત્પર થઈ ઊઠ્યા.

વાત તો એની એ જ, જે આપણા પ્રાજ્ઞ પુરુષોએ, સાધુ-સંતોએ, ધર્મસંસ્થાપકોએ ફરી ફરીને કહી છે. ભારતીય માનવ માટે આમાં કશું નવું જડે તેવું નથી. તેમ છતાંય આ પુસ્તકનું કૌતૂક કાંઈ હોય તો તે આ છે કે એક પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરેલા મનુષ્યના હૃદયની આરપાર આ વાત કેવી સોંસરવી ઊંડી ઊતરી ગઈ છે! Body-oriented, નર્યા ભૌતિકતાવાદના વાતાવરણમાં રહ્યા છતાં સદેહે શરીરથી ઉપર ઊઠી, દેહપરાયણતા ક્ષીણ કરતા જઈ આત્મપરાયણ બનવાની વાત જે પ્રતીતિપૂર્વક લેખક કરી શક્યા છે, તે આપણને સૌને વિચારતા કરી મૂકે તેટલી હૃદયસ્પર્શી છે.

વળી એક બીજી વાત. ભારતીય અધ્યાત્મમાં આત્મપરાયણ થવાની, નરની નારાયણી શક્તિ જાગૃત કરવાની વાત તો આવે જ, પણ એમાં માનવસેવાની વાત ખૂબ ઓછી જોવા મળે. ધર્મ, ધ્યાન, સાધના, જપ-તપ, એકાંત સેવન, એ બધું ભારોભાર. દાન-દયા પણ ખરાં-છતાંય સમાજથી, માનવબંધુઓથી આઘા રહીને કરવાની સાધના, તેવો ભ્રમ ઊભો થાય. આટલા જ ખાતર સ્વામી વિવેકાનંદને કહેવું પડ્યું કે નારાયણ દરિદ્રમાં પણ છે. 'શ્રીમન્નારાયણ'ની ધૂન આપણને આવડતી હતી, પણ વિવેકાનંદ અને ત્યાર પછી ગાંધીજીએ આપણા આધ્યાત્મિક જીવનમાં 'દરિદ્રનારાયણનો' પ્રવેશ કરાવ્યો.

'પ્રભુપ્રેમ અને માનવસેવા'—આ બે આ પુસ્તકનાં ધ્રુવપદ છે. માનવ એ પરમદિવ્યતાનું તેજોજ્જવળ સ્ફુલિંગ છે એ હકીકતનું ભાન થવું, અને એ ભાન માણસને જીવમાત્રની સેવામાં પરોવી દે એ જ અધ્યાત્મ. વ્યક્તિગત ચેતનામાંથી બહાર નીકળી સમષ્ટિગત ચેતનામાં વિલોપાઈ જવાની પ્રક્રિયા આ પુસ્તકમાં બતાવી છે.

આપણો સમાજ બાહ્યાંતર બંને રીતે સમૃદ્ધ, સંપન્ન બને એવી હોંશ શ્રી મંગળભાઈ પટેલના હૃદયમાં ઉછાળા મારે છે. સદ્‌ગ્રંથો દ્વારા ઈશ્વરી ચેતનાને માનવગણ સુધી સતત વહેવડાવતા રહેવાનું પુણ્યકાર્ય તેઓ કરતા રહે છે. એમના જ પ્રેમાગ્રહે 'પ્રભુમય જીવન'ના લેખકનું આ બીજું પુસ્તક ગુજરાતી વાચકો સમક્ષ રજૂ કરવા નિમિત્ત બની છું. આશા છે, સૌ જીવનધર્મી સાધકોને એમાંથી પાથેય મળી રહેશે.

સર્વોદય સાહિત્ય મંદિર
447, શિશુવિહાર, ભાવનગર
13-2-1985

—મીરા ભટ્ટ

વાતો કરવી સહેલી છે, વર્તનમાં ઉતારવું અઘરું છે
દુનિયાને પ્રેમ કરવાનું સહેલું છે, પડોશીને ચાહવાનું અઘરું છે
વિશ્વશાંતિ માટે સરઘસો કાઢવાનું, ભાષણો કરવાનું સહેલું છે
ઘરનાં સભ્યો સાથે સુમેળથી રહેવાનું અઘરું છે.

સમાનતા અને ભ્રાતૃભાવનો ઝંડો ફરકાવવાનું સહેલું છે
ઘરના નોકરોને ભાઈ માની સંમાનપૂર્વક પડખે બેસાડવાનું
અઘરું છે
તકલીફમાં કટુ થઈ જવાનું સહેલું છે,
સૌંદર્યો જોઈ શકવાનું અઘરું છે.

બીજાઓએ શું કરવું જોઈએ, તે કહેવાનું સહેલું છે
અમારે જે કરવું જોઈએ, તે કરવાનું અઘરું છે
ઇચ્છાઓ પૂરી થાય ને ધારણા કરતાં ઘણું વધારે મળે
ત્યારે તારો આભાર માનવાનું સહેલું છે.
ઈચ્છા–આશા તૂટી પડે ને ધારેલું બધું ધૂળમાં મળે
ત્યારે એમાં તારો પ્રેમ જોવાનું અઘરું છે.

પરમાત્મા,

અમને એ દૃષ્ટિ આપો કે અમે સહેલા અને અઘરા
વચ્ચે ભેદ પારખી શકીએ.
અમને એ શક્તિ આપો કે અમે અઘરી વાટે
ચાલી શકીએ.

('પરમ સમીપે'માંથી સાભાર)

હે પરમ પ્રભુ,

અમારા વિચારોને એટલા ઉદાર કરો કે
બીજા માણસનું દૃષ્ટિબિંદુ અમે સમજી શકીએ.

અમારી લાગણીઓને એટલી મુક્ત કરો કે
બીજાઓ પ્રત્યે અમે તેને વહાવી શકીએ.

અમારા મનને એટલું સંવેદનશીલ કરો કે
બીજાઓ ક્યાં ઘવાય છે તે અમે જોઈ શકીએ.

અમારા હૃદયને એટલું ખુલ્લું કરો કે
બીજાઓનો પ્રેમ અમે ઝીલી શકીએ.

અમારા ચિત્તને એટલું વિશાળ કરો કે
પોતાના ને પારકાના ભેદથી ઉપર ઊઠી શકીએ.

હે પરમાત્મા,

અમારી દૃષ્ટિને એટલી ઉજ્જવળ કરો કે
જગતમાં રહેલાં તમારાં સૌંદર્યો ને સત્યો
અમે નીરખી શકીએ

અમારી ચેતનાને એટલી સૂક્ષ્મ કરો કે
તમારા તરફથી અનેકવિધ રૂપમાં આવતા
સંકેતો પારખી શકીએ
અને તમારું માર્ગદર્શન પામી શકીએ.

('પરમ સમીપે'માંથી સાભાર)

(૧) न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

મને રાજ્યની તૃષ્ણા નથી, નથી સ્વર્ગની કે નથી મોક્ષની. દુઃખોથી સંતાપ પામેલાં પ્રાણીઓના દુઃખનું નિવારણ કરવાની મારી તો એક માત્ર ઇચ્છા છે.

(૨) गौरवं प्राप्यते दानान्न तु वित्तस्य संचयात् ।
पयोदानां स्थितिरुच्चैः पयोधीनामधः स्थितिः ॥

ઊંચું પદ દાન કરવાથી મળે છે, ધનના સંચયથી નહિ. પાણી આપનાર વાદળોનું સ્થાન ઊંચે છે, જ્યારે પાણીનો સંગ્રહ કરનાર સમુદ્રોનું સ્થાન નીચે છે.

(૩) सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

બધાં સુખી થાઓ; બધાં નીરોગી બનો; બધાંનું કલ્યાણ થાઓ; કોઈ પણ દુઃખી રહો નહિ.

# સત્ત્વશીલ સાહિત્યની જરૂર

હું એ દિવસની રાહ જોઉં છું, જ્યારે દીવાનખાનામાં ફરનિચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે.

કોઈ પણ દીવાનખાનાની અંદર જાઉં ત્યારે સહુથી પહેલાં હું ત્યાં પડેલાં સામયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ બધાંનું મૂલ્ય છે જ, પણ આ ગુણોના વર્ધનમાં સત્‌સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે એમના માટે સારાં પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે, એ સાથે પોતાના મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે.

—બર્ટ્રાન્ડ રસેલ

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| ૧ મુખ્ય સિદ્ધાંત | ૧ |
| ૨ સિદ્ધાંતનું અમલીકરણ | ૨૩ |
| ૩ કળીને ખીલવા દો | ૪૪ |
| ૪ મંગળ જાગરણ | ૭૯ |
| ૫ સારસર્વસ્વ | ૯૯ |
| ૬ વિચારશક્તિ અને ચારિત્ર્ય-નિર્માણ | ૧૫૨ |

# જીવનનું સાચું સુખ

[ ૧ ]

# મુખ્ય સિદ્ધાંત

**જીવનની પરમ સમૃદ્ધિ, સંપન્નતા**
**અને વળી મુક્તિની હોંશ છે ?**
**તો જીવનશાશ્વતીના પરમ કાનૂનના**
**સુસંવાદમાં વહાવ તારી જીવનધારને !**

જીવનના સર્વોત્તમને હું કેવી રીતે પામી શકું ? આખું ને આખું, પરિપૂર્ણ જીવન મારી સમક્ષ કેવી રીતે ખૂલે ? શક્તિનું સાચું રહસ્ય કેમ કરીને પ્રગટે ? જીવનની સાચી અને વળી શાશ્વત સાર્થકતા મને કેવી રીતે સાંપડે ? કદીય ક્ષીણ નહીં થનારાં, સતત ટકી રહેનારાં સુખ, શાંતિ અને આનંદથી મારા જીવનને હું કેવી રીતે ભરી દઈ શકું ? સુખ, શાંતિનાં એવાં તેજબિંબ જે કદીય પોતાનું તેજ ગુમાવતાં નથી, સદૈવ મનને પકડી રાખે છે, કદીય ઝાંખાં પડતાં નથી તે આપણને કેવી રીતે પ્રાપ્ત થાય ?

અનંત કાળથી આવા પ્રશ્નો પુછાયા કરે છે. ભૂતકાળમાં કરોડો લોકોને આ પ્રશ્નો થયા છે. આજે પણ કરોડો લોકોને

આ પ્રશ્નો થાય છે. ભવિષ્યમાં પણ આવા સવાલો ઊઠવાના જ છે. આવા, આજે અને આવતી કાલે પણ સતત ઊભા થનારા સવાલોનો કોઈ સાચો અને સલામત જવાબ છે ખરો ? મારા પ્રિય પાઠક, તને પોતાને આ પ્રશ્નોના જવાબમાં કાંઈ રસ છે ખરો ? મને તો લાગે છે કે કેવળ નામ વાંચીને પણ તને આ ચોપડી હાથમાં લેવાનું મન થયું છે તો તને પણ એ કરોડો લોકોની જેમ આ પ્રશ્નમાં ઊંડો રસ છે, તેવું હું ધારી લઉં છું.

## જિંદગી શા માટે ?

યુગયુગાંતરથી પુછાયા કરતા આ સવાલને આપણે બીજી રીતે પણ પૂછી શકીએ, — જિંદગીનું સાર-સર્વસ્વ શું ? આ પ્રશ્નનો જો સાચો અને સંતોષજનક જવાબ મળે તો અસંખ્ય લોકો એવા મળી આવે જે પોતાનું સર્વસ્વ આ માટે ધરી દે. તો પછી આપણે આ પ્રશ્નનો જવાબ મેળવી શકીએ ? અલબત્ત, આનો જવાબ શોધવા માટે અપાયેલો સમય એ જિંદગીનો અત્યંત મૂલ્યવાન કાળ છે તેવી પ્રતીતિ હોવી જોઈએ. આ પ્રશ્નનો જવાબ અચૂક છે જ. આવો મારી સાથે, સાથે મળીને આપણે તાગ મેળવીએ, એકેએક મુદ્દાની આપણે છણાવટ કરીએ. અંતે તમારી પાસે હું એટલું જાણવા ચોક્કસ માંગીશ કે આપણને જે જવાબ મળે તે સાચો અને સંતોષજનક છે કે નહીં !

એક એવો સોનેરી સિદ્ધાંત છે, જો એને દૃઢતાપૂર્વક અપનાવવામાં આવે, જીવનના મધ્યબિંદુએ એને ગોઠવી

દેવામાં આવે, એને જીવનનું પ્રમુખ સ્થાન આપી બાકી બધું ગૌણ કરી દેવામાં આવે તો સાચે જ આ જીવનમાં મહાન સફળતા મળે, માણસ યથાર્થમાં સુખ-સંતોષ પામે, સૌ કોઈનો પ્રેમ અને આશીર્વાદ એને સાંપડે-આખા જગતમાં સૌ કોઈ જો આ સિદ્ધાંતને અનુસરે તો સાચે જ આપણી આ જરી-પુરાણી દુનિયા બદલાઈ જાય, અરે, હું તો કહું છું કે એ રાતોરાત બદલાઈ જાય. અગણિત લોકોના જીવનમાં હતાશા અને દુઃખના સ્થાને એક નવો પ્રકાશ, નવી આશાનો અંકુર ફૂટી શકે, અને આજે આપણા કાને જે સતત અથડાયા કરે છે કે માણસ પોતાની માણસાઈ ગુમાવીને હજારોને ત્રાસ આપી રહ્યો છે તેનો પણ અંત આવી શકે. શહેરની ફેશનેબલ ગણાતી સ્ત્રીઓનો જે સમય આજે ઉપલકિયા મોજશોખો પાછળ ફાંફાં મારવામાં ખર્ચાય છે, તેને બદલે એક સાચા શાશ્વત સુખ, સંતોષ અને આનંદનો એવો ઝરો ફૂટશે કે એ સ્ત્રીઓને થશે કે અત્યાર સુધી સાચો આનંદ કોને કહેવાય તે જાણે ખબર જ નહોતી. અત્યાર સુધી કથીરને સોનું માની લેવામાં, કાચના ટુકડાને હીરો માની લેવામાં પોતે કેવી ભીંત ભૂલી હતી તેનું એમને ભાન થશે. જીવનનું આ સત્ય ખૂલી જશે, પછી જીવન આખું જાણે બદલાઈ જશે. અત્યાર સુધી નજર સામે જ ઊભી રહેલી ઘરની કામવાળીનાં સુખદુઃખ કદી જાણ્યાં નહોતાં, પણ હવે તો હૃદયમાં એવો ભાવ જાગશે કે આ ગરીબ બાઈ તો મારી બહેન સમી છે, કારણ કે માનવ-માત્રનો પિતા તો પ્રભુ છે. આને પરિણામે પેલી ગરીબ

બાઈનું જીવન પણ શાંત, સુંદર, સુખી અને મધુર બનશે. સમાજ પણ બદલાશે, દેશમાં સાંકડા મનના મેલી રમત રમનારા, લોકહિતના ભોગે સ્વાર્થ સાધતા રાજકારણીઓના સ્થાને સાચી રાજનૈતિક વ્યક્તિઓ આવશે, આજે ડગલે ને પગલે આપણને મૂંઝવી મારતી, આપણો અજગરચૂડ ભરડો લેનારી અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદગાર થશે. ટૂંકમાં કહું તો, જે કોઈ આ સિદ્ધાંતને અનુસરશે તે પુરુષોમાં સિંહ થઈને ફરશે, સ્ત્રીઓમાં સામ્રાજ્ઞી થઈને સ્થાન પામશે.

## જીવનની જડીબુટ્ટી સમો સિદ્ધાંત

આ સિદ્ધાંતને જે લોકો વર્યા છે, તેમના જીવનમાં મેં અદ્‌ભુત પરિવર્તન થતું નિહાળ્યું છે. જીવન પર આની એવી આશ્ચર્યજનક અસરો થવા પામી છે કે એમનું જીવન અત્યંત સુંદર, મધુર, શક્તિશાળી, સેવામય અને મૂલ્યવાન થઈ ગયું છે કે પહેલાં ચોવીસ કલાકનો એક દિવસ જાણે કચડી નાંખતો ઢસળબોળો હતો, તે આજે જાણે હળવોફૂલ થઈને ટૂંકોટચ થઈ ગયો છે. આજે પણ કેટલા બધા લોકો માટે જીવન એ જાણે બોજારૂપ ભારખાનું છે, એને ઢસળી ઢસળીને, તાણી તાણીને માણસ હાંફી જાય છે! એ બધાય લોકોનું જીવન ધરમૂળથી બદલાઈ જાય, જો કેવળ આ સિદ્ધાંતને તેઓ સૌ અનુસરે તો. જીવનની આટલી નાનકડી વાત સમજાઈ જાય તો એમને પોતાને જ થાય કે આપણે શા માટે નાહકના મૃગજળ પાછળ ફાંફાં મારતા હતા! પણ જ્યાં સુધી

જીવનનું સાચું સત્ય ખૂલે નહીં ત્યાં સુધી અવળા માર્ગે ચાલવાનું થયું. એ કાંઈ પસંદગી નહોતી, હતું માત્ર અજ્ઞાન.

ભૂત અને વર્તમાનમાં સાચે જ સુખી અને સુંદર જીવન જિવાઈ રહ્યું છે એ હકીકત આપણા જીવનની દિશા બદલી નવો શુભારંભ કરી આપી શકે. મેં આવા લોકોના જીવનને ખૂબ ઝીણવટથી તપાસ્યું છે અને હું એવા તારણ પર આવ્યો છું કે આવા એકેએક લોકોના જીવનમાં હું જે સિદ્ધાંતની વાત કરી રહ્યો છું, તે જ અમલમાં મુકાયો છે. આથી ઊલટું, મેં આ પણ તારણ કાઢ્યું છે કે જે લોકોના જીવનમાં આ સિદ્ધાંતને બદલે બીજાં જ મૂલ્યો કામ કરતાં રહ્યાં છે ત્યાં જીવનને સુખી, શાંત અને સુંદર બનાવવામાં નિષ્ફળતા સાંપડી છે. તદુપરાંત, આ સિદ્ધાંતને અમુક અંશમાં જ અનુસરવામાં આવે છે, સાથે અન્ય ચીજો પણ સાંકળી લેવામાં આવે છે, ત્યાં પણ પરિણામ સારું આવતું નથી.

## જીવનનો આરંભ : 'હું'માંથી બહાર નીકળવું

તો પછી ચાલો, આપણે આ જવાબને ઝીણવટપૂર્વક તપાસીએ, એને જાતજાતની કસોટીએ ચડાવી નાણીએ અને જો તેમાંથી તે પાર ઊતરે તો જવાબ મેળવ્યા બદલ રાજી થઈએ અને પછી એને અનુસરી, જીવનમાં દૃઢ કરી, બીજાને પણ એના અંગે કહીએ. આપણી પૂર્વે થઈ ગયેલા મહાન પુરુષો દ્વારા આપણને આ મદદ મળી જ છે. અત્યાર સુધી એક જ વિચારે જોર પકડ્યા કર્યું છે અને

જગત આખા પર પોતાનું શાસન ચલાવ્યા કર્યું છે કે દુનિયામાં 'હું'માં જ બધું સમાઈ જાય છે અને સફળતા, સુખ કે જશ જે કાંઈ મળે તે બધાનો પોતાને માટે, કેવળ પોતાને જ માટે ભોગ કરી લેવો જોઈએ. આ એક ભારે મોટી ભૂલ છે, ઘાતક ભૂલ છે. હકીકતમાં જીવનનો જે એક મહાન કાનૂન છે કે 'બીજાની સેવા કરીને જાતને ખોઈ દેવામાં જ જીવનની સાર્થકતા છે' તેના વિરુદ્ધ આ વાત જાય છે. જેટલું વધારે આપણે બીજા માટે જીવી શકીશું તેટલું જ જીવન વધારે સુંદર, સભર, મહત્તર, ભવ્ય અને સુખદ બનશે. આપણા જ એક મહાન વિચારકે કહ્યું છે કે જિંદગીને સમર્પી દેવાથી જ તે બચી જાય છે.

### જીવનનો મર્મ : સેવા

જીવનનાં મહાન સત્યોમાંના એક સત્યનું; વ્યવહારુ તત્ત્વજ્ઞાનોના મહાન સિદ્ધાંતોમાંના એક સિદ્ધાન્તનું આ નિરૂપણ છે, અભિવ્યક્તિ છે. એક જ શબ્દમાં આ વાતને સમજાવવી હોય તો તે શબ્દ છે – સેવા. 'હું' નહીં, પરંતુ 'બીજો'. આપણે આગળ ઉપર જોઈશું કે આપણો પ્રેમ, સેવા, સહયોગ હજારોગણા અધિક થઈને પાછા આપણને જ આવી મળે છે. આ એક અફર કાનૂન છે.

વર્ષો પહેલાં આપણા પ્રભુ ઈશુએ સુદૂર પૂર્વમાં ક્યારેક પહાડી પ્રદેશમાં, તો ક્યારેક નદીકાંઠાના વિસ્તારમાં ટોળે વળીને ઘેરાતા લોકોને માનવજીવનનાં અને નિયતિનાં આ મહાન, ઉન્નત અને સૂક્ષ્મ સત્યો સમજાવતાં વારંવાર

ઉચ્ચાર્યું હતું કે 'તમારામાં જે સૌથી મહાન હશે તે જ તમારો સેવક થશે.' અને એનું પોતાનું જીવન પણ આ જ સત્યનું મૂર્તિમંત દૃષ્ટાંત નહોતું ? એટલે જ આજે દુનિયામાં એમનું નામ રોશન છે. એમનું જીવન એટલે રોગીઓની સેવા, ભૂખ્યા–નાગા લોકોને અન્ન–વસ્ત્ર અપાવવાં, હતાશ થઈ ગયેલામાં હામ ભરવી, ભાંગી પડેલામાં જોમ પૂરવું, મદાંધ, સ્વાર્થી, દુષ્ટ લોકોને અવગણવા, અને આ બધાં કર્મો દ્વારા લોકોને ન્યાય, દયા, સેવા કરતાં શીખવાડવું.

આ સેવક એટલે શું ? જે સેવા કરે તે સેવક. પણ સેવા કોની ? પોતાની ? ના રે ના, બીજાની સેવા કરે તે સેવક કહેવાય. આ 'સેવક' શબ્દને સાચા અર્થમાં સમજીએ તો એના જેવો સુંદર શબ્દ બીજો નથી. યથાર્થપણે આ શબ્દના રહસ્યને પામીશું તો જણાશે કે જે જીવન મહાન અને સાર્થક નીવડ્યું તે જીવન એક સેવકનું જ જીવન હતું. સેવામય જીવન સિવાય બીજી કોઈ રીતે જીવનની આટલી સાર્થકતા, સુંદરતા, પવિત્રતા અને કૃતકૃત્યતા પામી શકાય નહીં.

સત્તા, સંપત્તિ, મોભો, સમૃદ્ધિ અને ક્ષુલ્લક ભોગો પાછળ પડેલા લોકો થોડુંક થોભી જઈ જીવનના આ મૂળભૂત સત્યને સમજવા મથશે અને એ રસ્તે ચાલવા થોડો પણ પ્રયાસ કરશે તો જોશે કે આ માર્ગમાં સાચી સંપ્રાપ્તિ છે. આમાં આંતર્‌વિકાસ પણ અનેકમુખી થશે, વળી ઝડપભેર થશે. તમારે જીવનમાં પ્રતિષ્ઠા જોઈએ છે ? તમારું નામ

બનાવવું છે? અરે, ઘડિયાળનો મિનિટ કાંટો હજુ એક વાર પણ પૂરો ફરી ના લે તે પહેલાં તો તમારું નામો-નિશાન ક્યાંય મટી જઈ શકે. નામ, પ્રતિષ્ઠા, પૈસા, મોભા પાછળની દોટ તે જીવનને સાવ હલકી, નીચલી કોટિએ લઈ જવા સમું છે. એને બદલે જીવનના પેલા મહાસત્યને અંગીકાર કરી, પોતાની જાતને વિસારે પાડી દઈ, નામની ખેવનાને બાજુ પર મૂકી દઈ લોકસેવામાં ખોવાઈ જવામાં જિંદગી ઊંચામાં ઊંચી સપાટીએ ચઢતી જાય છે. આવા જીવનને પરિણામે એના જીવનમાં શાંતિ, સુખ, સંતોષ એવાં વધતાં જશે કે એની સામે આપણું જીવન સાવ તુચ્છ લાગે. સૌ માણસોમાં એ 'મૂઠી ઊંચેરો માનવી' સિદ્ધ થઈને રહે, એટલું જ નહીં એનું આ પૃથ્વી ઉપરનું જીવન પૂરું થઈ જશે ત્યારે પણ તેનું નામ અને તેની સ્મૃતિ આકાશના પેલા તારલાની જેમ લોકહૃદયમાં અમીટ અંકાઈ જશે.

## સુખ બી નથી, ફળ છે.

આ જ સિદ્ધાંતના ઉપસિદ્ધાંતરૂપે જે વાત તરી આવે છે તે કંઈક આવી છે: સુખને ગોતવા જઈએ તો તે મળી જાય તેવી તે ચીજ નથી. સુખ એ તો પરિણામ છે. સેવા, પ્રેમ, સંવેદનાના પરિપાક રૂપે આ સુખ નામનું ફળ બેસે છે. એટલે સીધેસીધા સુખ માટે ફાંફાં મારીએ તો તે કાંઈ હાથ લાગે તેમ નથી. સુખ હંમેશાં અપ્રત્યક્ષપણે જ લાધે છે. આ હકીકતમાં એક પણ અપવાદ ન હોઈ શકે. એટલે વસ્તુસ્થિતિને સમજી

લઈ જીવનમાં તે પ્રકારનું આચરણ કરીને પરિણામ પામવું તે જ એક રસ્તો છે. આ વાતને સમજી ના શકીએ તો તેની સજા આપણે જ ભોગવવી રહી, કારણ કે કાનૂન અફર છે.

અનેક મહાન સ્ત્રીપુરુષો, જેમનાં નામ આપણે ગૌરવપૂર્વક લઈએ છીએ તે સૌના જીવનનો આધાર આ જ સિદ્ધાંત છે. વર્તમાનમાં કે ભૂતકાળમાં થઈ ગયેલી એકે-એક દૃષ્ટાંતરૂપ મહાન વિભૂતિ બીજાની ખાતર જીવી એટલા માટે જ સુખ પામી શકી. સત્તા, સંપત્તિ, યશ. કીર્તિ, મોભા પાછળ પડેલી વ્યક્તિઓને આ સુખ અને આનંદ કેવાં છે તેનો લગીરે અંદાજ આવી શકે તેમ નથી. થોડા વખત માટે એમને સુખનો આભાસ થાય, પણ વહેલામોડા આ સુખનો અંત આવે છે.

માનવપ્રકૃતિમાં કાંઈક આવું બને છે. માણસ પોતાના સુખ માટે, પ્રતિષ્ઠા માટે, પદ માટે સ્વાર્થી બનીને હવા-તિયાં મારે છે, ત્યારે લોકો તરફથી કશું જ ગૌરવ તેને મળતું નથી. જ્યારે કોઈ માણસ માનાપમાન, સુખદુઃખ વિસરી જઈને સેવાને જીવનનું લક્ષ્ય બનાવે છે ત્યારે લોકો તેનાં ચરણોમાં જશ અને ગૌરવ ધરી દે છે. આ કાયદાને સમજી લેવો જોઈએ. માનવજાતિ હંમેશાં વીર વિભૂતિને નવાજે છે, પણ એવી કોઈ વિભૂતિ જોઈ, જેણે કેવળ સ્વાર્થ પોષીને જ મહાનતા મેળવી? એણે પોતાના જીવનમાં બીજા માટે કાંઈક કર્યું જ હશે, ત્યારે જ તે

ગૌરવનો અધિકારી બને છે. બીજાને ખાતર જિંદગી ફના કરનારાની સ્મૃતિમાં જ સ્મારકો રચાય છે, પોતાના માટે જીવી જનારા સ્વાર્થી લોકો માટે કદી નહીં.

કોઈ માણસ કંજૂસાઈપૂર્વક જીવન જીવ્યો, એનું સ્મારક રચાશે ? ઉદારચરિત ઉમદા હૃદયવાળા સજ્જનોની સ્મૃતિ સચવાશે, પણ જેનું આખું જીવન નરી સ્વાર્થી વેપારી સોદાબાજીમાં જ વીત્યું છે, જે કાંઈ સામે દેખાયું તે સઘળું પોતાની માલિકી હેઠળ લાવી દેવાની વૃત્તિ જ જેનામાં જોરદાર છે તેનું કદી સ્મારક રચાયાનું મેં તો સાંભળ્યું નથી. કુશળ રાજનીતિજ્ઞને સૌ યાદ કરશે, ખટ-પટિયા રાજકારણીને કોણ સંભારશે ? સાચા શબ્દસિદ્ધોને સૌ કોઈ નવાજશે, કેવળ ભાષણખોર વાણીવિલાસી મનુષ્યની કદર કેવી રીતે થશે ? સૈનિકો અને અગ્રણીઓને માન અપાશે, પણ પોતાના દેશને ખાતર કશુંક જોખમ વેઠવા જેણે કદીય તૈયારી નથી દાખવી તેનું ગૌરવ કોઈ ગાશે ? આ એક નક્કર હકીકત છે કે શિલ્પો અને પાળિયા એમનાં જ રચાશે, માન–ગૌરવનાં દાન એમનાં જ ચરણોમાં ધરાશે જે બીજાની સેવામાં પોતાની જાતને ભૂલી બેઠા છે. એમને પોતાને માટે આવી માન–પ્રતિષ્ઠાની કશી ખેવના નથી. એમનો તો સેવા એ જ મંત્ર છે. એ જ ધ્યેય છે. પણ આશ્ચર્ય તો જુઓ ! કેવું સુંદર અદ્ભુત રૂપાંતર થાય છે ! બીજાની કરેલી સેવા પોતાની પાસે પહોંચે છે ત્યારે ગૌરવનું સ્વરૂપ ધારણ કરીને આવે છે.

# સેવાધર્મના દીપસ્થંભો

આ આખી ઘટનાને આપણે દૃષ્ટાંતો લઈને સમજીએ. જે મહાન નર-નારીઓને માન, પ્રતિષ્ઠા અને ભક્તિભાવ સાંપડ્યાં તેમના જીવનનો આધારસ્થંભ કયો હતો, તે જોવું લાભદાયક નીવડશે. આવા સત્પુરુષોની તો લાંબી વણઝાર ઊભી છે, પણ આપણે એકાદ–બે દાખલાથી જ મન મનાવવું પડશે.

'સૌ પહેલાં તો મને યાદ આવી જાય છે એ પ્રતિભા, જેનો જન્મદિવસ આપણે 'રાષ્ટ્રીય દિન' તરીકે ઉજવવાના છીએ. એ છે આપણો ગૌરવવંતો સંત લિન્કન. આખા જગતમાં આજે એનાં કીર્તિગાન ગવાય છે, ભવિષ્યમાં પણ એની યાદ અખંડિતપણે વહેતી રહેશે. હું પૂછું છું કે શા માટે ? શા માટે ? આનો જવાબ મેળવવા માટે એનું એક જ વાક્ય ટાંકીશ : 1858 માં ડગલાસ સાથેની ચર્ચા દરમિયાન ડગ્લાસે કહ્યું, "ગુલામીના મુદ્દા ઉપર મતદાન થાય કે ન થાય તેની મને જરાય દરકાર નથી." ત્યારે અંતરની ઊંડી ઉદાત્તતાપૂર્વક લિંકન બોલી ઊઠે છે કે, "બીજા લોકોની ગુલામીનો વિચાર ન કરવો તે મને પોતાને તો કાંઈ યોગ્ય લાગતું નથી." શું લિંકને પોતાના માટે વિચાર કર્યો ? હરગીઝ નહીં. પળભર પણ પોતાના સ્વાર્થની પરવા કરી નહીં. હંમેશાં બીજા માટે જ એ જીવ્યો. પોતાના ચાર કરોડ કાળા માનવો માટે, દેશબાંધવો કાજે જે સેવાઓ આપવાની હતી, તેને જ તેણે ધ્યાનમાં રાખી.

આ મહાન વિભૂતિના સંદર્ભમાં 'સ્વાર્થ' શબ્દ જ કાંઈક વિચિત્ર લાગે છે. હજુ તો એના જીવનનો વિકાસ પહેલી પા પા પગલી ભરતો હતો ત્યારથી જાણ્યે–અજાણ્યે એણે જીવનનું આ સત્ય આત્મસાત્ કરી લીધું હતું, અને લોકોની સેવા, જાતબંધુઓ પ્રત્યેનું કર્તવ્ય બજાવવાનો સિદ્ધાંત એને એવા મુકામે લઈ ગયો, જ્યાં એ એક મહાન માનવપુત્ર બની ગયો. મહાનતા, લોકપ્રિયતા કે સત્તા મેળવવા માટે શું કરવું, એવો પ્રશ્ન પૂછવા એ કદી થોભ્યો નહીં. એણે તો એક જ વાતની ખેવના રાખી કે પોતે પોતાના દેશબંધુઓની કેવી રીતે ઉત્તમોત્તમ સેવા કરી શકે. જીવનભર આ દિશામાં જે શકય હતું તે તમામ એ કરી છૂટયો.

પોતાના જીવનમાં આ સેવાના સિદ્ધાંતને સાકાર કરવા એ મથ્યો. સેવા એ માત્ર સર્વોત્તમ જ નહીં, એકમાત્ર માધ્યમ છે, જેના દ્વારા જીવનનાં સુખ-સંતોષ પામી શકાય છે. લિંકને આ માધ્યમને અપનાવ્યું અને કરોડો લોકો રાતદિવસ મથે છે તોય પામી શકતા નથી તેવાં સુખશાંતિ એ પામ્યો.

મને એક બીજો દાખલો પણ યાદ આવે છે. એ છે કવિ બીચર, જેના ઉપર પ્રેમની વર્ષા વરસી છે. એક વખતે એનાં પત્ની મારી સાથે સદ્ગત કવિનાં કાવ્યો અંગે કાંઈ વાતચીત કરી રહ્યાં હતાં ત્યાં તેમના પાડોશમાંથી એક વૃદ્ધ સજ્જન આવ્યા. તેઓ કબ્રસ્તાનમાંથી પાછા ફરી રહ્યા

હતા અને એમના હાથમાં કોઈક ચીજ હતી. એમણે કહ્યું કે સંગીતના સાજ સાથે, સુગંધી સુંદર ફૂલોથી સુસજ્જ ગાડીઓ એ સરઘસમાં જઈ રહી હતી. ત્યાં બે સાથીદાર સાથે કોઈક ગરીબ દેખાતી મહિલા કબ્રસ્તાનના ચોકીદારે જોઈ. તેણે એ સ્ત્રીને ધ્યાનમાં રાખી લીધી. પછી કોઈનું ધ્યાન ન જાય એ રીતે પોતાની બહેનપણીઓથી છૂટી પડીને કવિરાજની કબર પાસે એ પહોંચી ગઈ અને અત્યંત શ્રદ્ધાપૂર્વક એક ચીજ ત્યાં મૂકી દીધી. એકાદ–બે ક્ષણ એ ત્યાં મૌન ઊભી રહી અને પછી પાછલે પગે ટોળામાં જઈ ભળી ગઈ.

એ વૃદ્ધ સજ્જન જે ચીજ લઈ આવ્યા હતા, તે હતી એક સોનેરી ફ્રેમવાળી છબી. જોયું તો એ ફોટા-ફ્રેમમાં એક સુંદર કવિતા મઢાવી હતી. બીચરના જ કોઈ કાવ્યગ્રંથમાંથી કાપી લીધેલી એ કવિતામાં પ્રેમ, સેવા અને સ્વાર્પણના ભાવને ગૂંથ્યો હતો. વચલી કડીઓમાં એક–બે જગ્યાએ કવિનું નામ લખીને જાણે એને જ સંબોધીને લખાઈ હોય તેવું સ્વરૂપ અપાયું હતું. છેલ્લે કેવળ આટલું જ લખ્યું હતું.—'એક ગરીબ હિબ્રૂ સ્ત્રી તરફથી તમામ હિબ્રૂઓના એક અમર મિત્રને.' એ સ્ત્રીનું નામ નહોતું લખ્યું, પણ એની કશી જરૂર પણ નહોતી. જેટલું લખાયું હતું, તેટલું હૃદયના ભાવ વ્યક્ત કરવા પૂરતું હતું. કોઈક એક અજાણી સ્ત્રી, જેને ક્યારેક કોઈક મદદ, કોઈક આશ્વાસન પહોંચાડીને જીવનનો બોજો થોડો હલકો કર્યો

હશે, સમયના વહેવા સાથે કવિના મનમાંથી તો એ વાતનું સ્મરણ પણ ભૂંસાઈ ગયું હશે. આજે આપણા એ કવિની જે પ્રતિષ્ઠા છે, તેનો મૂળાધાર કયો છે તે આ ઘટના પરથી ધ્યાનમાં આવે છે. એક સીધી સાદી નાનકડી–પણ હૃદયસ્પર્શી ઘટના અંગે વિચારીએ છીએ ત્યારે એ જ કવિએ લખેલી પંક્તિઓ કેટલી સાકાર થઈ ઊઠે છે....

## પ્રેમ પ્રગટાવવા માટે સેવા

અનેક સાહિત્યકારો દ્વારા આ વાત ભારપૂર્વક કહેવાતી રહી છે કે જગતમાં પ્રેમથી વડું બીજું કશું નથી. આપણી પાસે જો આ પ્રેમતત્ત્વ હોય તો તેને પ્રગટ કેવી રીતે કરીશું? કરુણા, મદદ, સેવા અર્પીને જ તે વ્યક્ત થઈ શકે ને? જો આપણી આસપાસના લોકો સુધી આપણી કરુણા અને સંવેદના પહોંચતી ના હોય તો આ પ્રેમતત્ત્વ હોવા વિષે મને શંકા જાય છે. પ્રેમને બદલે કોઈ ભળતી જ ચીજને તો આપણે પ્રેમ માની નથી બેસતા? સાચા પ્રેમ માટે આ એક અકસીર કસોટી છે. પ્રેમ એ અંતસ્સત્ત્વ છે, જ્યારે પરોપકાર અને સેવા એ તેનું પ્રગટ રૂપ છે. સેવાની કૃતિ થાય તે માટે હૃદયમાં પ્રેમનું સત્ત્વ હોવું તે જરૂરી છે, પણ કૃતિમાં જો પ્રેમ રૂપાંતરિત ન થાય તો તેની સત્ત્વશીલતા વિષે જ શંકા ઊઠે. મદદની વૃત્તિ, કરુણા, દયા, સેવા વગેરે પ્રેમનાં જ પ્રતિબિંબ છે. એ બધાંમાં પ્રેમ સાકાર થઈ ઊઠે છે. આપણામાં જો પ્રેમ આવો સગુણ સાકાર સ્વરૂપમાં પ્રગટ થતો જોવા ના મળે તો સમજવું

જોઈએ કે આપણી અંદર પ્રેમનું તત્ત્વ હજુ એટલું પાંગળું, માંદલું અને નિર્બળ અવસ્થામાં છે કે એને વધારે માવજત, વધારે કસરત અને વધારે સાધનાની જરૂર છે. ઉત્તરોત્તર આપણી ભીતર બેઠેલું આ પ્રેમતત્ત્વ વધુ ને વધુ ઝળહળી ઊઠે, વધુ ને વધુ સક્રિય, તત્પર અને સાચું બનતું જાય તે જરૂરી છે.

## સંકુચિતતામાં સબડવું છોડીએ

કહેવાયું છે કે સઘળાં અનિષ્ટોનું મૂળ છે – સ્વાર્થી વૃત્તિ. હવે કોઈ એક જ વૃત્તિ અનિષ્ટ તત્ત્વોનું મૂળ હોઈ શકે તો તો એ કથનમાં જગતનો સાર મળી જાય. પણ એ કથન સાચું છે કે નહીં તે આપણે પછી તપાસીએ, પણ આટલી વાત તો ચોક્કસ છે કે જે માણસ પોતાની સાંકડી દુનિયા છોડીને બહાર નથી નીકળી શકતો તે જીવનનાં અનેક સૌન્દર્યોને ગુમાવે છે, એટલું જ નહીં પોતાને જે પામવું છે તે પણ પામી શકતો નથી. કુદરતનો એક નિયમ છે કે જે ચીજ વપરાશમાં નથી આવતી, તે ઉત્તરોત્તર ક્ષીણ થાય છે. એ જ રીતે જે વ્યક્તિ કોઈના ખપમાં નથી આવતી, માનવજાતિને પોતાના તરફથી કશો જ ફાળો નથી આપતી, જે કેવળ પોતાનાં જ સુખદુઃખની ફેરફૂદરડી ફર્યા કરે છે તે આમેય સંકુચિત તો છે જ, પણ આ રીતે વર્તવાને લીધે ઉત્તરોત્તર વધુ ને વધુ વામણી થતી જાય છે અને એની અંદર રહેલા માનવીય ગુણો પણ ધીમે ધીમે ક્ષીણ થતા જાય છે. જ્યારે બીજી

બાજુ, જે વ્યક્તિ સતત બીજાનો વિચાર કરે છે, પોતે બીજાને કેવી રીતે ખપમાં આવે તે માટે પ્રયત્નશીલ રહે છે, સેવા, મદદ, દયા દાખવતી રહે છે તેનો સ્વભાવ ઉત્તરોત્તર વધુ ને વધુ માયાળુ, દરિયાવ દિલ, પ્રેમાળ, સહાનુભૂતિભર્યો, આનંદી અને પ્રસન્ન બનતો જાય છે અને એનું જીવન પણ સમૃદ્ધ, સંયમી અને સુંદર બનતું જાય છે. આનું એક માત્ર કારણ આટલું જ કે પોતાના જીવનના સાંકડા સીમાડા છોડીને એક વિશાળ પરિસરમાં એણે પગ મૂકી દીધો છે અને સેંકડો, હજારો અરે, અસંખ્ય લોકોના જીવનનો એ એક ભાગ બની ગઈ છે. હવે એ કેવળ પોતાના સાડા ત્રણ હાથના દેહમાં જ નથી જીવતી, હજારો માણસોના જીવનમાં એક વિરાટ વ્યક્તિત્વમાં એ જીવે છે. કોઈ પણ એક વ્યક્તિનું સુખ, આનંદ, સફળતા તે આની સફળતા બની જાય છે, પરિણામે આનંદ અનેકગણો વધી જાય છે. અને આમ એ લોકોમાં મૂઠી ઊંચેરો માનવી બની જાય છે.

આનું કારણ એ છે કે જીવનનો એક મૂળભૂત સિદ્ધાંત છે કે તમારા હૃદયમાંથી પ્રેમના સાગરને વહેવા દો અને તમને સામે એવો જ પ્રેમનો દરિયો સાંપડશે. પ્રેમ આપશો તો વળતરમાં હૃદયની સમૃદ્ધિ સાંપડશે; પ્રેમ આપશો તો આત્મશક્તિનું ભાન થશે; પ્રેમ આપશો તો જીવનમાં સભરતા, સંપન્નતા અનુભવાશે. જીવન શક્તિસંપન્ન, સ્વસ્થ, સમૃદ્ધ, પ્રસન્ન અને સભર બનશે. હવે ધીરે ધીરે જગતને પ્રતીતિ થવા લાગી છે કે પ્રેમ એ કોઈ અચોક્કસ

લાગણી હોવાને બદલે એક સત્ત્વશીલ, પ્રાણવાન, જીવંત ઊર્જા છે. જેવી રીતે વીજળીમાં ઊર્જા છે એ રીતે જુદા પ્રકારે પ્રેમમાં પણ એક તાકાત છે. એ જ રીતે આપણે સાંભળીએ છીએ કે વિચારોમાં પણ અપાર શક્તિ પડેલી છે. વિશ્વની સૌથી વધુ ચેતનવંતી અને સત્ત્વશીલ શક્તિ વિચારોમાં છે. જેના વ્યક્તિત્વમાં વિચારોનું પ્રભુત્વ છે તેની પ્રતિભા જ બદલાઈ જાય છે. વિચાર કેવળ વિચારના સ્વરૂપમાં રહેતો નથી. વિચારસેવનમાંથી આચાર જાગે છે અને પછી તે આચરણ એક તાકાત બનીને બીજાના જીવનમાં સંક્રાંત થાય છે. વિચારમાં પરિવર્તન કરવાની ક્ષમતા પડી છે. વિચારો જ્યારે ચિત્તમાં પ્રવેશે છે, ત્યારે ચિત્તની કેટલી ગ્રહણશીલતા છે, લાગણીઓની કેટલી ઉત્કટતા અને ગુણવત્તા છે, તે પર પરિવર્તનનો આધાર છે.

આજે વિજ્ઞાન મનુષ્યના મન વિષે તથા મનની શરીર પર થતી અસરો વિષે સંશોધન કરી રહ્યું છે અને પ્રયોગોને પરિણામે તેણે શોધ્યું છે કે પ્રત્યેક વિચાર અને લાગણી પોતપોતાની આગવી રીતે માણસના ચિત્ત પર અસર કરે છે. દરેક વિચાર અને લાગણીનો પોતાનો વિશિષ્ટ પ્રભાવ હોય છે. આ વિચાર અને લાગણી ઉદાત્ત પ્રકારનાં પણ હોઈ શકે અને હલકા પ્રકારનાં પણ હોઈ શકે

### હલકી કોટિના વિકારોની માઠી અસરો

હલકી કોટિની વૃત્તિઓમાં ક્રોધ, ઘૃણા, અદેખાઈ, વેરઝેર વગેરે તપાસીએ. આ બધી વૃત્તિઓ જ્યારે તીવ્ર

બને છે ત્યારે માનવશરીરની અંદર કોઈક ઝેરી પદાર્થ ઉપજાવે છે, જે શરીરના તંદુરસ્ત અને પ્રાણદાયક સ્રાવોને પણ ઝેરીલા અને ઘાતક બનાવી મૂકે છે. દાખલા તરીકે, કોઈનામાં એક પળભર પણ કામનો કે ક્રોધનો આવેગ જાગ્યો, તો શરીરમાં એક તોફાન જાગે છે જે આંતરિક સ્રાવો પર માઠી અસર પહોંચાડે છે. ધીરે ધીરે આવા આવેગોનાં આક્રમણ વધતાં રહે તો શરીર રોગોનું ઘર બને છે.

ભવિષ્યમાં કદાચ આપણને ખબર પડશે કે શરીરના તમામ રોગોનું મૂળ આવા માનસિક વિકારોમાં પડેલું છે. ક્રોધ, ઘૃણા, ભય, ચિંતા, ઇર્ષ્યા, લોભ, મોહ જેવાં વિવિધ વલણોની ઝેરી અસર આપણે તપાસી શકીશું અને જે-તે રોગ સાથેના એના સીધા સંબંધને પણ સમજી શકીશું.

## સદ્‌ગુણો દ્વારા કલ્યાણપ્રાપ્તિ

આ જ રીતે ઉદાત્ત વૃત્તિઓને તપાસીએ. પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, દયા, પ્રસન્નતા વગેરે વૃત્તિઓ સહજ છે, કુદરતી છે. આ વૃત્તિઓ રોજિંદી ટેવ બની જાય તો તેની જીવન પર અદ્‌ભુત અસર થશે. જીવન જાણે પાંખાળો ઘોડો બની જશે. સ્વસ્થ, પ્રસન્ન, નિર્મળ, ચેતનવંતું ધબકતું જીવન! પેલી હલકી વૃત્તિઓ કરતાં સાવ વિપરીત જ જીવન જોઈ લો! આ વલણો વધતાં જ રહે, આવી વૃત્તિઓ જોર કરતી જ રહે તો શરીરની નકારાત્મક અસરો ભૂંસાની જશે. ચહેરા પર અને અન્ય અંગોપાંગમાં પરમ

સૌંદર્યની, ચારુતાની, લાવણ્યની એક અનોખી આભા છવાઈ જશે અને અનોખી શક્તિનો અનુભવ થશે. આ તો પોતાના શરીર પરની અસરની વાત, પણ એની અસર બીજા લોકો પર પણ થશે.

## વિચારોના વહેણની પ્રબળ અસરો

આપણા મગજમાં ચાલતા વિચાર-વ્યાપારની અસર આપણી ચોમેર ફેલાય છે, તેને પરિણામે એક વાતાવરણ સર્જાય છે અને એ વાતાવરણની પરિધિમાં જે કોઈ દાખલ થાય છે, તે સૌ પર તેની વત્તીઓછી અસર થાય છે. ભલે આ વિચારો અને આ વલણો એના એ સ્વરૂપમાં અને એની એ માત્રામાં બીજી વ્યક્તિ સુધી ના પહોંચે, પણ તેમ છતાંય એનો પ્રભાવ તો સામેના ચિત્ત પર પડે જ છે. વિચારનો મૂળ પ્રણેતા જેટલો વધારે ઉત્કટ અને સંવેદનશીલ હશે અને એણે સર્જેલા વાતાવરણમાં પ્રવેશેલી વ્યક્તિ જેટલી વધુ ઉત્કટ અને સંવેદનશીલ હશે તે પ્રમાણે વિચારો ઝીલાશે. સંભવ છે કે મૂળ વિચારોનું સો એ સો ટકાવાળું અખંડિત સ્વરૂપ પણ ઝીલાઈ શકે. આના જ અનુસંધાનમાં આપણને એક તથ્ય જડી આવે છે કે જગતમાં કશું જ એવું ગુપ્ત રહી શકતું નથી, જે પ્રગટ ન થાય.

આ તો સીધું ગણિત છે. ઘૃણા અને વેરઝેર જેવા હલકા વિચારોના પ્રવાહ વહેતા હશે, તો સામે પણ તેવા જ પ્રવાહ સર્જાશે અને એની વિપરીત અસર મૂળ ચિત્ત પર

પણ થશે. આમ સરવાળે બીજાને તો નુકસાન થાય તે થાય, પણ પોતાને પણ નુકસાન વેઠવાનો વારો આવે અને પરિણામે સોદો મોંઘો થઈ પડે, લેવાને બદલે દેવાનો વારો આવે અને અંતે સર્વનાશ નોતરવો પડે.

એના કરતાં સદ્‌વૃત્તિઓના પ્રવાહને વહેતો મૂકી દીધો હશે તો પોતાને તો લાભ થશે જ, પણ એના પરિણામે બીજામાં પણ એ સદ્‌વૃત્તિઓ જાગશે અને તેનું વળતું પરિણામ આપણા ઉપર પણ થશે. એટલે પોતાના સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તોપણ સદ્‌ગુણોને કેળવવાનું વલણ જ વધારે લાભદાયી અને કલ્યાણકારી છે. સામેની વ્યક્તિ તરફથી આવતો પ્રવાહ એ તો આપણે જ વહેવડાવેલા પ્રવાહનું પ્રતિબિંબ હશે.

એટલે જ આખું જગત આપણને ચાહે તેવું ઇચ્છતા હોઈએ તો પહેલાં આપણે જગતને ચાહવાનું શરૂ કરવું પડશે—આ એક નર્યું વૈજ્ઞાનિક તથ્ય છે. શા માટે કુદરતી રીતે જ, અંતઃપ્રેરણાથી જ બધા લોકો સ્વાર્થી, હલકટ, નીચ માણસને અવગણે છે અને પ્રેમાળ, દયાળુ, ત્યાગી અને બહાદુર માણસને ચાહે છે અને તેના સાંનિધ્યને સતત ઝંખે છે ? આના કારણમાં આપણે ઊંડા ઊતરીએ અને તેના ઊંડાણને અને વૈજ્ઞાનિકતાને ચકાસીએ.

વ્યક્તિગત આકર્ષણ, જાદૂઈ અસર અંગે ઘણું બધું કહેવાયું છે, પણ એના અંગે આપણે હજુ ઊંડી સમજ કેળવી નથી. આ અદ્‌ભુત લોહચુંબકીય ખેંચાણ, અવશ

કરી નાખતું આકર્ષણ શેમાંથી ઉદ્ભવે છે ? વિશાળ, પ્રેમાળ અને સહાનુભૂતિભર્યા દરિયાવ દિલના માણસે મોકલેલાં આ સ્પંદનો છે એમાં કશી જ શંકા નથી. આપણને કોઈ ખરાબ, દુરાશયી, હલકટ, સ્વાર્થી માણસ પ્રત્યે આવું અદમ્ય આકર્ષણ અનુભવાયું છે ? હું કહીશ કે **કદાપિ નહિ,** જ્યારે સદ્ગુણી મનુષ્ય આપણને સદૈવ ખેંચતો રહે છે.

શા માટે ? એક જ કારણ. પ્રેમની આ અગાધ અદ્ભુત શક્તિ સામે કશું બીજું ટકી શકે જ નહીં. કોઈ મનુષ્ય મારી પ્રત્યે દુશ્મનાવટ રાખતું હોય તો તેમાં મારો દોષ નથી, પણ પ્રેમની આ તાકાત જાણ્યા પછી કોઈક મારો દુશ્મન બની રહે, તો તેમાં હું જ ગુનેગાર છું. કોઈ મારો દુશ્મન હોઈ જ શકે કેવી રીતે ?. હું એને દુશ્મન તરીકે સ્વીકારું તો ને ? ભલેને એ ગમે તેવા વિચારો મારા માટે સેવે, પણ જો હું એને માટે પ્રેમ, હમદર્દી અને બંધુતાના ભાવો કેળવતો રહીશ તો જરૂર એનો પડઘો સામેના હૃદયમાં ઝીલાશે. મારી સચ્ચાઈની એના હૃદયમાં પ્રતીતિ જાગતાં થોડો સમય લાગશે. તે દરમિયાન હું એવી તકની શોધમાં રહીશ કે જરૂર પડે તો થોડું ગજા બહાર જઈને પણ એના પ્રત્યે કોઈ સહાનુભૂતિભર્યું સદ્વર્તન આચરીશ. આની સામે કોઈ દુરિત તત્ત્વો ખડાં રહી શકશે નહીં અને થોડા જ સમયમાં હું અનુભવીશ કે ગઈ કાલે જે મારો કટ્ટર દુશ્મન હતો, તે આજે જિગરજાન દોસ્ત બની ગયો છે. કદાચ એ મારો મજબૂત ટેકેદાર પણ

બની જાય. કટ્ટર દુશ્મનને પ્રેમનો અદ્‌ભુત કીમિયો દાખવીને જે પરમમિત્ર બનાવે તે જ શાણો માણસ છે.

ઈશુએ પણ જ્યારે કહ્યું કે તને જે ધિક્કારે તેને પણ તું પ્રેમ કર. દુશ્મનને પણ પ્રેમ કરવાની વાતનો અર્થ પણ આ જ થાય છે ને? સામેની વિરોધી વૃત્તિને પીગળાવી દેવાની છે. પ્રેમના અગ્નિ પાસે એ ટકી જ ના શકે. દુશ્મનીભાવને પીગળાવી દઈ સૌને મિત્ર બનાવવાના છે.

અંતરના સદ્‌ભાવમાં પક્ષી કરતાંય વધારે તેજ ગતિ પડેલી છે, સદ્‌ભાવ સામેના અંતરમાં સદ્‌ભાવ જ જગાડે, આ વિશ્વનો નિયમ છે. તમે જેવું વિચારશો તેવું જ તમે પામશો.

અંતને આરે આવીને ઊભેલી આ સદીનું વિજ્ઞાન આજે આ જ શોધ કરી રહ્યું છે. પ્રાચીન કાળથી પ્રતિભા-સંપન્ન ઋષિ, દ્દષ્ટા એવા યુગપુરુષોએ પોતાના ઉપદેશની આધારશિલા સમા જે સિદ્ધાંતો રજૂ કર્યા તેની વૈજ્ઞાનિકતા સિદ્ધ કરી રહ્યું છે. આ મહાનુભાવોએ એમના પોતાના જીવનમાં આ સિદ્ધાંતોને મૂર્તિમંત કર્યા. પોતાના આચરણ દ્વારા આ સિદ્ધાંતોની સંભાવનાને સત્ય કરી દેખાડી અને કોઈક વૈજ્ઞાનિકને જે પામતાં જિંદગીનાં વર્ષોનાં વર્ષો આપવાં પડે, કદાચ એક નહીં, અનેક વૈજ્ઞાનિકોને પોતાની અનેક જિન્દગી સંશોધનમાં આપવી પડે અને છતાંય જે રહસ્ય છતું ન થાય અને સાકાર ન થાય તેવાં રહસ્યો આ યુગ-પુરુષો દ્વારા કેવળ અંતઃપ્રેરણાના સંસ્પર્શ દ્વારા જ આ જગત સમક્ષ ખુલ્લાં થઈ શક્યાં છે, તે આપણા સૌનું સદ્‌ભાગ્ય છે.

□

## [ ૨ ]
## સિદ્ધાંતનું અમલીકરણ

કીર્તિ શોધી રહ્યો છે, ભાઈ?
જીવન તારું વહી ચાલ્યું પૂર વેગે
કેવળ કીર્તિ અને વળી નર્યો સ્વાર્થ
તેમાં નહીં પામી શકે તું સાચી ફોરમ
જાતને ભૂલેલાં જનો, જાણે પરમસત્યને
સમર્પે જે જીવન, પામે પરમયશને
જનસેવામાં જીવન વિલોપી, અઃરેકા તેજે
ઝળહળવા દે, જીવન-કીર્તિ-કળશને...

### શબ્દોના સ્વામીત્વ માટે જીવનના સ્વામી બનવું પડે

કોઈક એકાદ ક્ષેત્રમાં અસાધારણ સફળતા મેળવીને કીર્તિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી સુખ, સંતોષની લાગણી અનુભવવાની તમારી મહત્ત્વાકાંક્ષા છે? દાખલા તરીકે, વક્તૃત્વના ક્ષેત્રમાં કુશળતા મેળવીને મહાન પ્રવક્તા થઈને હજારોની મેદનીને ડોલાવી મૂકવાની, તેમનાં મુખમાંથી વાહવાહનાં ભારોભાર વખાણ વરસી પડે તેવી ઝંખના છે? તો આટલી વાત સમજી લો કે જેમના જીવનમાં કોઈ

ઉદાત્ત હેતુ નથી, જીવનનું કોઈ ઊંચું ધ્યેય નથી, સેવા-કાર્ય નથી, તેમની વાણીમાં કદાપિ જોર આવતું જ નથી. તમે ભલે ને ગમે તેટલી શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ ખૂંદી વળો, ખાસ વક્તૃત્વકળા શીખવનારી સંસ્થાઓમાં ફરી વળો, બીજા દેશોમાં પણ જઈ ને શીખી આવો. તમારા વાળ પાકી જશે પણ ખાલી વક્તૃત્વકળા શીખી લેવાથી તમે પ્રભાવકારી વક્તા કદી નહીં બની શકો. તમે ટોળેટોળાંને સાથે લઈ ફરનારા નેતા બની શકો અને તેમાંય જો તમે વળી અહંકેન્દ્રી હશો તો તો જરૂર સારા ભાષણખોર બની લોકપ્રિય નેતા બની શકશો; કારણ કે આવા ખુશામતિયા, ભાષણખોર નેતાની વ્યાખ્યા જ આ છે—આવા નેતા કરતાં વધારે તુચ્છ પ્રાણી શોધવું વધારે મુશ્કેલ થઈ પડે. જેટલો એ વધારે ભાષણિયો તેટલો તે વધારે ક્ષુદ્ર. બાકી જીવનનો કોઈ ઉદાત્ત ઉદ્દેશ ના હોય, કોઈ સિદ્ધાન્ત ના હોય, મૂલ્ય ના હોય તો તમે કદી મહાન વ્યાખ્યાતા ન બની શકો.

માનવજાતિના ઇતિહાસનાં પાનાં ઉથલાવશો તો આ હકીકત તમને તરત સમજાઈ જશે. પ્રત્યેક મહાન પુરુષની જીવનગાથામાં કોઈક એક મહાન ઉદ્દેશ્ય, ઉદાત્ત હેતુ, સેવાનું કોઈ પરમકાર્ય વણાઈ ગયેલું જોવા મળે છે.

જે માણસ પોતાના સ્વાર્થના કુંડાળામાંથી બહાર જ ના નીકળી શકે, તેની ક્ષિતિજો પણ સાંકડી જ હોવાની. જ્યારે જેનું જીવન સેવામય અને સમર્પક છે, તેના સીમાડા તો અનેક વણખૂંદી ક્ષિતિજોને જઈ ને અડે છે, એનું વ્યક્તિત્વ જ વિશ્વ જેટલું વિરાટ થઈ જાય છે,

પરિણામે તેના શબ્દોમાં એક અસાધારણ સામર્થ્ય પેદા થઈ જાય છે. એના શબ્દોને જાણે પાંખ મળી જાય છે અને સાક્ષાત્ પ્રકૃતિ એની સામે ખડી થઈ જાય છે અને એનામાં પોતાના ધ્યેયને પહોંચી વળવા અપૂર્વ જોશ પૂરે છે. એને પરિણામે એની શુભ વાણી હજારો લોકો સુધી હૈયા સોંસરવી ઊંડી ઊતરી જાય છે અને તેમના જીવનમાં ક્રાંતિ સર્જે છે. હકીકતમાં સાચો પ્રવક્તા તો એને જ કહેવાય જે શ્રોતાઓનાં હૃદયના ગભારા સુધી જીવનનાં શાશ્વત અને સનાતન સાર્વભૌમ સત્યોને પહોંચાડે, એમનામાં મનોમંથન જગાવે અને આ બધાંને પરિણામે અંતે જીવનને કોઈક ચોક્કસ વળાંક આપે. કેવળ શબ્દોની આતશબાજી એ તે કાંઈ પ્રવચન કહેવાય ?

## કથનીને કરણીનું પીઠબળ જોઈએ

વેબ્સ્ટરે આ મર્મને પકડી લીધો હતો. એટલે વક્તૃત્વ અંગે વિવેચન કરતાં એ કહે છે કે, વાણીનું સાચું પ્રભુત્વ શબ્દો દ્વારા નથી આવતું; શબ્દો કદીય વક્તૃત્વનો આત્મા ના હોઈ શકે. ચહેરા પરના હાવભાવ, જુદા જુદા અભિનય દર્શાવતી અદા, ગળગળો થઈ જતો સાદ, આ બધું શ્રોતાઓને આકર્ષી શકે, પણ તે કાંઈ હૃદય સુધી પહોંચી ના શકે. આલંકારિક ભાષા, મોટા મોટા શબ્દોની ગૂંથણીથી બંધાતી જાળથી માણસો લાંબા સમય સુધી મુગ્ધ રહી શકતા નથી. લોકો તો શબ્દો પાછળનું જીવન જુએ છે. કરણી અને કથની વચ્ચેનો ભેદ લોકો ઝાઝો સમય સાંખી

શકતા નથી. જેમનું જીવન એક દિશામાં અને વાણી બીજી દિશામાં, તેઓનું આ પોલંપોલ ધ્યાનમાં આવી જતાં લોકોના મન પરથી તેઓ તરત જ ઊતરી જાય છે. હકીકતમાં જે બોલે છે તે શબ્દો નથી બોલતા, જીવનનું આચરણ બોલે છે, હૃદયની દેશભક્તિ બોલે છે, ત્યાગ બોલે છે. સૂરજના પ્રકાશ સમી સ્પષ્ટ વિચારસરણી, વિતંડાવાદ કે તર્કબાજી પર નહીં, પરંતુ બુદ્ધિનિષ્ઠા પર થતી માંડણી, ઉદાત્ત હેતુ માટેની આત્મનિષ્ઠા, અડગ સંકલ્પ, અચળ જોશ શબ્દોમાં શક્તિના દરિયા પૂરે છે, આંખોમાં અનેરો પ્રકાશ પ્રગટાવે છે અને સામે ઊભેલા મનુષ્યને આખો ને આખો હલબલાવી મૂકે છે અને પોતાના ધ્યેય સમક્ષ લાવીને મૂકી દે છે. આ છે વાણીનો જાદુ !'—વેબ્સ્ટરે 'આત્મ-સમર્પણ, દેશપ્રેમ, ઉદાત્ત ધ્યેય'—શબ્દો વાપર્યા છે. સ્વાર્થી માણસો પાસે તો આ બધાંની આશા જ ક્યાં રાખવાની ?

વક્તૃત્વકળાની દૃષ્ટિએ શુદ્ધ ઉચ્ચારણો, ભાષા પરનું પ્રભુત્વ, શૈલીનું વૈવિધ્ય, જે-તે ભાવને અનુસરતો અવાજ આ બધાંનું મહત્ત્વ છે. મૂળ સત્ત્વ હોય તો આ બધા ગુણો એ ઉમેરણીનું કામ કરી શકે. પણ જો પેલો એકડો જ ના હોય તો આ બધાની કિંમત મોટું મીડું બની રહે. એકડાની સાથે આ બધું આવે તો તે એકડાની કિંમત વધારી શકે.

## રાજ્ય-કારણ એટલે સ્વાર્થ તજવાની વાત

તમારી ઇચ્છા રાજનીતિજ્ઞ બનવાની છે? તમે રાજ-કારણમાં પડવા માંગો છો? તો પછી એમાં રહેલા પૂર્વાર્ધને જ ઓળખો. આ છે રાજ–કારણ. જે માણસ રાજ્યને, સમાજને પોતાનું કારણ, પોતાનો હેતુ, પોતાનું સેવાક્ષેત્ર બનાવવા માગે છે તેનું નામ છે રાજકારણી પુરુષ. કોઈ રાજ્યની સેવા પાછળ પોતાનું જીવન ખર્ચી નાંખવું અને પોતાના દેશબંધુઓ માટે પોતાનું જીવન ખર્ચી નાંખવું એ હકીકતમાં એક જ ચીજ છે, કારણ કે રાજ્ય એ સમસ્ત નાગરિકોની બનેલી જ એક સંસ્થા છે. આવી સંસ્થાની સેવાને વરેલો માણસ કદીય પોતાના સંકુચિત વ્યક્તિગત સ્વાર્થ માટે હજારો લોકોનું અહિત કરી જ ના શકે. અને જો તે એવું કરે તો તે કદીય રાજદ્વારી કહેવાય જ નહીં, કારણ કે રાજકારણમાં તો સૌથી વધારે ભોગ આપવાની વાત છે.

દુનિયામાં જે મહાન રાજનીતિજ્ઞો થઈ ગયા અને આજે પણ જેઓ હયાત છે તેમના તરફ દૃષ્ટિપાત કરીશું તો સમજાશે કે એ દરેકે પોતાનું જીવન આ જ સિદ્ધાંત પર રચ્યું છે. ભૂતકાળમાં પણ જે મહાન રાજપુરુષો થઈ ગયા, તેમણે જો વ્યાપક લોકસેવા તરફ વધારે ધ્યાન આપ્યું હોત, પોતાનું પ્રમુખપદ કે બીજી–ત્રીજી સત્તા તરફ ઉપેક્ષા સેવી હોત તો તેઓ આજે જેટલા મહાન અંકાયા તેના કરતાં વધારે મહાન લેખાત. પ્રમુખપદ કે વડાપ્રધાનપદ

મેળવીને કે એ માટેની પોતાની આતુર બાલિશ ઈચ્છા આગળ ધરીને તેમણે પોતાને વામણા જ જાહેર કર્યા છે. આપણી લોકસભામાં આવી વ્યક્તિ કો'ક વિરલ જ સાંપડે એમ છે, જેણે લોકકલ્યાણને જ પોતાની કારકીર્દિનો ઉદ્દેશ્ય ગણ્યો હોય અને એ રીતે પોતે રાજદ્વારી વ્યક્તિ હોવાનું સાર્થક કર્યું હોય.

આપણા દેશની આજે કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે આ જ છે કે આજે આપણી પાસે કોઈ રાજદ્વારી વ્યક્તિઓ જ નથી. હા, સ્વાર્થી, સત્તાલોભી, ખટપટિયા રાજકારણમાં પડેલા લોકોનું મોટું ટોળું જરૂર છે, પણ એમાં 'રાજનીતિજ્ઞ', 'રાજદ્વારી' કે રાજપુરુષ કહેવાય તેવું ભાગ્યે જ કોઈ રડ્યુંખડ્યું મળે તેમ છે. રાજનીતિમાં આ બધા પડ્યા છે તેમ કહેવાય છે, પણ તેમને અને નીતિને જાણે કોઈ લેવાદેવા નથી. જાહેરજીવનમાં પડેલા હજારો લોકોને આજે જેમના પ્રતિનિધિ તરીકે પોતે ચૂંટાઈને જાય છે તેમનાં સુખ અને કલ્યાણની કશી જ પડી નથી. તેઓ તો ત્યાં જાણે પોતાનો જ સ્વાર્થ સાધવા પહોંચ્યા હોય છે. માત્ર કેન્દ્રમાં જ નહીં, આપણી સ્થાનિક પંચાયતો, નગરપાલિકાઓમાં પણ આ જ સ્થિતિ છે. જે બાબતોના નિર્ણય લોકોની સગવડ અને લોકોનાં હિત ધ્યાનમાં રાખીને કરવાના હોય છે, તેના નિર્ણય વ્યક્તિગત સ્વાર્થના ધોરણે લેવાતા હોય છે. હકીકતમાં તો આવાં સ્થાન પર એવી જ વ્યક્તિઓ હોવી જોઈએ જેમના હૃદયમાં

લોકોનું હિત સર્વોપરી હોય, જે લોકસ્વાર્થ સામે પોતાના વ્યક્તિગત સ્વાર્થને ગૌણ સમજતી હોય. પણ આજે સર્વત્ર આ પરિસ્થિતિ છે. પણ સત્ય વહેલું-મોડું જરૂર આગળ આવશે અને લોકો જરૂર સમજશે કે પ્રામાણિક, નિષ્ઠાવાન અને સેવાભાવી વ્યક્તિઓની સામે આવા સ્વાર્થી, સત્તા-કાંક્ષી, લોભી રાજકારણીઓ ઝાઝું ટકી શકશે નહીં. જે સત્ય છે, સૌ માટે જે કલ્યાણપ્રદ છે એ જ સર્વશક્તિમાન છે. અને છેવટે તો એનો જ વિજય થવાનો છે. સત્ય કદી ઢાંક્યું રહી શકે નહીં. માનવસંસ્કૃતિ આ બાબતની સાખ પૂરે છે.

આપણી સઘળી જાહેર સંસ્થાઓમાં આપણે એવા માણસો મોકલીએ, જેમનામાં માનવજાતિ માટે પ્રેમ છે, સેવા એ જ જેમના જીવનનો પ્રાણવાયુ છે. રાજનીતિજ્ઞ કે રાજદ્વારી હોવું તે તો ખૂબ મોટી ચીજ છે, પણ આજે આ શબ્દ વગોવાઈ ગયો છે. સ્વાર્થી માણસોનાં કરતૂતે આ શબ્દના ગૌરવને લાંછન લગાડ્યું છે. સંકુચિત રાજ-કારણના કાવાદાવામાં મશગુલ લોકો સાચી રાજનીતિ સુધી પહોંચી શકતા જ નથી. એટલે આવા સંકુચિત, સ્વાર્થી, સત્તાલાલસાના મોહચક્રમાં ફસાયેલા લોકોને રાજકારણીનું નામ આપીને એ શબ્દ અભડાવશો નહીં. સાચા રાજપુરુષો સામાજિક ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો એક નાગરિક બનીને પ્રવેશ કરશે, પોતાની ખીચડી રાંધી લઈ સત્તા સ્થિર કરી લેવાના સ્વાર્થી હેતુસર પ્રવેશ નહીં કરે.

## ધર્મપ્રચાર માટે ધર્મને ધારણ કરવો પડે

એક મહાન પ્રશિક્ષક થવાની તમારી મહત્ત્વાકાંક્ષા છે ? જે સારો શિક્ષક હોય તે જ સારો લોકશિક્ષક, પ્રશિક્ષક બની શકે. પૃથ્વી પર જે મહાન આચાર્યો થઈ ગયા, તે સૌએ સમસ્ત લોકો સામે પોતાના જીવનને ગૌણ ગણ્યું, આત્મસમર્પણ અને લોકકલ્યાણનાં કાર્યોમાં જ પોતાની જાતને ઓગાળી દીધી. તેઓ ન તો કીર્તિ પાછળ પડ્યા, ન ખોટા વાદવિવાદ કે વિતંડાવાદમાં ગૂંથાયા કે ન શાસ્ત્રચર્ચામાં કે ન પોતાના જ સત્યને સ્થાપિત કરવાના પ્રયાસોમાં મશગુલ રહ્યા. સાચો આચાર્ય કદી જડ, હઠાગ્રહી ના હોઈ શકે. એક બાજુ પ્રભુનાં સંતાનો રોટીના ટુકડા માટે વલખાં મારતાં હોય ત્યારે નરી શાસ્ત્રચર્ચા અને વિતંડાવાદ કરનારા લોકો માટે જનતામાં ઘૃણા સિવાય બીજો કોઈ ભાવ જાગી શકે નહીં. આવા લોકો માનવજાતને કશા ઉપયોગી નથી એ વાત હવે સમજાતી જાય છે અને એવો દિવસ જલદી આવશે, જ્યારે લોકો આવા માણસોને સાંખી પણ નહીં લે.

પૃથ્વી પર આવા માણસો હોય છે, એને લીધે સાચા ધર્મની સ્થાપના થતી નથી. આજે દરેક બાબતમાં ખોટ વર્તાતી હોય તો તે ખોટ છે સાચા માણસોની. સચ્ચાઈ અને સંનિષ્ઠામાંથી જ પ્રાણ સંચાર થાય છે, શક્તિ અનુભવાય છે. પરંતુ આજે 'સત્ય' એ તો જાણે કેવળ શબ્દ બનીને રહી ગયો છે. માણસના મનમાં ટોપલીમાંનાં ફળ

કરતાં ટોપલીનું મહત્ત્વ વધી પડ્યું છે. દરેક જણ જાણે પોતાના પંથના શબ્દોને વળગી રહ્યા છે, અંદરના આત્મા સામું જોવાની જાણે કોઈને ફુરસદ નથી. માણસો દ્વારા પ્રતિપાદિત આવા જડ સિદ્ધાંતોની ચર્ચા કરવા કરતાં તો રોજ મૌનમાં ચાલ્યા જવું વધારે ફાયદો કરે તેવું લાગે છે. પરમ ચૈતન્ય સાથે અનુસંધાન કેળવવા માટે આવા નર્યા શબ્દો કરતાં આવી મૌનસાધના કદાચ વધારે ઉપયોગી થશે. એમાંથી આપણને સાચી શક્તિ મળી રહેશે, બીજી કોઈ રીતે તે મળી શકે તેવું લાગતું નથી.

## મૂળ સ્રોત સુધી પહોંચીએ

એટલે આમતેમ ફાંફાં મારવાને બદલે, નાનાં નાનાં ખાબોચિયાંમાંથી આપણી જીવનપ્યાલીને ભરી દેવાને બદલે સીધા મૂળ સ્રોત તરફ જ જઈએ, ગંગોત્રી પાસે જ પહોંચી જઈએ, જ્યાં ઝળહળતા સૂરજનાં કિરણો ચોમેર ફેલાયેલાં છે. જે માણસ પોતાના પગે ચાલીને ત્યાં પહોંચશે, તેને એ પ્રકાશ મળવાનો જ છે. આમાં ઉધારી ધંધો ના ચાલે. કોઈ પ્રતિનિધિ મોકલીને પામી શકાય તેવી આ કોઈ ચીજ નથી.

## મૂળ ગંગોત્રીનું અનુસંધાન

માટે ભલે થોડા સમય માટે પણ મૌન અને ધ્યાનમાં પ્રવેશ કરો. દિવસભરમાં ભલે પા અડધો કલાક પણ મૌનના પ્રદેશમાં પ્રવેશ થશે, અને જીવનના મૂળ સ્રોત સાથે અનુસંધાન કેળવાશે તો મોટું કામ થશે. ચૈતન્ય માત્ર, શક્તિ

માત્રના તે મૂળ સ્રોત છે. આપણા સૌનું આ જે મૂળ ઉદ્ભવસ્થાન છે, તેનાં ચરણોમાં તમારી ઉત્કટમાં ઉત્કટ ઇચ્છાઓને ધરી દો. એક વખતે એના દરબારમાં તમારી અપેક્ષાઓ પહોંચી જશે તો તેની વહેલીમોડી પૂર્તિ જરૂર થશે. પછી જ્ઞાન, સત્ય, સામર્થ્ય વગેરે તમામ ચીજો તમારી સમક્ષ ખડી થઈ જશે. જરૂર કેવળ એક જ બાબતની છે કે તમે પ્રભુ સમક્ષ સન્મુખ થાઓ. અસંખ્ય અનુભવો બાદ નીકળેલું આ તારણ છે કે મૂળ શક્તિ પાસે પહોંચવાથી શક્તિસંચાર થાય છે, નિર્મળતા આવે છે અને હેતુઓ ઉદાત્ત બને છે. જો પૂરા હૃદયપૂર્વક આવી મૌનની સાધના કરવામાં આવે તો પંદર દિવસમાં જ આ અનુભૂતિ પામી શકાય.

દુનિયાના ઇતિહાસમાં થઈ ગયેલા સઘળા આચાર્યોએ આ જ રીતે શક્તિ પ્રાપ્ત કરી છે. રોજેરોજ જગતના વ્યવહારોમાંથી થોડાક સમય માટે પોતાની જાતને સદંતર અંદર ખેંચી લઈને, સર્વવ્યાપક, સર્વસમાવેશક તેવી વૈશ્વિક શક્તિ સાથે અનુસંધાન કરવા મૌનના પ્રદેશમાં ચાલ્યા જવું, આ તેમની નિત્યસાધના હતી. આ જ પદ્ધતિ દ્વારા આત્માની શક્તિ કેળવી શકાય તેમ છે. આવી આત્મશક્તિ ધરાવનારા માણસો દ્વારા જ જગતમાં ક્રાંતિ સર્જાય છે. આવી શક્તિ સામે દુનિયાની બીજી કોઈ શક્તિ ટકી શકતી નથી. ભાષા, પંથ, ધર્મ કે જ્ઞાતિના વાડામાંથી બહાર નીકળીને જગતભરની આવી વિભૂતિઓનાં જીવન

તપાસીશું તો સમજાય છે કે એમના જ જીવનમાં આવાં ત્યાગ, તપસ્યા, પ્રેમ, સમર્પણ અને જનસેવા પ્રગટયાં જેમણે મૌનનું શરણું લીધું.

## કૂવામાં હશે તો હવાડામાં આવશે

કોઈની મહત્ત્વાકાંક્ષા મહાન લેખક થવાની હોય. સારું છે. પણ તેમાંય આ વાત તો રહેવાની જ કે જગતને આપવા માટે તમારી પાસે કશું ઉદાત્ત નહીં હોય, જે તેમને વિકાસના પંથે દોરી જાય, તો સારું છે કે તમે હાથમાં કલમ જ ના ઉપાડો. કીર્તિ કે પૈસા માટે તમે લહિયા થશો તો તમારો શબ્દ કોઈ પાસે નહીં પહોંચે.

આખરે લેખકે જે કાંઈ લખવાનું છે તે તો તેના જીવનનો નિષ્કર્ષ, જીવનનો સાર, જીવનના અનુભવોનો નીચોડ અને જીવનનો હેતુ આલેખવાનો છે. પોતે જેટલો સભર હશે તેટલું જ તે લખી શકવાનો. પોતાનામાં જે નહીં હોય, તેના વિષે તો તે લખી શકવાનો નથી. પોતાની મર્યાદાઓને એ કયાંથી ઓળંગી શકવાનો ? એટલે લેખનનો હેતુ જો કીર્તિ કે પૈસો નહીં હોય તો એ જરૂર પોતાની મર્યાદાઓ અંગે વિચારશે. જગતને જેની જરૂર છે, તે ચીજ તેની પાસે છે અને તે જગત સમક્ષ મૂકવાથી લોકોને મદદરૂપ થશે તેવું લાગવાથી તે કાંઈક લખશે તો તેનો પડઘો જરૂર પડશે. જેના હૃદયમાં જગત માટે સાચી ખેવના હશે, તેની પાસે લોકો જરૂર પહોંચશે.

માનવજાતિ માટે જેમના હૃદયમાં લાગણી છે, તેમના માટે મનુષ્યજાતિએ હંમેશાં પોતાની લાગણીનો પડઘો પાડ્યો છે.

એક લેખિકાનું પહેલું જ પુસ્તક પ્રગટ થયું અને પછી તો એનાં ઘણાં પુસ્તકો લોકોએ પ્રેમપૂર્વક વાંચ્યાં. એ પુસ્તકોની લેખિકા કહે છે : "અઢી વર્ષ પહેલાં લખવાનું હું સ્વપ્ને પણ વિચારતી નહોતી. પણ દરમિયાન મારા મગજમાં અમુક વિચારોનું એવું ઘમસાણ ચાલતું રહ્યું કે પછી મારે તેમને શબ્દરૂપ આપવું જ પડ્યું." હવે આ લેખિકાએ યશ કે પૈસા મેળવવા હાથમાં કલમ નહોતી લીધી. એને થયું કે જગતને આપવા જેવું કાંઈક એના ચિત્તમાં ઊગી રહ્યું છે, અને એણે જગત સમક્ષ તે ખુલ્લું કર્યું. તો લોકોએ એ ઝીલ્યું, એમાં એમને પોતાની વાત કહેવાતી હોય તેવું લાગ્યું, અને એને જશ કે પૈસો નહોતાં જોઈતાં–એ બે ચીજોથી એ ઘણી મહાન હતી, તો પણ સામે ચાલીને એ બેઉ ચીજો એના બારણે જઈ ઊભી રહી.

આ વાંચો : "હું તો કેવળ સાહિત્યના પ્રેમ ખાતર લખું છું, નહીં કે સંપત્તિ કે પ્રતિષ્ઠા ખાતર. પૈસા મારી પાસે અઢળક છે અને પ્રતિષ્ઠાની તો મને લગીરે ખેવના નથી. આ વિશાળ જગતમાં મારી પ્રતિષ્ઠાનું શું મહત્ત્વ ? લેખનનો આનંદ એ જ મારા લેખનની ફળશ્રુતિ છે." જગતના તમામ મહાન લેખકોનું આ જ કહેવાનું હોય, તેવું મારું નિશ્ચિત માનવું છે.

એટલે માનવબંધુઓ ખાતર તમે તમારી જાતને ભૂલી જવા તૈયાર હો તો જ જગત પાસેથી તમે કશુંક મેળવી શકશો. આપણા એક સુપ્રસિદ્ધ અને અત્યંત સમર્થ સાહિત્યકાર કહે છે કે "હું જ્યારે સફેદ કાગળ પર કાળા અક્ષર પાડું છું ત્યારે મારા આત્માને તેમાં રેડું છું." એના હૃદયની લાગણીઓમાં બોળીને લખાયેલી વાણી હજારો હૃદય સુધી પહોંચી જાય છે. લોકહૃદયનાં બંધ બારણાં એના અંતરાત્માનો સાદ સાંભળતાં જ ખૂલી જાય છે. આવું થઈ શકે છે, કારણ કે તેના લેખનનો હેતુ વ્યાપક છે. પોતાના જીવનને વિસ્તારવા માટેની લગન છે એ લેખિનીમાં, ત્યારે જ તેને વાચકો તરફથી આટલો પ્રતિસાદ સાંપડી શકે છે.

હૃદયમાંથી જે ઊગ્યું હોય તે જ બીજાં હૃદય સુધી પહોંચે. કોઈ નિયમો વાંચી લઈને, વ્યાકરણના પાઠ શીખી લઈને થોડું આમતેમ ઢસળી મારવાથી લોકસાગર સુધી પહોંચી શકાય નહીં. સાહિત્યકારો એ જ મહાન થઈ શક્યા, જેમના અંતરમાં કોઈક સત્યની ચિનગારી પ્રગટ થઈ ઊઠી અને જગતના લાભાર્થે પછી તેની શબ્દો દ્વારા અભિવ્યક્તિ થઈ. માનવજાતને હૃદયપૂર્વક ચાહ્યા સિવાય કદીય સુંદર સાહિત્ય નિર્માણ થઈ શકે જ નહીં.

### આંતરિક તાદાત્મ્ય સિવાય અભિનેતા ન બનાય

મહાન અભિનેતા થવાની તમારી મહત્ત્વાકાંક્ષા છે ? આમાં પણ એ જ સિદ્ધાંત લાગુ પડશે. કેવળ અહંને

પોષવા, પોતાની જાતની દુનિયામાં વાહ વાહ થાય અને ઢગલો પૈસા મેળવીને સુખચેનપૂર્વક જીવન જીવવાની ઇચ્છા હશે તો તમે કદીય મહાનતા સિદ્ધ નહીં કરી શકો. સાચો અભિનય ત્યારે જ થઈ શકે, જ્યારે તમે જે-તે પાત્ર સાથે તદ્રુપતા અનુભવો. દુનિયાના જુદા જુદા પ્રકારના માણસો સાથે તમારું અંતરંગ એકાકાર નહીં થયું હોય તો તમે એનું પાત્ર ભજવી જ નહીં શકો સામાન્ય નાટકિયાવેડા કરવા એક ચીજ છે અને સોળે કળાએ ખીલતો અભિનય તે બીજી ચીજ છે. તમારી પોતાની જાતને સમૂળગી ભૂલી જઈને જે-તે પાત્રમાં સો ટકાનો કાયાપ્રવેશ થશે તો જ લોકોના હૃદયમાં તમે પ્રભાવ પાડી શકશો.

## જીવનનું સંગીત સર્જવા સંગીતકાર બનો

આવું જ છે સંગીતનું. મહાન સંગીતકાર થવાનું તમારું સ્વપ્ન હોય તો તમે તમારા સ્વાર્થ ખાતર ગાશો તો સંગીતની દુનિયામાં તમારો પ્રવેશ જ નહીં થાય. એને બદલે સંગીત દ્વારા મનની ભાવનાઓનું ઊર્ધ્વીકરણ કરવા માટે તમે લોકોને મદદરૂપ થઈ શકો તેમ છો, તેવી ભાવના અને શ્રદ્ધા સાથે તમે ગાશો તો સાચે જ તમારા હાથે ભારે મોટું કામ થશે. પછી તો કુદરત પણ તમને સાથ આપશે, તમારા પ્રયાસોમાં એ પૂરણ ભરશે અને તમને કોઈ અવનવી સૃષ્ટિમાં તમારું સંગીત લઈ જશે. પછી તમને યાદ નહીં રહે કે તમે તમારા માટે ગાતા

હતા. તમને પછી એ પણ જોવાની ઝંખના નહીં રહે કે સભાગૃહ તમને સાંભળવા ખીચોખીચ ભરાઈ ગયું કે નહીં.

## દેહને સજાવવામાં સાચું સુખ નથી

શું તમારી મહત્ત્વાકાંક્ષા કોઈક ફેશનેબલ યુવતી થઈને કેવળ મોજમઝા કરવાની છે? તો તમે ક્ષણભર થોભી જાઓ અને શાંત ચિત્તે વિચારો. હા, ફક્ત એક ક્ષણ માટે. જો તમારા અંતરમાં કેવળ આટલી તુચ્છ આકાંક્ષા હશે તો તો તમને તમારા જીવનમાં કદીય સુખ–સંતોષ નહીં સાંપડે; કારણ કે સુખ એ એવી ચીજ છે કે એને સીધું શોધવા જઈએ તો એ કદી સાંપડતું જ નથી. તદુપરાંત, દેખાદેખી અને ઉપલકિયા સ્તરનાં છબછબિયાંથી જીવનને ભરી મૂકવાથી જીવનનું સાચું સૌંદર્ય હણાય છે અને તમને તમારા આશયથી જ દૂર ધકેલી મૂકે છે. હકીકતમાં તો જીવનનું સાચું સૌન્દર્ય અને સાચું સુખ આત્મસમર્પણમાં અને બીજાને ખાતર જિંદગી જીવવામાં જ મળે છે. તમારા પોતાના જીવનમાં જેટલો બીજા લોકોનો પ્રવેશ થશે તેટલું તમારું જીવન વધુ ને વધુ સભર, મહાન અને ભવ્ય બનશે. તેમાં સુંદરતા અને સુખનો ઓપ પણ ચઢશે.

સેવામય જીવન નવી દિશાઓ ખોલશે, તમારા આંગણે અપૂર્વ ધન્યવાદો, માનસન્માન અને સાચાં સુખશાંતિ લાવશે. પછી પાછલા જીવન પર નજર નાંખશો તો સમજાશે કે પહેલાંનું જીવન કેટલું બધું શુષ્ક, ખાલીખમ, હેતુ વગરનું અને જાણે બોજો વેંઢારતા હોય તેવું હતું! આની પ્રતીતિ

થશે ત્યારે જ તમે તમારા નિર્ણયના ફેરફારોને વધાવી શકશો. કદાચ કોઈક કારણસર તમે હજુ વહેલી તકે તેમાંથી બહાર નીકળી જઈને જીવનનાં સાચાં સુખશાંતિ પામવા માટે કમર કસો. બીજાનો ખ્યાલ કરવાનું શીખીએ છીએ તો તેથી હૃદયમાં અનેરો આનંદ જ પેદા થાય છે. સ્ત્રીઓએ એમના કામમાં મદદરૂપ થતા નોકરચાકર તરફની દૃષ્ટિ બદલવી પડશે. દુનિયાની કોઈ પણ વ્યક્તિ તે તમારા સુખ–સગવડનું સાધન નથી. એનું પોતાનું જીવન પણ એક પવિત્ર જીવન છે, તેના તરફ આદર હોવો ઘટે અને શકય હોય તેટલું તેને માટે કરી છૂટવાની વૃત્તિ પેદા થવી જોઈએ.

### ધનને વહેવડાવવું સારું

ખૂબ બધા પૈસા કમાઈ લઈને જીવનમાં નામ, સુખ–સગવડ અને સંતોષ પામવા તમે ઇચ્છો છો ? તો આટલી વાત યાદ રાખો કે આ બધી પ્રાપ્તિનો આધાર તમે આ સંપત્તિ કેવી રીતે વાપરો છો તેના પર છે. તમે જો તમારી સંપત્તિને લોકોના સુખ માટે વાપરવાની લોકથાપણ સમજતા હશો તો તમને સંતોષ–શાંતિ જરૂર લાધશે; પરંતુ જો તમારા મનમાં સુખ–સંપત્તિને એકલપેટા થઈને ભોગવવાની વાંછના હશે તો એ સ્વાર્થ તમને આખા ને આખા ગળી જશે. નર્યો અસંતોષ, નર્યો અજંપો, નરી હતાશા સિવાય તમારા હાથમાં બીજું કશું નહીં આવે.

હકીકતમાં તો વસ્તુમાં પોતાનામાં તો કોઈ મહાનતા છે જ નહીં. એ વસ્તુના વિનિયોગ પર એના ગુણાવગુણ

ઊભા થાય છે, દુનિયાની સૌથી મોંઘેરી અને સાચેરી સાર્થકતા કોઈ હોય તો તે છે વિશ્વબંધુત્વ, જગત મટો મરી ફીટવાની ફનાગીરી.

હવે તમે જ મને કહો કે આખી જિન્દગી વૈતરું કરીને એટલું બધું ભેગું કરવું કે પોતાનું આખું કુટુંબ જિન્દગી આખી બેઠાબેઠ ખાતું રહે તોય ખૂટે નહિ અને છતાંય હજુ વધારે કમાવાની પાછળ ઝાંવા નાખતા રહેવું, વધારે ખર્ચાઈ ન જાય તે માટે હાથને હંમેશાં ખેંચેલા રાખવા, આ બધાનો શું અર્થ છે? છેવટે મૃત્યુ આવશે ત્યારે આમાંનું શું પોતાની સાથે જશે? કોઈ માણસ એકાદ ખેતરની વચ્ચે પડેલા લોખંડના ટુકડાને વળગીને પડ્યો રહે, એને છોડવા એ તૈયાર જ ન થાય, તો જીવનની બીજી કેટલીય સુંદર ચીજોને એ ગુમાવશે. એટલું જ નહીં, એ જ સ્થળે એ જ્યારે છેલ્લો શ્વાસ લેશે, ત્યારે પેલો ટુકડો તો એની સાથે નહીં જ જાય, એનો અંદરનો આત્મા પણ સાવ વામણો થઈને જશે. આ જ વાતને ધ્યાન-પૂર્વક જોઈએ તો લોખંડનો ટુકડો કે સોનાનો ટુકડો, મૂળભૂત રીતે બંનેમાં કશો ફેર પડતો નથી. કશી ભૌતિક ચીજ સાથે આવી શકતી નથી.

એક નિયમ છે કે જેનું આપણે સતત ચિંતન કરતા રહીએ તેવા આપણે થતા જઈએ. સદ્ગુણોનું સેવન થશે તો આપણે સદ્ગુણી થઈશું અને જો દુર્ગુણોનું ચિંતન થતું રહેશે તો આપણામાં અજાણે પણ ખરાબ ભાવો ઉમટતા

રહેશે. અરે, છબીની પણ આપણા ચિત્ત પર અસર થાય છે. તમારી નજર સામે કોઈ કંજૂસ લોભિયાનું ચિત્ર રાખો, થોડા વખતમાં તમે પણ એના જેવા થઈ જશો. આ કેવળ કુદરતી કાયદો છે. કોઈ એમ માને કે હું તો માલિક થઈને બધું ભોગવીશ, પણ દુર્ગુણોનો એ ગુલામ બનશે. સંપત્તિને એ ભોગવે, એને બદલે સંપત્તિ એને ભોગવે છે. મેં તો મારા જીવનમાં આવા સંખ્યાબંધ લોકો જોયા છે. તમે પણ ખુલ્લી નજરે જોશો તો અનેક લોકો આવા મળી આવશે.

## કીર્તિ સત્કર્મોની થાય

હમણાં બે–ત્રણ વર્ષ પહેલાં જ બે જાણીતા કરોડપતિ ગુજરી ગયા. એમાંના એકની જિંદગીભર એક જ ધૂન રહી કે ખૂબ પૈસા કમાઈને નામ રોશન કરવું. પૈસાની પાછળ એ એવો પડ્યો કે બીજું કશું એને સૂઝે જ નહીં. પૈસો એ જ પરમેશ્વર! નફાનું એને એવું ઘેલું લાગ્યું કે પોતે એનો ગુલામ થઈ ગયો. છેલ્લા શ્વાસ સુધી એ નફો કરવામાં જ કમર તોડતો રહ્યો અને છેવટે ખાલી હાથે પૃથ્વી પરથી વિદાય થયો. ગયો ત્યારે કેવળ એનો આત્મા એની સાથે હતો! અને આ આત્મા પણ કેવો ? સ્વાર્થી, પોતાના નાનકડા કુંડાળામાં ઘેરાયેલો સીમિત આત્મા! એને બદલે એ થોડો વધારે વ્યાપક, સમૃદ્ધ અને સંતોષી આત્મા તો જરૂર સાથે લઈ જઈ શક્યો હોત.

એક પણ પ્રશંસાના શબ્દ વગર એના મૃત્યુના સમાચાર છાપામાં છપાયા. ઘણા થોડા લોકોએ એના મૃત્યુ

અંગે શોક વ્યક્ત કર્યો. કોઈને જાણે એની ખોટ ના વર્તાણી. ઊલટું એની પાછળ લોકો આવું કહેતા સંભળાયા કે એણે એની આ લખલૂટ સંપત્તિનો ઉપયોગ જનસેવામાં કર્યો હોત તો લોકોની કેટલી સદ્‌ભાવનાઓ જીતી શક્યો હોત, લોકોએ એનાં ચરણોમાં પ્રેમાદર ધર્યાં હોત અને સમસ્ત રાષ્ટ્રે ઊંડા શોકની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હોત. પણ ધાતુના ટુકડા એકઠા કરવામાં માણસનું હૃદય કેટલું ગરીબ, દળદર અને અકિંચન થઈ જાય છે, તેના આ બધા પુરાવા છે.

જ્યારે બીજા ધનાઢ્ય કરોડપતિના વિચારો સાવ જુદા હતા. એણે તો પોતાની કારકિર્દી જ એ સિદ્ધાંત સાથે શરૂ કરી હતી કે બસ, લોકોના ખપમાં આવવું અને જે કાંઈ શક્ય હોય તે કરી છૂટવું. ખાનગી મિલકત તો કેવળ થાપણ છે અને લોકોના ભલા માટે જ તેનો ઉપયોગ થવો જોઈએ. એણે પણ એની સમૃદ્ધિ ખૂબ વધારી–પણ એણે પોતાની એ સમૃદ્ધિ એ રીતે વાપરી કે સંપત્તિની સમૃદ્ધિની સાથોસાથ એનું હૃદય પણ ઉત્તરોત્તર વધુ ને વધુ સંપન્ન થતું ગયું. પોતે જેના જેના સંપર્કમાં આવ્યો, તે સૌનાં દુઃખકષ્ટોને એણે હર્યાં, સમાજ તથા રાષ્ટ્ર માટે એ એટલો ઘસાયો કે સૌ કોઈના અંતરમાં એનું નામ અમીટ લખાઈ ગયું. એને યાદ કરતાં જ સૌનાં હૃદયમાં આભાર અને પ્રશંસા છલકાઈ ઊઠે.

પોતાના સમાજની પ્રગતિ માટે એણે પોતાની સંપત્તિને મુખ્યત્વે વિદ્યાકીય ક્ષેત્રમાં વાપરી. યુવાન સ્ત્રીપુરુષ પોતાની

કારકિર્દીને ઉજ્જવળ કરવા નિર્વિઘ્નપણે આગળ ધપતાં રહે અને ભવિષ્યમાં પોતાના દેશબાંધવો કાજે ઊજળું નિર્માણ કરે તે માટે વિદ્યાપ્રાપ્તિની વ્યવસ્થા ઊભી કરી આપી.

આ બધી પ્રવૃત્તિઓ જોરદાર ચાલી રહી હતી, તેટલામાં અચાનક એના મૃત્યુના સમાચાર આવે છે. ઘણાં હૃદય આજે શોકાતુર છે, નાના–મોટા, ગરીબ–ધનિક સૌ કોઈનો એક સાચો, દરિયાવદિલ, હમદર્દીભર્યો સાથી આજે ચાલ્યો ગયો છે. અસંખ્ય લોકો, જેમને એણે કંઈક ને કંઈક મદદ, હૂંફ, સહાનુભૂતિ પહોંચાડી છે તે સૌ મનોમન એના નામને અભિનંદે છે, અને એના જીવનના સાર્થકચને વંદન કરે છે. આખું રાષ્ટ્ર જાણે એની શબવાહિનીને ખેંચી રહ્યું છે. આવા મહાન ઉદાત્ત જીવનની અસરો કેવી રીતે કોઈ પ્રમાણી શકે? અનંતકાળ સુધી આનો પ્રભાવ કાયમ રહેશે. એક સત્કૃતિ જન્મે છે તો તે અમર થઈને જ જન્મે છે, વંશપરંપરાગત એની અસરો ઝિલાતી રહેવાની. કેવળ પ્રભુ જ આવાં કર્મોનાં લેખાંજોખાં કરે ત્યારે આ કર્મોની મૂલવણી કરી શકે. લોભિયા અબજોપતિએ એકઠું કરેલું ધન ક્યાંય વેરવિખેર થઈ જશે ત્યારે પણ આ માણસનું નામ ગૌરવભેર યાદ કરાશે, જ્યારે પેલા ધનિકો ક્યારે આ પૃથ્વી પર જીવી ગયા તે પણ લોકોને યાદ નહીં રહે.

એટલે તમારે પૈસો ભેગો કરવો હોય તો ભલે ભેગો કરો. પણ આટલી વાત ધ્યાનમાં રાખો કે એનાથી ઉપર

તમે તમારી જાતને નહીં ઉઠાવી લો તો પૈસો તમારા જીવનને ખાઈ જશે. એ તમને વામણા બનાવી દેશે, તમારી જિંદગીની ચારુતા અને સુજનતાને એ હરી લેશે. એને બદલે જો તમે તમારી ખાનગી મિલકતને લોકોની થાપણ સમજીને લોકસેવામાં એનો સદુપયોગ કરશો તો તમારા જીવનમાં સામંજસ્ય સ્થપાશે, સંગીત નિર્માણ થશે અને તમે સાચે જ મહાનતાના પંથ પર તમારી જાતને લાવી મૂકશો. આ બધાની સાથે જ પેલો અપૂર્ણ આનંદ, સુખ-સંતોષનો તુષ્ટિભાવ પણ પેદા થશે. સેવામય જીવનના આ બધા અભિન્ન સાથીદારો છે. એવું જીવન જ સર્વોત્તમ અને સાચું જીવન છે.

આ વાત કદાપિ ભૂલી જવી પોસાય તેમ નથી કે મૂલ્ય, વ્યક્તિત્વ, જિંદગી, ચારિત્ર્ય આ બધી જીવનની મહત્ત્વની બાબતો છે, જ્યારે સંપત્તિ એ તો એક જતી-આવતી ચીજ છે, ઘટના માત્ર છે. અતિશય કંજૂસ હૃદયના, સાંકડા મનના અને નર્યા પૈસાની ગણતરીમાં જ જીવનના દહાડા ખતમ કરી નાખનારા લોકોમાંના એક આપણે બની જઈએ તેવું પણ કદી પોસાય તેમ નથી.

□



# [ ૩ ]
# કળીને ખીલવા દો

જીવનને ઊગાડવું છે ?
  એની કળીએ કળીને પૂરેપૂરી ખીલવવી છે ?

શું જીવનયાત્રાને સંતૃપ્તિની
  પરમ આનંદયાત્રા બનાવવી છે ?

તો પ્રેમ, કરુણા અને સુજનતાના ખાતરમાં
  માનવસેવા ભેળવી જીવનને પાંગરવા દો.

આકાશ ભરીને પ્રેમ ઝંખો છો ?
  તો ચાહો આ પૃથ્વીને પરિપૂર્ણ પ્રેમ થકી.

પછી જોજો, રસ્તે જતાં લોકો ગણગણશે
  'ચાલ્યો આ દિલદાર ! શિવાસ્તે પન્થાન.

પ્રેમ અને સેવાના આ મૂલ્યની એક સુંદર ખૂબી એ છે કે માણસના વ્યક્તિત્વમાં આ ગુણને ખીલવી શકાય છે. ઘણા લોકો પૂછે છે કે કોઈ વ્યક્તિમાં આ ગુણોનો લગીરે અંશ હોય જ નહીં તો શું કરવું ? આનો જવાબ આટલો જ મળે છે કે પોતાની જાતને ભૂલી જાઓ. બીજા લોકો માટે જે કાંઈ યત્કિંચિત શક્ય હોય તે કરી છૂટો, થોડોક

પ્રેમ દાખવો. ભલે આ ચીજ ખૂબ નાનકડી લાગતી હોય તોપણ એ કરી છૂટો, જીવનમાંથી સાવ ફેંકાઈ ગયેલા કોઈ કમનસીબ માણસ તરફ પ્રેમની એક નજર, એકાદો હરફ, સહેજ અમથો હાથ એના તરફ લંબાવો. એમ સમજો કે એના જીવનની આ કટોકટીની પળ જીવનપરિવર્તનને આરે આવીને ઊભી છે. તમારી આ નાનકડી સહાયથી કદાચ એનું ભવિષ્ય આખું બદલાઈ જાય. કોઈનું એકે મિત્ર નથી, તો તેના મિત્ર બનો.

### મદદ કરો, તમને મદદ મળશે

દૂર જવાની જરૂર નથી, તમે ઊભા છો ત્યાં જ હજારો તકો એવી ઊભી છે, જેમાં તમારી સહાયની જરૂર છે. હૃદયને પ્રેમથી ભરી દો અને નાનકડી કૃતિ થવા દો. એ તમારા હૃદયને અદ્‌ભુત પ્રાપ્તિથી ભરી દેશે. પછી તમે ફરી વાર આવું કરો એવું કહેવાની જરૂર જ નહીં રહે. આપોઆપ બીજી કૃતિ અનુસરશે અને એ કામ પછી વધારે સરળ અને સ્વાભાવિક બનતું જશે. માણસમાં એક અદ્‌ભુત મનોરચના છે. જ્યારે તમે કોઈ કામ અમુક રીતે કરો છો તો પછી એ કામ ફરીથી કરવા જાઓ ત્યારે સાવ અનાયાસ, સ્વાભાવિક રીતે થતું રહે છે, જાણે તમારી એ પ્રકૃતિ જ ના હોય ! આને આપણે ટેવ કહીએ છીએ. ટેવો આમ જ પડે છે. અને છેવટે જીવન એ તો ટેવોની હારમાળા જ છે ને ? એ હારમાળા કેવી હોય એનો નિર્ણય તો માણસ પોતે જ કરે ને ?

## ઘસાઈને ઊજળા થવાની વાત

એક શૈક્ષણિક સંસ્થામાં મેં આ સિદ્ધાંતને સુંદર રીતે અમલમાં મુકાતો જોયો. ત્યાં આ વાત એ કોઈ લુખ્ખા સિદ્ધાંત રૂપે અપનાવવાને બદલે એને જીવનનો એક સત્ત્વશીલ આયામ બનાવ્યો છે. એ સંસ્થાનાં કાર્યોમાં અને એ સંસ્થામાંથી તૈયાર થઈને બહાર આવતા વિદ્યાર્થીઓમાં આ વલણની જે અસર મેં જોઈ તે અદ્ભુત છે. આનંદ તો ત્યાં ભરપૂર હોય જ. તમે ત્યાં દાખલ થાઓ અને આનંદનું મોજું તમને ચોમેરથી ઘેરી વળે. મેં ત્યાં કેટલીય વ્યક્તિઓના વિચારો અને વલણો બદલાઈ જતાં જોયાં છે. માણસે સ્વપ્ને પણ ના ધાર્યું હોય એ રીતે એના જીવન-કમળની પાંદડીઓ ત્યાં ખૂલી જાય છે અને પ્રસન્નપણે એ ખીલી ઊઠે છે. એક જ વર્ષની અંદર આવી સુંદર અને જીવનદાયક અસરો ઝીલી શકાય, એ જાણે અશકય બાબત લાગે.

એક ગ્રીષ્મ–વર્ગમાં પણ મેં આ સિદ્ધાન્તને સુંદર રીતે અપનાવાતો જોયો. એમણે પણ અપૂર્વ કામ કરી દેખાડયું છે. એમાં પણ આ જ વાત પર ભાર મૂકયો છે કે બીજા માટે ઘસાવાની વૃત્તિની ટેવ પાડો. ત્યાંની પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં સઘળી માનવજાતિની સેવા માટેનો પ્રેમ છલકાય છે. ત્યાં પૈસાનો વ્યવહાર જ નથી. જે કાંઈ આપવાનું છે તે બદલાની આશા વગર. વર્ગમાં દાખલ થનારે પણ કોઈ પૈસા આપવાના નથી. ત્યાં માત્ર એક જ

વાતનું વર્ચસ્વ છે કે તમે બીજાને ઉપયોગી થાઓ, બીજા પ્રત્યે માયાળુ અને ક્ષમાશીલ બનો. આને પરિણામે ત્યાં ગહન શાંતિનું એક વાતાવરણ પ્રવર્તે છે, જે જીવનમાં અનેરો આનંદ પ્રેરે છે.

આવા સુંદર વાતાવરણને લીધે ત્યાં એકાદ દિવસ ગાળવા આવેલા મુલાકાતી આખું અઠવાડિયું રોકાઈ જાય છે. અઠવાડિયા માટે આવેલા મહિનો ત્યાં વીતાવી દે છે. કોઈક તો આખો ઉનાળો જ ત્યાં પૂરો કરી દે છે. આમાં કાંઈ આશ્ચર્ય પણ નથી, કારણ કે માણસ જ્યાં ભાવ ભાળે ત્યાંથી દૂર જવાનું એને ગમે જ નહીં.

### સેવા દ્વારા માનવતાનો નંદાદીપ

સેવા અને પ્રેમને જ જો જીવનનો પાયાનો સિદ્ધાંત બનાવવામાં આવે તો પોતાના વ્યક્તિત્વ અને વિકાસમાં અંતરાય આવે એવું ઘણા કહે છે. બીજી બાજુ, એમ પણ કહેવાય છે કે જેટલું ઉદાત્ત વ્યક્તિત્વ, જેટલી મહાન વિભૂતિ તેટલી માનવજાતિની એની સેવા વધારે ઉત્કટ થવાની. તો પછી સેવા કરીને આત્મવિકાસની સૌથી વધારે સંભાવના છે એવા તારણ પર આવી શકાય ? અને આત્મ-વિકાસની હોંશને લીધે માણસ સેવાનો ગુણ કેળવવા પ્રેરાય તેવું બને ? કેવળ પોતાને ખાતર પોતાનો વિકાસ કરવામાં માણસનો અભિક્રમ ન જાગે. અભિક્રમ માટે કાંઈક મોટો ઉદ્દેશ્ય જોઈએ. અને આ જગતમાં માનવજાતિની સેવા કરતાં વધારે મહાન, ઉદાત્ત અને સુંદર હેતુ બીજો કયો

હોઈ શકે ? આ સેવાવૃત્તિ દ્વારા જ માનવતા દીપી ઊઠી શકે છે. માનવ પર પ્રભાવ પાડનારી ચીજ જ આ છે. જગતમાં આચરણ અને ચારિત્ર્યની શક્તિ સર્વોપરી શક્તિ છે. શીલમાંથી શક્તિ ફૂટે છે. તમે તમારું જીવન કેવી રીતે જીવો છો, તેમાંથી જ સાચી શક્તિનો સંચાર થાય છે. આ તથ્યને ઘણા ઓછા લોકો પામી શકે છે અને વળી પોતાના જીવનમાં આ તથ્યને આચરી બતાવનારા તો તેથી પણ ઓછા છે.

તમે લેખક છો ? તો તમે છો, તેના કરતાં વધારે એક અક્ષર પણ ના લખી શકો. તમારે વધારે લખવું છે ? તો તમારા જીવનને વિસ્તારો. એને હજુ વધારે ઊંડાણોમાં લઈ જાઓ, એને વધુ સમૃદ્ધ કરો, પછી જે શબ્દો અવતરશે, તેમાં જિંદગીનો ધ્વનિ ઊઠશે. તમારું જીવન પોલું હશે તો તમારા શબ્દો પણ એવા જ પોલા, બોદા, નબળા, બિનઅસરકારક અને નિરર્થક હશે. શબ્દોમાં તાકાત ભરવી પડે છે, તો જ તેનામાં પ્રભાવ જન્મે છે. લોકો પર તમારા શબ્દોનો પ્રભાવ પડે તે માટે એ શબ્દોને તમારે તમારા જીવનની એરણ પર ચઢાવવા પડશે. તમારે એ શબ્દોને જીવવા પડશે. જીવનની ચાદર પર એ શબ્દોની પગલીઓ પડશે. જીવનની ભૂમિમાંથી શબ્દાંકુર ફૂટવા દો. ભલે તમે તમારું અંગત જીવન જીવતા હો, તો પણ એ અંગત જીવનના અંતઃપુરમાં થયેલું આચરણ પણ તમારી અભિવ્યક્તિ પર એની સારીમાઠી અસરો મૂકી જશે. જો

તમારું આચરણ બાહ્યાંતર બંને જીવનમાં સુંદર અને ઉદાત્ત હશે તો તેનો પ્રભાવ પ્રેરક અને પ્રાણવંતો હશે. જો તમારું આચરણ હલકી કોટિનું, સ્વાર્થી હશે તો તેની અસરો પણ રોગના જેવી હાનિકારક હશે. તમારા અવાજનું સૂરીલાપણું, તમારા શરીરની હાલચાલ, તમારા ચહેરાનું શીલ આ બધું તમે કેવું જીવન જીવો છો તેની ચાડી ખાશે. તમારી સારપ અને નઠોરાઈ, બંને પોતપોતાના પડછાયા સાથે લઈને જ ફરે છે. અને તમારા વર્તુળમાં જે કોઈ આવે છે તેના પર તેની સારીમાઠી અસર થયા વગર રહેતી નથી. એક મહાન પુરુષે કહ્યું છે તેમ જો બીજાને વધારે સારા કરવા એ જ જો સાચી સહાય હોય તો તો પછી આપણા જીવનને જ સુંદર બનાવી તેનું કામ કરવા દેવું.

## સત્સંગ એટલે પારસમણિનો સ્પર્શ

હું એક એવા માણસને ઓળખું છું જેણે સર્વનાશનો રસ્તો નોતરી લઈ પોતાના જીવનને સાવ છેલ્લા મુકામ સુધી પહોંચાડી દીધું હતું. એનામાં આત્મસન્માન જેવી કોઈ ચીજ રહી નહોતી. એ સાવ હારી બેઠો હતો અને એના ચિત્તમાં આપઘાતના વિચારો ઘુમરાતા હતા. પણ કુદરતનું કરવું અને એ એક સંતપુરુષના સાંનિધ્યમાં પહોંચી ગયો. અત્યંત ઉદાર હૃદયના, પોતાની જાતનો પૂરો કાબૂ ધરાવનારા એ આત્મસંયમી, શીલવાન અને પ્રજ્ઞા પુરુષની એના પર એટલી બધી અસર પડી કે

એમના કેવળ દર્શનથી એની અંદર છુપાયેલી માણસાઈ જાગી ઊઠી અને સચ્ચાઈ તરફ જીવનનું સુકાન બદલાઈ ગયું. આજે એ માણસનું જીવન એવું સુંદર, સેવામય છે કે મને તો આખા વિસ્તારમાં એની તોલે આવે તેવો કોઈ માણસ દેખાતો નથી. હા, એકેએક માણસની ભીતર બીજાને માટે કંઈ કરી છૂટવાની ભાવના પડેલી જ છે....

## આત્માની શક્તિનો સ્ફોટ

આંતરિક વિકાસ કેટલો સુંદર અને અનેકવિધ સંભાવનાવાળો હોય છે તેનો તમને ખ્યાલ છે? કદાચ નથી. કારણ કે આ દિશામાં ખૂબ ઓછા લોકોએ ખેડાણ કર્યું છે. આ અંતઃસ્રોતની શક્તિ છે, એની હસ્તિ વિષે પણ આપણે જાણતા નથી, તો એના રૂપનું વૈવિધ્ય આપણી પાસે ક્યાંથી ખૂલ્યું હોય? આપણને હજુ તેના સ્વરૂપનું જ આકલન નથી થયું. આ આત્મશક્તિને વિકસાવવાની ખૂબ જરૂર છે. માણસ કશું કરે નહીં, બોલે પણ નહીં અને છતાંય એ બીજા માણસ પર પોતાની અસર મૂકતો જાય, એ અસરોમાંથી એ છટકી શકે નહીં. માત્ર પ્રતીતિ થતી રહે કે આ માણસની અસર મારા ચિત્ત પર અંકિત થઈ રહી છે. પ્રત્યેક માણસમાં આ આત્મશક્તિ પડેલી છે. એને જાગૃત કરીને વિકસાવવાની જરૂર છે.

## ઊંચુ જીવન : હસ્તિનો પરમ સંતોષ

બહુ થોડા પ્રબુદ્ધ જન પાસેથી હમણાં હમણાં આપણને જાણવા મળ્યું છે કે આ શક્તિને કેળવી શકાય છે;

આપણા સર્જનહારે આપણી અંદર આ શક્તિને કુદરતી કાનૂન રૂપે જ મૂકેલી છે. આવનારા ભવિષ્યમાં આપણે આ શક્તિના સ્ફોટને જોઈ શકીશું. બીજાં અનેક ક્ષેત્રોની જેમ, આ ક્ષેત્રમાં પણ પરોઢિયું ફૂટી રહ્યું છે. જેમણે જીવનનાં ચઢાણોનાં ઘણાં પગથિયાં સર કરી લીધાં છે, તેઓને પણ હજુ આ શક્તિના ઝાંખા ઉજાશનો જ પરિચય લાધ્યો છે. જીવનને હજુ ટોચ સુધી પહોંચાડવાનું બાકી છે. જીવન જ તમારી પાસે માનવજાતિની સેવા કરાવશે. એ સિવાય તમે જીવી જ ના શકો. તમારા પોતાના જીવનની સિદ્ધિ પણ એ જ છે કે તમે તમારા જીવનને જેટલું ઊંચું ચઢાવશો તેટલો તમને તમારા અસ્તિત્વનો સાચો આનંદ પ્રાપ્ત થશે. તમે જીવનનાં ચઢાણ ચઢયા હશો તો બીજાને ઊંચા ચઢાવી શકશો. પોતે ચઢયા સિવાય બીજાને નકરો ઉપદેશ આપવાથી કશું ન વળે. પણ બીજાને ખાતર નહીં, પોતાના જ પરમ સ્વાર્થને કારણે જીવન ઉન્નત બનાવવું ઉપકારક છે, કારણ કે આપણી હસ્તિનો આનંદ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે આપણે ઊંચા પ્રકારનું જીવન જીવીએ છીએ.

આવું જીવન, કેવળ આવું જ જીવન માણસમાં સર્વોપરી કહેવાય તેવો નમ્રતાનો ગુણ લાવી શકશે. કહેવાની જરૂર નથી કે આ નમ્રતાની અંદર જ જીવનની સાદાઈનો ગુણ પણ છુપાયેલો છે. નમ્રતા અને સાદાઈ એ બે એક બીજા સાથે જોડાયેલાં છે. એકમાંથી જ બીજો જન્મે છે. મિથ્યાભિમાની, દુષ્ટ, દંભી માણસ કદીય

મહાન માણસ તરીકે પંકાતો નથી. પોતાનો પ્રભાવ પાડવાની વ્યર્થ બાલિશ ચેષ્ટા જ સૂચવે છે કે એ માણસમાં મહાન થવાની શક્તિ જાગી નથી. વાસ્તવમાં જે મહાન છે, તેને પોતાના પ્રભાવની કશી જ પડી હોતી નથી. તેઓ તો પોતાનાં કાર્યોમાં મશગુલ છે. એમને તો સેવા પોતે જ એક મહાન બદલો છે. સેવા કર્યાનો આનંદ જ એમનાં હૃદયને ભરી મૂકે છે. મિથ્યાભિમાન એ અત્યંત ભયંકર દુર્ગુણ છે, યુવાપેઢી માટે તો તે ખૂબ ખતરનાક છે. પોતાની જાતને ખૂબ વધારે સમજ્યા કરવાથી આવો દોષ પોષાતો હોય છે

કવિરાજ બીચરનાં પત્ની મને એક વખતે કહેતાં હતાં કે સાંજે કવિ ઘેર પાછા ફરી રહ્યા છે તેની અમને બાળકોના આનંદોદ્દ્ગાર અને કલશોર પરથી ખબર પડી જતી. શેરીનાં બધાં બાળકો એમને ઓળખતાં અને સાંજ પડે આતુર હૃદયે એમની વાટ જોતાં. દૂરથી એમને આવતા જોઈ સૌ બાળકો સામે ધસી જતાં, એમનો હાથ પકડી લેતાં અને એમના કોટના ખિસ્સામાંથી સૂકો મેવો લેવા હાથ નાંખતાં. પછી તો બાળકો ને એમની વચ્ચે ખેંચાતાણી ચાલતી અને વાતાવરણમાં હાસ્ય અને આનંદ છવાઈ જતાં. બાળકોને પોતાની પાછળ પણ દોડાવતા. હા, એ ઉંમરે પણ ના દોડવા જેટલા એ મહાન કદી નહોતા બની ગયા, અથવા તો મને કહેવા દો કે એ ઉંમરે બાળકો સાથે દોડવામાં અને ખેલ ખેલવામાં પાછા ન પડે તેટલા તેઓ મહાન હતા.

જીવનમાં જો નમ્રતા અને સહજતા ન હોત, જીવનની જો મહાનતા ઓછી હોત તો તેઓ પોતાની અંદર જ ખોવાયેલા સ્વયંકેન્દ્રિત રહેત અને આ ભાવ એમને કહેત કે આ ઉંમરે આવું વર્તવું ઠીક નથી. પરંતુ શેરીનાં અમીર–ગરીબ તમામ બાળકો આ મહાન પ્રેમાળ આત્મામાં પોતાનો મિત્ર જોતાં. લિંકન અને બીજા મહાન પુરુષોના જીવનની પણ આવી જ ઘટનાઓ જોવા મળે છે. એકેએક મહાન પુરુષના વ્યક્તિત્વમાં આ સુંદર અને સદા સમર્થ એવી બાળવત્ નિર્દોષતા જોવા મળે છે.

## વાવો તેવું લણો

આવા સેવામય જીવનનો પોતાના જીવન પર પડતો પ્રભાવ તે વળી એક અતિ સુંદર અને મૂલ્યવાન પાસું છે. જે માણસ બીજાના જીવનને સમૃદ્ધ કરે છે, તેનું પોતાનું જીવન સમૃદ્ધ થયા વગર રહેતું નથી, આ એક કુદરતનો અભંગ કાનૂન છે. વાવો તે ઊગે જ. એક તો મારામાં સેવાભાવના જાગે છે, કારણ કે હું લોકોને મારા જ જીવનનાં અંગરૂપે જોઉં છું. તેઓ મારા જ બાંધવ છે. તેમને સુખ પહોંચાડું છું તો તે મને જ પહોંચે છે. તો આ સુખની લાગણી અનુભવવી તે મને બેવડો આનંદ આપે છે. કશું જ મેળવવાની ખેવના સિવાય, કેવળ પ્રેમને કારણે કરેલી કૃતિ જીવનમાં કોઈ અનોખો જ સંતોષ અને આનંદ પ્રગટાવે છે. જીવનની આવી સૌથી ઊંચી, પરમ મધુર અને અત્યંત સુંદર અનુભૂતિઓનો આનંદ તે વળી વધારાનો પુરસ્કાર છે.

આ બધા ઉપરાંત, જે માણસને આપણે મદદ પહોંચાડીએ છીએ તે વળી ક્યારેક એવી સ્થિતિએ પહોંચી જાય કે ભવિષ્યમાં કદાચ જરૂર પડે તો પોતાને મદદ કરનારને મદદરૂપ થઈ પડે. જો કે આપણે તો બદલાની ભાવના વગર જ નિઃસ્વાર્થ સેવા કરવાની છે. પણ જીવનમાં શું શક્ય નથી ? નદીના પાણીમાં વહેવડાવેલો રોટલાનો ટુકડો કયા જન્મમાં કયા સ્વરૂપે તમને પાછો આવી મળશે, તેની કોને ખબર ?

**કરુણાને વહેવડાવો, તમારી વેદના દૂર થશે**

તમારા પોતાના જીવનમાં એવાં કષ્ટો, દુઃખો અને સંતાપ છે જે સહેવાં તમને કઠણ જણાતાં હોય ? તો તેમને હળવાં કરવા માટે જગતમાં એક જ ઉપાય છે કે તમારા કરતાં પણ વધારે દુઃખી, નિરાશ અને ભાંગી પડેલા લોકોને તમારા તરફથી થોડો પણ ટેકો કરો. આ દિશામાં પ્રયત્ન કરશો તો સમજાશે કે જીવનની વેદના એ તો મનને પરિશુદ્ધ કરનારું એક પવિત્ર ઝરણું છે. એટલે એનાથી દૂર ભાગવાની જરૂર નથી. જીવનની વેદનાને આત્રકારી એક દિશા આપવાની જરૂર છે.

મને એક વિધવા સ્ત્રી યાદ આવે છે. એના પોતાના જીવનમાં કશો આનંદ અને સુખ જાણે રહ્યાં જ નહોતાં. બીજી બાજુ, એને એક અપંગ બાળક હતું. પોતાના પ્રાણથી પણ અધિક એને એ ચાહતી. વળી અપંગ હોવાને લીધે તો એના માટે એ ખૂબ વહાલું થઈ પડ્યું હતું. આ

બાળકની સેવા તથા કાળજીમાં પોતાનાં દુઃખને એણે એવાં વિસારે પાડી દીધાં કે એનું પોતાનું જીવન જાણે આનંદનો ઝરો બની ગયું. દુષ્કર લાગતું સેવાકાર્ય એના જીવનનો પ્રાણધાર બની ગયું. પ્રેમને લીધે એની કઠણાઈ ઓસરી ગઈ. આવું બનતું આપણે ઘણીવાર જોઈએ છીએ.

એટલે તમારાં દુઃખોને વિસારે પાડવા તમે તમારાં ભાઈ–બહેનોનાં દુ:ખોને પોતાનાં કરી શકો. માણસો જુદી જુદી રીતે અપંગ–લૂલાં–આંધળાં હોય છે. દરેકને તેમની જરૂરિયાત મુજબની સેવા અપાય, તો તેના જીવનમાં પણ રાહત પહોંચે. આવા અનેક લોકો તમારી ચોમેર વીંટળાયેલા તમે જોશો. તેમાંના એકાદાને પણ અવગણશો નહીં.

આવું થાય તો ગરીબોના જીવનમાં પણ ઊજળી આજ ઊગે અને જીવનમાં કદીય ન પામી શકાય તેવાં સુખ પામવાનો આનંદ માણી શકે. બીજી બાજુ, આવી સેવા કરીને મહાન થઈ પ્રતિષ્ઠા મેળવવાની વૃત્તિ પણ જાગશે નહીં. કીર્તિની લાલસા ક્યાંય અલોપ થઈ જશે. કેવળ રોગિષ્ઠ ચિત્તમાં જ આવી લોલુપતા જાગી શકે. એક પરપોટાની જેમ આ વાસના ફૂટી જાય છે, કારણ કે આ કોઈ સાચી, કાયમી રહેનારી ઝંખના નથી. આ તો પરપોટા જેવી મિથ્યા, ક્ષણજીવી ઇચ્છા માત્ર છે. એ કોઈ પોષવા જેવી ઝંખના પણ નથી. બીજી બાજુ, જે વ્યક્તિ પોતાને જ ભૂલી જાય છે અને લોકોની સેવામાં કહેવાતી મહાનતાને પણ વિસારે પાડી દે છે, તે પોતાને જીવનની

સાચી દિશા પર મૂકી દે છે. આ એક માત્ર એવી દિશા છે જે સચ્ચાઈને વરેલા લોકો માટેનો એક માત્ર જીવન-પંથ છે. એમના જીવનમાં જેટલી તીવ્રતા હશે તે પ્રમાણમાં આ દિશાની નવી નવી મંઝિલો તેમની સમક્ષ ખૂલતી જશે.

## સાચું સૌંદર્ય એ, જે પવિત્રતા પ્રેરે

આ જીવનવળાંકને લીધે અંદરથી સૌંદર્ય જાગશે. આ સૌંદર્ય આત્માનું સૌંદર્ય હશે. સાચું સૌંદર્ય અંદરથી જ પ્રગટી શકે. બહારનાં ઉપર ઉપરનાં સૌંદર્યોની ઝલક તો આ આંતરિક સૌંદર્ય પાસે કોડીની કિંમતનાંય નથી. કોઈક પવિત્ર માણસના ચહેરાના ચિત્રનું સૌંદર્ય તમને જેટલા પાવન બનાવશે, તેટલી બહાર રસ્તા પરની દુકાનો પર લટકતી વિવિધ સૌંદર્યસામગ્રી તમને પવિત્રતા પ્રેરી નહીં શકે. ચીજવસ્તુઓની સુંદરતા અને ચારિત્ર્યવાન ચહેરાની સુંદરતા વચ્ચે આભજમીનનો ફરક વર્તાઈ આવશે. આવી આંતરિક સુંદરતા પોતાનું એક આગવું વાતાવરણ પોતાની સાથે જ લઈને ફરે છે અને પોતાની અસર જન્માવે છે.

મને એક નાનકડી ઘટના યાદ આવે છે. હું આગ-ગાડીમાં જઈ રહ્યો હતો. ખૂબ જ ઉકળાટ હતો. બધા ઉતારુઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. એમના ચહેરા પર થાક અને કંટાળો સાફ વર્તાઈ આવતા હતા. કેમે કર્યો જાણે સમય આગળ વધતો જ નહોતો. એટલામાં એક બહેન પોતાની સાથે એની નાનકડી દીકરી લઈને ચઢ્યાં.

એ બંનેના ચહેરા પર કાંઈક એવી આંતરિક આભા છવાયેલી હતી કે બધા મુસાફરોની નજર એમના પર જઈને ઠરી. બહેનનો અવાજ પણ ઘંટડીના રણકાર સમો મીઠો મધુર હતો. પોતાની દીકરી સાથે થોડી વારમાં એ કાંઈક રમત રમવા લાગ્યાં. ખૂણામાં બેઠેલા એક વૃદ્ધ સજ્જન છાપું વાંચી રહ્યા હતા. ધીરે ધીરે એમનું છાપું એમની નજર સામેથી હટતું હટતું ખોળામાં આવી ગયું. અત્યંત રસ-પૂર્વક તેઓ મા–દીકરીની રમત જોતા રહ્યા. થોડી વારે ડબ્બાના લગભગ બધા લોકોનાં મોં છાપામાંથી અને ચોપડી-ઓમાંથી બહાર નીકળી આવ્યાં. જુવાનિયાઓ પણ રંગતમાં આવી ગયા અને સૌ પેલી નાનકડી છોકરી જોડે કાંઈક ગેલ કરવા લાગ્યા.

ધૂળ, ગરમી, બફારો, કંટાળો જાણે એકાએક ગાયબ થઈ ગયાં. પછી તો જ્યારે એમનું ઊતરવાનું સ્ટેશન આવ્યું, ત્યારે આખો ડબ્બો એમને વિદાય આપવા તત્પર થઈ ઊઠ્યો. બે જણા તો પોતાની જગ્યાએથી ઊભા થઈ બારી પાસે બેસી જ્યાં સુધી દેખાય ત્યાં સુધી એ બંને સામે એકીટશે જોતા રહ્યા. ડબ્બામાં જાણે વીજળીનો ચમકારો આવ્યો ને ગયો. હવે જાણે બધા તાજા થઈ ગયા. કંટાળો ભાગી ગયો. એ બંને મા–દીકરીની હસ્તિએ જાણે જાદૂઈ લાકડી ફેરવી દીધી. આવું જીવનમાં બનતું હોય છે. જીવનના ઊંડા પરિપ્રેક્ષ્યમાંથી આવી અસરો પેદા થતી હોય છે. જેવી રીતે પાણીનો ઝરો જમીનમાંથી ફૂટે છે, તેવી રીતે આ આનંદના ઝરાની ભૂમિ અંતરભૂમિ છે.

## વિનય સૌને ખેંચે

માણસની રીતભાત અને વર્તન પર પણ એના જીવનની અસર પડતી હોય છે. આ સિદ્ધાંત ઉપર જીવન ઊભું હોય તો જ સાચો વિનય પ્રગટ થતો હોય છે. માણસ આને પરિણામે જ સાચો સદ્-ગૃહસ્થ બની શકતો હોય છે. નમ્ર, માયાળુ, પ્રેમાળ અને સહૃદયી સજ્જન! આવા માણસમાં સાચો વિનય પ્રગટ ન થાય તો જ નવાઈ, કારણ કે એના ચિત્તમાં હંમેશાં બીજાના વિચારને જ પ્રાધાન્ય મળતું હોય છે. જેમના ચિત્તમાં કેવળ પોતાનો જ સ્વાર્થ રમતો હોય, તે વિનય-વિવેક દાખવવા જાય તોય એનું બોદાપણું વ્યક્ત થયા સિવાય રહી ના શકે. અને પછી એટલે જ એના સંપર્કમાં આવનારા લોકોને એને માટે કંટાળાની જ લાગણી થાય એ પણ એટલું જ સ્વાભાવિક છે.

મને ઘણી વાર એવા લોકો ભેટી જાય છે જે પરસ્પર ઓળખવિધિ થઈ જાય પછી એવી વિચિત્ર રીતે વર્તતા હોય છે-કાં તો પોતાના પગ હલાવ્યા કરે, કાં વિચિત્ર રીતે વળાંક આપીને ઊભા રહે અને કાંઈક ને કાંઈક હલનચલન ચાલતી જ રહે. એમને જોઈને મને ખૂબ ત્રાસ થાય, દયા પણ આવે. મને એમ થાય કે એમને કશી તકલીફ હશે, તે આમ ઊંટડાની જેમ ઊભા રહે છે! આવા માણસથી ક્યારે છુટકારો થાય તેની જ રાહ જોવાની હોય છે. એની જગ્યાએ કોઈ પરગજુ સજ્જન ભેટી જાય છે તો તેની પાસેથી ખસવાનું મન જ થતું નથી. આવા સજ્જન માણસનાં સઘળાં કર્મો વિચારપૂર્વક થતાં હોય છે.

કહેવાય છે કે આખા સ્કોટલેન્ડમાં રોબર્ટ બર્ન્સ કરતાં વધુ સાચકલો માણસ બીજો કોઈ નહોતો. અને છતાંય આ માણસે આખી જિન્દગી ખેતીમાં જ ગાળી હતી અને પોતાનું ગામ છોડીને બહાર ઝાઝુ ગયો પણ નહોતો. જીવનની ઢળતી ઉંમરે એનાં લખાણોને છપાવવા માટે જ એડિનબરો સુધી આવવું પડેલું. કોઈ વિદ્વત્તા મેળવ્યા વગર એ સાચો સજ્જન બની શકેલો. વિનય-વિવેક તો એના જ. આ બધું પેલા સિદ્ધાંતમાંથી નીતરી આવતું હતું કે માણસ માણસ એ ભાઈ છે. આટલો મર્મ એણે પકડી લીધેલો અને સજ્જનતા એનો સ્વભાવ બની ગઈ. એની સજ્જનતા આયોજનપૂર્વક કેળવાયેલી નહોતી.

આવું જ બેન ફ્રેંકલીનનું હતું. પોતાના સાદા ભૂખરા પોષાકમાં જાત પ્રત્યે સાવ નફકરો બનીને એ અદાલતમાં પ્રવેશે છે અને પહેલી જ નજરમાં સૌ કોઈનાં દિલ જીતી લે છે. આખી રાજધાનીનું એ ધ્યાન ખેંચી કેન્દ્રબિન્દુ બની જાય છે. એનાં વિનયવિવેક, રીતભાત, મદદરૂપ થવા ઇચ્છતો સ્વભાવ-આ બધાને લીધે લોકોને પ્રતીતિ થઈ કે આ માણસે સ્વાર્થ માટે નહીં, લોકો માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું છે.

એવાં કેટલાંય ઉદાહરણ આપી શકાય તેમ છે, જેમના જીવનમાં આ વિનય-વિવેકભર્યું વર્તન જોવામાં આવે છે. એમની જાદૂઈ અસર એટલી બધી સ્વાભાવિક હોય છે કે એમના સંપર્કમાં આવનારા લોકો તેમનાથી ખેંચાઈ જાય

છે. ફ્રેંકલીને એક પત્રમાં લખ્યું છે, "તમે મારી ભલાઈ અંગે લખ્યું છે. હું ઇચ્છું છું કે હું તમને આથી પણ વધારે મદદરૂપ બનું. તમે જો મારા પ્રત્યે આભાર વ્યક્ત કરવા માગતા હો તો હું એટલું જ ઇચ્છીશ કે તમે પણ બીજાને મદદરૂપ બનો અને એમ એ તંતુ આગળ વધતો જ રહે, કારણ કે આખરે માનવજાતિ તે એક મોટો પરિવાર જ છે. મારા પૂરતું હું આટલું કહી શકું કે હું જ્યારે બીજાઓની મદદમાં આવું છું ત્યારે મને લાગે છે કે હું એમના પર કોઈ ઉપકાર નથી કરી રહ્યો, બલ્કે તેમના પ્રત્યેનું મારું ઋણ અદા કરું છું. મારા જીવન દરમિયાન મને અનેક લોકો તરફથી ઘણી વધારે મદદ મળતી રહી છે જેમનો બદલો વાળવાની મને તક મળી નથી. વળી, ઈશ્વરે વરસાવેલી કૃપાની તો વાત જ છોડી દો, કારણ કે એનું ઋણ આપણે શી રીતે અદા કરવાના ? આપણી કઈ સેવાથી એને આપણે લાભ પહોંચાડી શકવાના ? એટલે આ બધા ઉપકારોનો બદલો સમાજની સેવા કરીને વાળવા હું મથતો રહું છું. ઈશ્વર તરફથી મળેલી દયાનો બદલો એનાં જ સંતાન અને મારા બાંધવોની સેવા કરવાની તત્પરતા દાખવીને હું વાળી શકું."

સાચી ખાનદાની અને વિનય-વિવેક અંદરથી જ ઊગી શકે. પ્રેમ, ભલાઈ અને સેવાની ભૂમિમાંથી જ એના અંકુર ફૂટી શકે. પ્રેમની ભાષા વૈશ્વિક ભાષા છે, સૌ કોઈ એને સમજી શકે, પછી ભલેને શબ્દો વપરાય કે ના વપરાય. એક સુંદર કહેવત છે કે જે માણસ અજાણ્યાને પોતાનો

બનાવે છે તે વિશ્વનાગરિક છે. પ્રેમની ભાષા જેટલું માણસને બીજું કશું યાદ પણ નથી રહેતું. મૂંગાં પશુપંખી પણ આ ભાષાને સમજે છે અને એને અનુભવે છે. કૂતરા તરફ સહેજે અમથું વહાલ બતાવીએ છીએ ત્યાં એ કેવું પૂંછડી પટપટાવતું રહે છે. એમની ભાષા આપણે સમજી શકતા નથી, એટલા જ ખાતર આપણે એમને મૂંગાં પ્રાણી કહીશું ? આ પ્રાણીઓ પ્રત્યે આપણે જે વર્તણૂક દાખવી રહ્યા છીએ તે સાચે જ અક્ષમ્ય છે.

## પ્રાણીમાત્ર માટે અનુકંપા

આ સાચું હોવાને અનેક કારણો છે. આપણે માણસના ભવિષ્યનો વિચાર કરીએ છીએ, કદીય પશુપંખીના ભવિષ્યનો વિચાર આપણને સતાવે છે ? થોડાં વર્ષો અગાઉ એક સજ્જને પચાસ હજાર ડોલર પશુપંખીની જાળવણી માટે જુદા રાખવાનું પોતાના વસિયતનામામાં લખ્યું. એનાં સગાં-વહાલાંએ આ વસિયતનામા અંગે અદાલતમાં ફરિયાદ નોંધાવી કે એ પાગલ મનઃસ્થિતિમાં લખાયેલું છે, કારણ કે પ્રાણીઓના ભવિષ્ય માટે કોઈ પોતાની મિલકત જાહેર કરે? પરંતુ મૂળ વસિયતનામાને કાયમ ઠેરવતાં ન્યાયાધીશે કહ્યું કે ઝીણવટભરી તપાસ પછી મેં તારવ્યું છે કે લગભગ અડધોઅડધ લોકો આવું જ માની બેઠા છે કે એમ કાંઈ પ્રાણીઓના ભવિષ્યનો વિચાર કરીને બેસી ના રહેવાય. જો કે પચાસ ટકા લોકો એવા પણ છે, જેઓના હૃદયમાં પ્રાણીજગતનું ભવિષ્ય છે. દુનિયાભરની મહાન વ્યક્તિઓનું

આવું જ માનવું છે અને હવે ધીરે ધીરે આ માન્યતા પોતાનાં મૂળિયાં મજબૂત પણ કરી રહી છે.

પ્રાણીઓ માટે આપણા ચિત્તમાં હીન ભાવ હોવાનું એક કારણ એમ પણ મનાય છે કે એમનામાં બુદ્ધિનું પ્રમાણ ઓછું છે. હવે આ કારણને લીધે કાંઈ એમના પ્રત્યે ક્રૂરતા કે બેપરવાઈથી વર્તવાનું હોય ખરું ? ઊલટું, આ જ કારણે આપણે તેમની વધારે સાર–સંભાળ લેવી ના જોઈએ અને વધારે દયામાયા દાખવવી ના જોઈએ ?

આપણા જ કુટુંબમાં આપણું કોઈ સ્વજન બહેરું, લૂલું–લંગડું કે મંદ બુદ્ધિનું હોય છે, તો તે જ કારણસર આપણે તેના પ્રત્યે બેદરકારી કે ક્રૂરતા દાખવીએ છીએ ? ઊલટું, એ જ કારણસર આપણે તેની વધારે કાળજી લઈને સહાનુભૂતિપૂર્વક વર્તીએ છીએ. હવે આપણા આ સ્વજન કરતાં માની લો કે કોઈ પશુ–પંખીમાં વધારે બુદ્ધિ દેખાય તો શું આપણે એ બુદ્ધિના માપને આધારે આપણા પ્રેમને જોખવા બેસીએ છીએ ? નબળામાં નબળી વ્યક્તિ તરફ, ગુણવત્તામાં તમારાથી ઊતરતી કોટિની વ્યક્તિ તરફ તમે કેવી રીતે વર્તો છો, તેના પરથી તમારા ચારિત્ર્યનું મૂલ્યાંકન થઈ શકે. વળી, આ પણ સમજવું જોઈએ કે આપણે એમ માની બેઠા છીએ કે પશુપંખીમાં બુદ્ધિ નથી. હકીકતમાં જો આપણે પ્રેમપૂર્વક એમને કેળવીએ, આપણાં બાળકોના ઉછેર પ્રત્યે ધ્યાન આપીએ છીએ તેટલું તેમના પ્રત્યે પણ ધ્યાન આપીએ તો તેમની બુદ્ધિના ચમકારા પણ

દેખાઈ શકે. પણ આપણે તો જાણે માની જ બેઠા છીએ કે એમનામાં કાંઈ ભલીવાર જ નથી.

## હૃદયમાં કરુણા જગાડવવા માટે શાળા

એમને કાળજીપૂર્વકની વ્યવસ્થિત કેળવણી આપવામાં તો તેમની વફાદારી અને માલિક પ્રત્યેની નિષ્ઠાનાં તેમજ તેમની ઉચ્ચ પ્રકારની બુદ્ધિનાં દૃષ્ટાંતોથી પાનાંનાં પાનાં ભરાય તેટલું લખી શકાય. કેટલાય પ્રાણીપ્રેમીઓએ આ ક્ષેત્રને ખેડીને જગતને આ બાબતમાં ચિંતન કરવા અને પ્રાણીજગત પ્રત્યે માયાળુ થવા પ્રેર્યું છે. જો કે, હજુ આ ક્ષેત્રમાં ઘણા વધારે પ્રયોગોને અવકાશ છે.

જગતમાં આ દિશામાં સૌથી વધારે કામ કર્યું હોય તો અમેરિકન હ્યુમેન એજ્યુકેશન સોસાયટીએ. લોકોના હૃદયમાં કરુણા જગાવવાનું શિક્ષણ આ સંસ્થા આપે છે. લગભગ એકાદ-બે લાખ બાળકોને આ દિશામાં કેળવાયાં છે. એ આંકડો વધતો જ જાય છે.

એક વખતે પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા માણસના ચિત્તમાં જાગી જાય તો પ્રેમ, સહાનુભૂતિ, ક્ષમાશીલતા વગેરે ગુણોનો આવિર્ભાવ અન્ય માનવ પ્રત્યેના સંબંધોમાં પણ વિશેષપણે થતો રહે. એકેએક શાળામાં આવું કામ ઉઠાવી લેવાય તો હું તો આનંદથી ઝૂમી ઊઠું; કારણ કે બાળકોની કેળવણીમાં પ્રાણી પ્રત્યે પ્રેમ દાખવવાનો અભ્યાસ દાખલ થઈ જાય તો જ્યારે એ બાળક મોટું થશે ત્યારે

આજના આપણા અનેક સામાજિક પ્રશ્નોને ઉકેલવામાં મદદરૂપ સિદ્ધ થશે.

## પશુપંખી સાથે દોસ્તી બાંધીશું ?

આપણે પસાર થતા હોઈએ ત્યારે સામે મળતી વ્યક્તિને આપણે રામ રામ કહીએ છીએ તો સામે મળતા પશુપંખીને આપણે એ રીતે કેમ ના બોલાવીએ ? આપણા બોલેલા શબ્દોને તો કદાચ તે નહીં પકડી શકે, પરંતુ આપણા મનોભાવને અને આપણા આશયને તો જરૂર ગ્રહણ કરી લેશે અને એની એના પર અસર પણ થશે. પ્રાણીઓની આ ખૂબી છે કે તેઓમાં ગજબની સંવેદનશીલતા હોય છે, માણસના અંતરના ભાવને તથા વિચારોને તેઓ આબાદ રીતે સમજી જાય છે. એમાં વળી કેટલાંકમાં તો આ શક્તિ માણસ કરતાં પણ વધારે તેજ હોય છે અને તેમના નિર્ણય વધારે અચૂક અને ઝડપી પણ હોય છે.

પ્રાણીઓ સાથેના આપણા સંબંધો દ્વારા ઉત્તરોત્તર આપણને સમજાતું જવું જોઈએ કે તેઓ વિશ્વચેતનાના એક ભાગ રૂપે આપણી સાથે અભિન્નપણે જોડાયેલાં છે. માત્ર ઉપરના બાહ્ય દેખાવો અને આકારો જ ભિન્ન છે, આપણું આંતરસત્ત્વ તો એક જ પરમાત્મામાંથી બનેલું છે. આ જગતની રચનામાં વિવિધ ભૂમિકા ભજવવા આપણે સૌ પૃથ્વી પર આવ્યાં છીએ, અને પ્રાણીજગતની પણ પોતાની એક ભૂમિકા છે, એક પ્રયોજન છે, જે આપણી

ભૂમિકા અને આપણા પ્રયોજન કરતાં પ્રભુની દૃષ્ટિએ લેશમાત્ર ઓછું મહત્ત્વનું કે ઓછું મૂલ્યવાન નથી. પ્રાણીઓ અંગે કેટલાંક હૃદયસ્પર્શી કથનો જોઈએ.

"પ્રાણીઓની આંખોનાં ઊંડાણોમાં હું ખોવાઈ જાઉં છું ત્યારે મને તેમાં માનવીય આત્મા મારી સામે જોતો હોય તેવું દેખાય છે."

"પીંછાં અને રુંવાટીનાં પડળો હેઠળ, અથવા તો કાંટાળા ગોખરુ ઉપર ચાલતા ચાર પગ ભીતર આત્મા ક્યાં છુપાયેલો છે તે હું શોધતો હતો અને એમની મૂંગી નજરમાં મેં ઊંડાણપૂર્વક જોયું અને હું કસમ ખાઈ બેઠો કે હું એમને વફાદાર રહીશ"

"તને હું બરાબર નિહાળી રહ્યો છું, મારા બાંધવ! ગભરાઈશ નહીં. આ અંચળાને થોડો વધુ વખત ઓઢી રાખ. એક દિવસ એ મુદત પણ પૂરી થશે અને તું તારા મૂળ સ્વરૂપને ફરી પ્રાપ્ત કરીશ."

"ઓ મારા નાનકડા પંખી, તારી અડધી ફેલાવેલી પાંખો ફફડાવતું આવી પહોંચ મારી પાસે. તારા કલરવમાં હું ઈશ્વરી દૂતોનાં મંગળ ગીત સૂણું છું અને તારી પાંખોના અવકાશમાં સાક્ષાત્ પ્રભુ!"

પ્રેમભરી એક નજર, વાત્સલ્યભર્યો એક ઉદ્ગાર, થોડીક અમથી સેવા ઉપર ઉપરથી તો સાવ નજીવી બાબત

લાગે, પણ કોને ખબર છે કે એ તમને ક્યાં લઈ જશે? સાચે જ આની આપણને કશી જ કિંમત પડતી નથી, પણ સામેના ચૈતન્યને જે પ્રાપ્ત થાય છે તેનું મૂલ્ય અમાપ છે. પ્રેમપૂર્ણ સેવામય દૃષ્ટિથી ભરેલો પાણીનો એક નાનકડો પ્યાલો વિશાળ નદીમાં બદલાઈ જઈને અનેકો માટે તીર્થરૂપ બની જાય. સંભવ છે કે કોઈના જીવનની એ કટોકટીની પળ પણ હોય, એ જ ક્ષણે આપણી નજીવી સેવા ત્યાં પહોંચી ગઈ તો લક્ષ્યવેધ થશે, જીવન આખું બદલાઈ જશે. એટલે હાથને સંકોચેલો ન રાખશો. એને ખૂલી જવા દો, લંબાવા દો. એના બદલામાં જે અપૂર્વ તૃપ્તિ તમને મળશે તેના જોટાની કોઈ ચીજ બીજી તમને જડશે નહીં.

## માણસ માત્રમાં કોઈ ને કોઈ ગુણ હોય જ

ઘણી વખત પુછાય છે કે ઊંડા અને મૌલિક પ્રેમને કેવી રીતે અનુભવવો? એવો સત્ત્વશીલ પ્રેમ જે પ્રત્યક્ષ સેવામાં પરિણમે? કેટલીક વખત માણસો જ એવા હલકી મનોવૃત્તિના, લુચ્ચા અને સ્વાર્થી પ્રકૃતિના હોય છે, તેમના પ્રત્યે સહાનુભૂતિ કેવી રીતે થાય? હા, વાત તો સાચી છે, સાવ સાચી છે કે ઉપર ઉપરથી તો આ વાત સાવ સાચી લાગે, પરંતુ જીવનનો એક બીજો નિયમ આ પણ છે કે સામેની વ્યક્તિમાં આપણે જે ગુણો કે લક્ષણો જોઈએ છીએ તે આંશિક રૂપે આપણા પોતાના વ્યક્તિત્વમાં પણ હોય જ છે. વળી ઉપર ઉપરથી જોતાં આપણને આવું લાગશે કે

આ માણસ દોષોથી ભરેલો છે. પણ એ જ માણસના અંતરનાં ઊંડાણો તપાસશો તો જોવા મળશે કે ત્યાં પણ કશુંક સદ્ તત્ત્વ પડેલું છે, જે દૈવી છે, પ્રભુમય છે, આજે એ અંશરૂપે છે પરંતુ આગળ જતાં એ પરિપૂર્ણ પરમાત્મા સમું ઉજ્જવળ સિદ્ધ થઈ શકે.

### ભલા થાઓ, ભલાઈ મળશે

વળી કુદરતનો એક બીજો આ પણ નિયમ છે કે આપણે જે રીતે વર્તીએ એ જ રીતે સામેની વ્યક્તિ પણ એનો પડઘો પાડે. એક જ માણસ બે જુદી જુદી વ્યક્તિઓ સાથે જુદી જુદી રીતે વર્તતો જોવા મળે. કોઈ એના પ્રત્યે માયાળુપણે પ્રેમપૂર્વક વર્ત્યું હશે, તો તેના પ્રત્યે એની વર્તણૂક પણ એવી જ પ્રેમભરી હશે. આપણી ભીતર પડેલી મહત્તા, નિર્મળતા સામેની વ્યક્તિની ભીતર પડેલી સમાન વૃત્તિને જગાડે છે. આપણે જો આપણા અંતરના કાદવને બહાર ઉલેચતા રહીએ તો સામેની વ્યક્તિના આંતરિક કાદવ જ આપણી સામે ઉછળશે. આ નિયમ છે, વાવો તેવું લણો અને કરો તેવું પામો. એટલે સુજ્ઞ માણસો પોતાની વર્તણૂક અંગે ખૂબ જ સભાન અને સાવધાન હોય છે; કારણ કે સામે કશુંક અવાંછનીય તત્ત્વ પ્રગટ થયું તો તેનું મૂળ કારણ આપણા પોતાના જ ત્રાજવામાં આવીને પડે છે. માણસે પોતે જ સર્જેલા વાતાવરણમાં હંમેશાં જીવવું પડે છે.

### ન્યાયવૃત્તિ નહીં, પ્રેમવૃત્તિ

વળી જ્યારે આપણે કહીએ છીએ કે ફલાણી ફલાણી વ્યક્તિ તો આવી છે અને તેવી છે અને એણે આવી આવી

ભૂલો અને અપરાધો કર્યાં છે. પણ મારા જાતબંધુઓના ન્યાયાધીશ તરીકે મને કોણે નીમ્યો છે? મારાં ભાઈબહેનોનો ન્યાય કરવા બેસીશ તો શું તે મારો ન્યાય નહીં થઈ જાય? કાં તો મારે એ સાબિત કરવું પડશે કે મારા જીવનમાં મેં કદી કોઈ ગુનો કે ભૂલ કર્યાં જ નથી. હું કદીય મારા જીવનમાં લથડયો નથી કે નથી મેં કદી કોઈ ઠોકર ખાધી. આવું હું જે ક્ષણે બોલું તે જ ક્ષણે કાં તો હું મૂર્ખ, કાં જૂઠો સાબિત થઈ જાઉં છું.

ઘણીવાર આવું પણ કહેવાય છે કે કોઈને મદદ કરવાના નિમિત્તે પણ આવા માણસ સાથે હું સંકળાઉં તો તે મારા ચારિત્ર્ય અને મારી આબરૂને છાંટા ઉડાડે. આવા માણસ સાથે લોકો મને જુએ તો મારા માટે શું ધારી લે? ઉપર ઉપરથી આ દલીલ આપણને સાચી લાગે. પણ આપણું ચારિત્ર્ય, આપણી પ્રતિષ્ઠા, આપણી આબરૂ અને આપણો મોભો જો એટલા કાચા પાયાનાં હોય કે દુર્જનોની સંગતિથી તે હાલી ઊઠે, તો સૌથી પહેલું કરવા જેવું કામ આ છે કે આપણા ચારિત્ર્યના પાયાને આપણે પહેલાં જ મજબૂત કરી દઈએ. જ્યારે તમને પ્રતીતિ થાય કે તમારાં પોતાનાં મૂળિયાં એવાં ઊંડાં ધરબાઈ ગયાં છે કે દુનિયાની કોઈ ચીજ તેને હલાવી શકે તેમ નથી ત્યારે તમે તમારા જીવનને વિસ્તારવાનો પ્રયોગ આદરો. વિકાસનું જ્યારે આ પગથિયું તમે ચઢી જશો ત્યારે તમે કહી શકશો કે 'લોકોને જે લાગતું હોય તે ભલે લાગે. ભલે તેઓને જે કહેવું હોય તે કહે.'

જીવનનું જ્યારે આ મહાસત્ય સમજાય છે કે મોટા ભાગનાં પાપો તથા અપરાધો કાંઈ પસંદગીપૂર્વક કરાયેલાં કૃત્યો નથી, અજ્ઞાનતાને લીધે તેઓ થયાં હોય છે, ત્યારે તો જીવનમાં અપાર ઉદારતા અને અનહદ ક્ષમાશીલતા દાખલ થઈ જાય છે. એમ નહીં કે માણસ એ જાણતો નથી કે હું જે કરી રહ્યો છું તે ખોટું છે, પાપરૂપ છે, ગુનારૂપ છે. એનું અજ્ઞાન આ બાબતમાં છે કે આ પાપ આચરીને મને જે આનંદ અને સુખ મળશે, તેના કરતાં ઘણાં વધારે સુંદર, સંતોષજનક અને મધુર સુખ, આનંદ મને સત્કૃત્યોમાં પ્રાપ્ત થશે.

મુકામ તો સૌના એકસરખા જ છે. આપણને સૌને આનંદ અને સુખ જોઈએ છે. ફક્ત રસ્તા જુદા છે, પ્રક્રિયા જુદી છે, માધ્યમ જુદાં છે. જે માણસનું ચિત્ત વધારે વિકસ્યું છે, તે વહેલું શાણપણ મેળવી લે છે અને કુદરતના પરમ કાનૂનો સાથે સુસંવાદિતતા સાધી કામ લે છે. પરિણામે જીવનનું ભૌતિક સ્તર એ છોડી દઈ ઊંચા સ્તરે જીવતો થઈ જાય છે અને પછી પરમ સ્વર્ગીય આનંદ અને સુખ માણતો થઈ જાય છે.

સૌનું અંતસ્તત્ત્વ એકસરખું છે, સૌ કોઈ પરમતત્ત્વના અંશરૂપ છે, સૌમાં ગુપ્ત શક્તિ પડેલી જ છે અને છેવટે સૌ પરમધામમાં પહોંચવાના છીએ. આ વાતમાં તથ્ય હોવાની સાથે આ પણ જીવનની વાસ્તવિકતા છે કે જીવનયાત્રામાં કોઈ આગળ હશે, તો કોઈ પાછળ. કોઈની ચેતના

વહેલી જાગી ગઈ હશે, તો કોઈની મોડી જાગશે. વળી આ બાબતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે જીવન એ અખંડ ચિરયાત્રા હોય તો આ જન્મનાં સાઠ–સિત્તેર વર્ષ પરથી માણસને માપવો ના જોઈએ; કારણ કે જીવન અખંડિતપણે વહ્યું આવે છે, એ સતત ખીલતું જાય છે, આગળ વધતું જાય છે, નવું નવું મેળવતું જાય છે. એટલે જેણે એક ડગલું ભર્યું છે તે બીજું ડગલું ભરવાનો જ છે, એટલે ભય માટે કોઈ સ્થાન નથી.

### કોઈ આગળ, કોઈ પાછળ, પણ સૌ કોઈ ગતિમાં

મારા ખેતરના શેઢેની ઓરડીના આંગણામાં ગયે ઉનાળે એક સુંદર છોડ ઊગ્યો હતો. એ છોડવા ઉપર તે દિવસે વીસ કળીઓ બેઠી હતી. એમાંની આઠ–દશ તો એવી હતી કે જાણે હમણાં જ ખીલી ઊઠશે. પણ તેમાંની કેટલીક તો બે કે ત્રણ અઠવાડિયાં સુધી ખીલી જ નહીં અને કેટલીકે તો પૂરી ઊઘડવામાં ખાસ્સો મહિનો લીધો. પાછળથી ખીલનારી આ કળીઓ પહેલાં ખીલેલી કળીઓ જેટલી સુંદર અને પરિપૂર્ણ નહોતી લાગતી. પણ શું તેટલા જ કારણસર એનું મૂલ્ય ઓછું આંકવાનું? પ્રત્યેકને સમય આપવો જોઈએ. રાહ જોતાં, થોભી જતાં આવડવું જોઈએ. સંભવ છે કે પાછળથી ખીલેલી કળીઓની રૂપબહાર પહેલાં કરતાંય વધારે ખીલી ઊઠે. રંગ અને સુગંધ બંને પૂર્ણકળાએ પ્રગટી ઊઠે તેવું પણ થાય.

અહીં પ્રશ્ન 'સમય'નો છે. જીવનમાં કોઈક આગળ હોય તો કોઈ પાછળ. સૌ કોઈ ચાલી રહ્યું છે, યાત્રા સતત

ચાલુ છે. કોઈ મુકામે આજે પહોંચ્યું, તો કોઈ આવતી કાલે પહોંચશે. તેથી કરીને કોઈ ઊંચું–નીચું થઈ જતું નથી. આ જ કારણે કોઈ પ્રત્યે ઓછી કાળજી લેવાય તે હરગીજ સહન ન થઈ શકે તેવી બાબત છે.

બલ્કે જે પાછળ છે, જેનામાં કશી ઊણપ છે, ખામી છે, ક્ષતિ છે તેની તો પ્રેમ, દયા, કરુણા, માયાળુપણાથી વધારે પૂર્તિ થવી જોઈએ. ભરતામાં ભરતી કરવાની એટલી જરૂર નથી. ખાડાને પૂરવો એ જ જરૂરી છે. ઓરડામાં અંધારું હોય તો બારી–બારણાં ખોલી દઈ ઉજાશને અંદર આવવા દેવો એ જ એક ઉપાય છે. અંધકારને ભગાડવા માટે બીજી કોઈ સ્વતંત્ર પ્રક્રિયા કરવાની કશી જરૂર જ હોતી નથી. અજવાળાની હાજરી જ પૂરતી છે. એટલે પાછળ રહી ગયેલા નબળા, અધૂરા, કાચા માનવીઓના દોષો, ઊણપો, અધૂરપો ગણ્યા કરવાથી કશું નહીં વળે. જીવનમાં જે કાંઈ ઉદાત્ત તત્ત્વો છે તેને જીવનમાં ઊગવા દેવાની તક આપવાથી, અંતરાત્માનાં સઘળાં દ્વાર શુભમંગળ માટે ખોલી દેવાથી જીવનનું સૌંદર્ય તે પામી શકશે. આંતરિક જીવનદૃષ્ટિ ખૂલી હશે તેટલું જ તેનું બાહ્ય જીવન સમૃદ્ધ થઈ શકશે, એનું આચરણ પણ અંતર્દૃષ્ટિના પ્રમાણમાં જ ખીલી શકશે.

## પહેલો પથ્થર કોણ મારશે ?

વિશ્વના ઇતિહાસમાં આનાથી સુંદર બીજી કઈ ઘટના આપણે ખોળવા જઈશું ? પેલી બિચારી ગરીબ બાઈ, જેણે

જીવનની કોઈક નબળી ક્ષણોમાં કાંઈક અઘટિત કરી નાંખ્યું અને સ્વાર્થી, નિંદક લોકોનું ટોળું એને ઘેરી વળીને સતાવવા લાગ્યું. સતાવનારા લોકો પોતે આ ભૂલોમાંથી બાકાત હતા તેવું તો હતું જ નહીં, પણ તેમને તો આ બાઈ નો ન્યાય તોળવો હતો અને એટલે જ પ્રભુ પાસે પહોંચ્યા અને માગણી કરી કે આવી પાપણી પર તો પથ્થરમારો કરવો એ જ શિરસ્તો ચાલ્યો આવ્યો છે.

પરંતુ સામે તો બેઠો છે અધ્યાત્મશક્તિનો પૂર્ણાવતાર! ક્ષણાર્ધમાં એ ટોળાના માનસને સમજી જાય છે અને શાંતિથી કહે છે: "તમારામાંથી જેણે પોતાના જીવનમાં કદીય પાપ ના આચર્યું હોય તે આ બાઈને પહેલો પથ્થર મારે!" બસ, આટલું કહીને પોતે જાણે જમીન પર લખતા હોય તેમ નીચું જોઈ ભોંય ખોતરવા લાગ્યા. એક પછી એક ધીમે ધીમે સૌ વીખેરાઈ ગયા. બધા જતા રહ્યા ત્યારે અત્યંત ઋજુતા તથા ભારોભાર કરુણાપૂર્વક પેલી સ્ત્રીને કહે છે, "ક્યાં ગયા તારા આલોચકો? શું કોઈએ તારા પર પથ્થર ના ઉગામ્યો?"

"ના પ્રભુ! એકે પણ પથરો ન માર્યો.:"

"હું પણ તારો તિરસ્કાર નથી કરતો. તું જા અને જો હવે તું ફરી પાપ ના કરીશ."

આત્માનું કેવું સૌન્દર્ય! કેવી કરુણા! ક્ષમા અને ઔદાર્યનો જાણે મહાસાગર! કેવડો મોટો જીવનપાઠ આ પરોક્ષ જ્ઞાનમાંથી આપણને મળી જાય છે!

## સૌના શુભ તત્ત્વને પામીએ

મને પૂર્ણ વિશ્વાસ છે કે પેલી બાઈના અંતરમાં જે કાંઈ શુભ તત્ત્વ પડ્યું હતું તેને ઉપર લાવી સક્રિય કરવાની પ્રક્રિયા દ્વારા એની અંદર પડેલાં અનિષ્ટ તત્ત્વોનાં મૂળ ખેંચાઈ ગયાં હશે. પ્રભુના આ શબ્દો જે ક્ષણે ઉચ્ચારાયા, તે ક્ષણે આ બાઈનો પુનર્જન્મ થયો હશે, એક ભૌતિક પરિપાટી પરથી એકદમ ઊંચકાઈ જઈને આ સ્ત્રી કોઈ વધારે ઊંચી તેવી આત્મિક ઊંચાઈ પર મુકાઈ ગઈ હશે ! પ્રત્યેક માનવના જીવનમાં આવા નવજન્મની ક્ષણ લખાયેલી જ હોય છે !

વળી આ વાત પણ ધ્યાનમાં લેવી ઘટે કે કોઈનો ન્યાય નહીં તોળવાની વૃત્તિ એટલા માટે પણ રાખવી જોઈએ કે આપણે કોઈના અંતર્યામી નથી. માણસના અંતરમાં કેવી મથામણ અને સંઘર્ષ ચાલતાં હોય છે, તેનો આપણને કશો અંદાજ જ હોતો નથી. આપણે તો માત્ર પરિણામ જ જોઈએ છીએ. પુરુષાર્થ, મથામણ, સંઘર્ષ જોઈ શકતા જ નથી. એની જગ્યાએ આપણી જાતને મૂકીને વિચારીએ તો કદાચ સમજાય કે એ જે ભૂલનો ભોગ બન્યો, તેના કરતાં ઘણી મોટી ભૂલ આપણે આચરી બેઠા હોત ! હા, આપણામાં જો અનંત જ્ઞાન અને પરિપૂર્ણ પ્રજ્ઞા હોત તો આપણે કદી ભૂલ ના કરત. પણ જો એટલું બધું જ્ઞાન હોત તો કોઈનો ન્યાય તોળવામાં આપણને આનંદ પણ ન આવત, અથવા તો આપણે સાચો ન્યાય જ તોળત,

અથવા તો સ્વયંશિસ્ત દ્વારા ન્યાયને બદલે પ્રેમ અને કરુણા દાખવવાનો જ માર્ગ પકડત !

ઈશ્વરનાં તમામ સંતાનોની લેશમાત્ર ભેદભાવ વગર કદાચ હું સેવા ન કરી શકું, સૌ માટે હું મારો પ્રેમ પ્રગટ ના કરી શકું તો એટલું સમજી લેવું જોઈએ કે મારા પોતાનામાં કશીક ઊણપ છે, ઓછપ છે. જ્યાં સુધી મારા જીવનમાં સૌ કોઈને દાખલ કરવાની પ્રક્રિયા પૂરી નહીં થાય ત્યાં સુધી જીવનનો પૂર્ણાનંદ પણ મને નહીં જ મળે એ દીવા જેવું સાફ થઈ જવું જોઈએ. મારી સામે ઊભી રહેલી પ્રત્યેક વ્યક્તિ તે મારા જીવનને ઉજ્જવળ બનાવવા માટે વિરલ અને સોનેરી તક બનીને આવી છે એવું સમજીને હું તેનામાં પૂરો રસ ના લઉં તો તેટલી મારા આનંદમાં પણ ખામી રહી જ જવાની, તે નિશ્ચિત છે.

## સેવા અત્યંત સૂક્ષ્મ બાબત

આ સેવાતત્ત્વ એ ખૂબ ઊંડી બાબત છે. એ પરમ ગહન ચીજ છે. એમાં વિવેકદૃષ્ટિની ખૂબ જરૂર છે. એ જો ના રહે તો ક્યારેક સેવા તે કુસેવા બની જાય. કોઈ માણસ જૂઠું બોલ્યા કરતો હોય તો તેના પ્રત્યે સહાનુભૂતિ દાખવવા માટે હું પણ જુઠ્ઠાણાં હાંકયે રાખું તો એ કાંઈ મેં સેવા કરી ના ગણાય ! સામેના માણસને ઊંચો ચઢાવવા માટે આપણે હાથ લાંબો કરવાનો છે અને એ માટે પહેલાં આપણે પોતે ઊંચા થવું પડશે. હું પોતેય જો એના

સ્તરે નીચો ઊતરી જાઉં તો મદદ કરવાની ક્ષમતા જ મારી હું ગુમાવી બેસું છું.

કોઈ સ્ત્રી એમ વિચારે કે ફલાણા દારૂડિયાને સુધારવા માટે હું તેની સાથે લગ્ન કરી લઉં, તો તે પગલું કેવું ગણીશું ? મને લાગે છે કે વસ્તુસ્થિતિને આ હદે ખેંચી ના જવી જોઈએ. આ રીતે કદાચ ઇચ્છિત પરિણામો લાવી પણ ના શકાય. મારે મારા જીવનની દિશાને, મારા જીવનનાં ચઢાણોને પણ ધ્યાનમાં રાખવાં જોઈએ. તો જ હું બીજાની સેવા કરી શકું. સામેની વ્યક્તિના ભલા ખાતર હું એના સ્તર પરની ખીણમાં ઊંડો ઊતરી ના શકું. મારા જીવનને વધુ ને વધુ સુંદર બનાવતાં બનાવતાં હું બીજાને મદદરૂપ થઈ શકું. જો હું સામેની વ્યક્તિના સ્તર પર ઊતરી જાઉં તો સંભવ છે કે એને મદદ કરીને ઊંચો ઉઠાવવાને બદલે કદાચ વધારે નીચે લઈ જવામાં નિમિત્ત બનું. કમ સે કમ હું તેને કશી મદદ તો ના જ પહોંચાડી શકું. જો સામેની વ્યક્તિમાં પોતાની જીવનદિશા બદલવાની કોઈ તીવ્ર ઝંખના ના હોય અને પુરુષાર્થ ના હોય તોય એની સેવા કર્યા કરવી ઠીક નહીં કહેવાય. જ્યાં સુધી એનામાં પોતાનામાં એવી જાગૃતિ ના આવે ત્યાં સુધી એને છોડી દેવો જોઈએ. એના પ્રત્યે ઉપેક્ષા કેળવવી જોઈએ. તો જ તેના પર આપણી અસર પડશે. આપણે થોડો સમય થોભી જવું પડશે અને તે સમય દરમિયાન આપણા જીવનને વધુ ઊંચું ચઢાવવા મથ્યા કરવું પડશે. આપણા જીવનની ઊંચાઈ એ

ગુમાવીને કદીય કોઈને ઊંચા ઉઠાવી ના શકાય. અલબત્ત, સામેની વ્યક્તિ માટે આપણા હૃદયમાં કશી કડવાશ કે ઘૃણા કે તુચ્છતાનો ભાવ ન જ હોય, બલ્કે એને માટે વધારે ને વધારે અનુકંપા, સહાનુભૂતિ અને લાગણી જ પ્રવર્તતાં હોય. આ જ રીતે, હું એ માણસને સાચી, સહાય આપી શકું તેમ છું. હું પોતે જેટલો ઊંચો ઊઠચો હઈશ, તેટલો જ બીજાને અદ્ધર ઊંચકી શકીશ, તે વાત ભૂલવી ના જોઈએ.

સેવા કરવાની બાબતમાં કેટલીક સાધારણ સામાન્ય સમજની વાતો જ ધ્યાનમાં રાખવી જોઈએ. દાખલા તરીકે, કોઈને માટે આપણે જેટલું વધારે કરતા રહીએ, તેટલું ઉત્તરોત્તર વધારે ને વધારે કર્યા જ કરવું પડશે. એવું થાય તો તો આપણે તેને વધારે પંગુ અને પરાધીન બનાવીએ છીએ. પોતાના પગ પર ઊભો રહેવાને બદલે એ આપણા પર જ આધાર રાખતો થઈ જાય છે. તો આ તો કાંઈ સેવા થઈ ના કહેવાય. કેટલાક માણસોને એવી ટેવ પડી જાય છે કે તમે એમની જેટલી વધુ સેવા કરો તેટલી તેમની અપેક્ષા વધતી જ જવાની. જાણે સેવા લેવાનો એમનો જન્મસિદ્ધ અધિકાર ના હોય એ રીતે વર્તીને તેઓ લગભગ અપંગ અને પરાશ્રિત બની જાય છે. આવી બાબતમાં આવા લોકોને ઘસીને ના પાડી દેવી તે જ સાચી સેવા કહી શકાય.

## પરાર્થ માટે સ્વાર્થી બનવાની છૂટ

એટલે એવું બની શકે કે કોઈના અંતરમાં સૌ કોઈની સેવા કરવાની ઝંખના હોય, પ્રાણીમાત્ર માટે પ્રેમ હોય, પરંતુ હજુ તેનામાં સમગ્ર આકલન દૃષ્ટિ ન આવી હોય, વિવેકબુદ્ધિ વિકસી ના હોય તો તે પોતે પોતાની સાધનામાં ડૂબી શકે. પોતાની દૃષ્ટિને સ્પષ્ટ, સાફ કરવા માટે, પોતે વધારે સારી અને સાચી સેવા કરી શકે તે માટે પોતાની જાતને વધુ તૈયાર કરી શકે તે માટે સ્વાર્થી બનીને પણ એણે વ્યક્તિગત સાધના કરવી જોઈએ. વાસ્તવમાં જે પરમ નિસ્વાર્થતા છે તે આખરે તો નરી સ્વાર્થસિદ્ધિ જ છે. સૌનું ભલું થાય તે માટે હું નિઃસ્વાર્થ બનું એ મારો પરમ સ્વાર્થ છે. બહારથી તે મારી નિસ્વાર્થતા છે, પણ પરાર્થ આખરે તો મારા ચિત્તની શાંતિ માટે, મારા પોતાના સ્વાર્થ માટે જ કરેલો ત્યાગ છે. આવા પરમ કોટિના સ્વાર્થમાં જ પરમાર્થ છુપાયેલો છે. દેખીતી રીતે તે ભલે સ્વાર્થ હોય, પણ આખરે તો તે પરાર્થે સધાયેલો સ્વાર્થ છે.

એટલા માટે પોતાની જાતને કદી નજર સમક્ષથી દૂર ના કરવી જોઈએ. ગમે તેટલું મહાન સેવામય જીવન હોય તો પણ તેમાં આ બાબતનું અત્યંત મહત્ત્વ છે. કરતાં પહેલાં થવું અને આપતાં પહેલાં હોવું તે હંમેશાં અનિવાર્ય બાબત છે. પણ આ જ નિયમનું બીજું પાસું આ પણ છે કે વ્યક્તિત્વને સત્કર્મો દ્વારા વધારે સમૃદ્ધ

કરી શકાય છે, આપીને આપણી મૂળ મૂડીમાં વધારો કરી શકાય છે. આપણી પાસે જે કાંઈ છે તેને પોતાના માટે રાખી મૂકવામાં આપણે ગુમાવીએ છીએ. આપણી પાસે જે કાંઈ છે તેને વહેતું મૂકી દેવાથી તે સંપન્ન થાય છે. ટૂંકમાં, આપણે પોતે જેટલા વધુ સમૃદ્ધ હોઈશું, તેટલું વધારે આપણે કાંઈ કરી શકીશું. આપણી પાસે જેટલું વધારે હશે, તેટલું વધારે આપણે આપી શકીશું.

એટલે પ્રેમ અને સેવાના મૂલ્ય ઉપર ઊભું થતું જીવન જ સૌથી વધારે સફળ અને સમર્થ જીવન છે. એના કેન્દ્રમાં જેટલો પરમાર્થ ભરાશે, તેટલો તેનો પોતાનો સ્વાર્થ વધારે સધાશે. પરાર્થે, બીજાને કાજે જેટલું જિવાશે તેટલો સ્વાર્થ વધુ સધાશે. જેટલી વધારે સેવા, તેટલી વધારે સ્વાર્થસિદ્ધિ. આમાંથી જ જીવનનો પરમાર્થ સાંપડી શકશે. ઉત્તરોત્તર જાતને વધારે વ્યાપક કરતા જવાની છે જેથી સેવા પણ વધતી જાય.

□

સાચું સુખ મેળવવાને યત્ન કરો. સુખી જીવનની કિંમત સોના અને ચાંદીથી ગણવી એ ખરેખર શરમાવા જેવું છે.

—સેનેકા

□

## [ ૪ ]

## મંગળ જાગરણ

સાચું, સત્ત્વશીલ અને વળી
પ્રભુમય જીવન જીવવું છે?
સર્વોચ્ચ માનવોએ જીવી બતાવ્યો
તે ધર્મ જીવનમાં વણવો છે?
તો પછી મહાબાંધવ ઈશુ-પ્રબોધિત
સત્યને સાકાર કરી જીવો

જનસેવા તે જ પ્રભુસેવા...

પ્રત્યક્ષ વ્યવહારની દુનિયામાં પગ મૂકીએ છીએ ત્યારે સમજાય છે કે સામાજિક પ્રશ્નો એમનું વિકરાળ મોં ખોલીને આપણી સમક્ષ ઊભા છે. માનવજાતનું જાણે એ સતત ધ્યાન ખેંચી રાખવા મથ્યા કરે છે. એ સઘળા પ્રશ્નોમાં બે પરસ્પર હિત-વિરોધી વર્ગોનું નિર્માણ એ જાણે પ્રશ્નોનોય પ્રશ્ન છે. એનું નિરાકરણ નહીં શોધાય તો સમાજની ગતિ અકળ છે. આમ તો વર્ષોથી આ બે વર્ગો નિર્માતા રહ્યા છે, પરંતુ હવે એ બે વચ્ચે જે ઊંડી ખીણ ઊભી

થઈ ગઈ છે તેણે તો હદ કરી છે. બંને વર્ગ જાણે એકમેકના દુશ્મન હોય તેમ, પરસ્પર જાણે કશી જ લેવાદેવા ના હોય, બલ્કે બીજો જાણે પોતાના વિરોધમાં જ ઊભો હોય તેવી વૃત્તિ દેખાય છે.

## ઉપેક્ષિતોને યાદ કરીશું ?

જનસમુદાયનો ખૂબ મોટો બહોળો વર્ગ, જે મહેનતુ વર્ગ છે તે આજે દેવળોમાં આપણી વચ્ચે નથી હોતો. દેવાલયોમાં બીજા ઘણા લોકો હોવા જોઈએ, પરંતુ આ વર્ગ તો એવો છે કે જે હોવો જ જોઈએ, પરંતુ તેઓ ત્યાં નથી. આ વર્ગને પોતાને એવું લાગે છે કે એમને ત્યાં કોઈ ઇચ્છતું નથી અને જાણે ધીરે ધીરે દેવળો તેમનાં દુશ્મન હોય તેવો ભાવ નિર્માણ થઈ રહ્યો છે. આવી લાગણી ઊભી થવા માટે કશું કારણ તો હશે જ ને ? કાંઈ એમને એમ મનગઢંત કલ્પનાઓ તો ના જ હોય ને? એટલે આ હકીકતો પ્રત્યે સાવધાન થઈ જવાની ઘડી હવે પાકી ગઈ છે. આ પ્રશ્નનો તોડ હવે કાઢવો જ ઘટે. એમાં જેટલું મોડું થશે તેટલું આપણે વધારે કિંમત ચૂકવવા તૈયાર રહેવું પડશે. અને પછી કદાચ ભોં ભારે પડી જાય તેવું પણ થઈને ઊભું રહે. એટલે સવેળા ચેતી જવાનો આ સમય છે.

ચાલો, આપણે આ સેવા, પરોપકાર, પ્રેમ, મદદ અને સ્વાર્પણના સિદ્ધાંતને લોકહિત કાજે અપનાવીએ અને આપણા સૌના જીવનનો મૂળાધાર બનાવીએ અને અનુભવીએ કે આપણા આજના આ યક્ષપ્રશ્નને ઉકેલવા

એ કેટલી મદદ કરે છે! સાચે જ, આને લીધે ઘણા પ્રશ્નો સરળ થઈ જશે. માણસ પોતે આજે એટલો બધો સાંકડા મનનો સ્વાર્થી થઈ બેઠો છે, જેને કારણે આ પ્રશ્ન વધુ ગૂંચવાઈ ગયો છે. આ મૂળ કારણ દૂર થાય તો પરિણામ એકદમ આપણા ધ્યાનમાં આવશે.

## શ્રમનું મૂલ્ય સમજીશું?

અર્થશાસ્ત્રનો એક નિયમ વર્ષોથી ચાલ્યો આવે છે કે વેપારી જે રીતે પોતાનો કાચો માલ ખરીદે છે તે જ રીતે શ્રમને પણ ખરીદે છે, એટલે પોતાના ગ્રાહકોના ભલા-બૂરા સાથે એને કશો જ સંબંધ નથી. જાણે જાનવરોને એક તબેલા હેઠળ ભેળાં કર્યાં હોય તેમ પોતાના મજૂરોને ભેળા કરી એમની સાથે પશુવત્ વ્યવહાર કરવો તેવી પરિસ્થિતિ કાંઈ બહુ આઘેના ભૂતકાળની બાબત નથી. એ તો ઈશ્વરની કૃપા છે કે હવે દિવસો બદલાયા, અને માનવીના ભાવિનું પરોઢ ફૂટયું. હવે માલિકો પણ સમજતા થઈ ગયા છે કે ધર્મ અને વેપારના નીતિ-નિયમોને સાવ વિરોધી દિશામાં રાખી શકાશે નહીં. પોતાના કામધંધા માટે એ જે માણસોને રાખે છે તે આખરે એના માનવ-બંધુ છે અને માણસ માણસ પ્રત્યે વર્તે એ રીતે એણે વર્તવું જોઈએ. જો આ સત્યાચરણમાં એ ભૂલ કરશે તો ન્યાયી પરમાત્મા એનો ન્યાય તોળી ફળરૂપે સજા આપ્યા વગર નહીં રહે.

હવે એને આ હકીકત સમજાવા માંડી છે કે પોતાના મજૂરો તથા કારીગરોનું ભાવિ ઊજળું નીવડશે અને એમને અધિકારો પ્રાપ્ત થશે તો તેમનાં શારીરિક, માનસિક અને નૈતિક જીવન ઊંચાં આવશે, તેમનું ઘર એક રહેવા જેવું વિશ્રામધામ બનશે, સુખદાયી કૌટુમ્બિક સંબંધો બંધાશે. આમ સરવાળે એની સુખી જિન્દગી તે માલિકને માટે એક ભારે મોટી પૂંજી બની જશે, કારણ કે જીવનના ઊંડા સંતોષ અને શાંતિને પરિણામે માણસની કામ કરવાની શક્તિ વધતી જ હોય છે. એ તો અનુભવની બાબત છે કે જે ઉદ્યોગપતિએ પોતાના મજૂરોનાં આવાં હિતોની કાળજી લીધી, તેનો ધંધો ખૂબ જ ફૂલ્યો–ફાલ્યો. આમ જેમ જેમ સત્ય ખૂલતું જાય છે, તેમ તેમ ખોટા વિચારો, ખોટી રીતિ-નીતિ આપણે છોડતા જઈએ છીએ એ સારું જ છે. શ્રમિક માણસની અંદર પડેલા દિવ્ય પોતનો પણ વધુ ને વધુ સ્વીકાર થતો રહ્યો છે.

## માણસનું ગૌરવ જાળવતાં શીખીએ

પોતાના કામધંધા માટે રખાયેલા માણસો તે કાંઈ નિર્જીવ સાધન નથી, નર્યો કાચો માલ નથી, એમાં નરી ઉપયોગિતાવાદની વૃત્તિ નભાવી શકાય નહીં. આ વાતની વહેલી તકે પ્રતીતિ જાગી જવી જોઈએ. તમારે ત્યાં કામધંધે આવતો માણસ એ તમારો જ ભાઈ છે. એના ભલાની ચિંતા તમારે હૈયે વસવી જોઈએ. આ પ્રતીતિ થાય તેમાં પ્રત્યેકનું અને સમાજનું પણ ભલું છે. આવી

પ્રતીતિ થશે તો જ બધાને પોતાના માનવબંધુ માનીને સૌના કલ્યાણની યોજના વિચારાશે. આવું થાય તો જ આ પ્રશ્નનું નિરાકરણ શકય છે.

આવું કાયદાથી કરવા જઈએ તો કાંઈ તેમાં ઝાઝી સફળતા ના સાંપડે. આ કોયડો કાયદાથી ઊકલે તેના કરતાં શિક્ષણ અને સંસ્કારથી વધુ ઊકલે. આમાં નિયમ, દબાણ કે ફરજ પાડવાને બદલે અંતરાત્માને જગાડવાની બાબત વધારે છે. કોઈ પણ પ્રશ્નને મૂળમાંથી આપણે ઉકેલવો હોય તો એને સાચી રીતે હાથમાં લેવો જોઈએ અને એનાં મૂળ પર જ પ્રહાર કરવો જોઈએ. વ્યક્તિના અંતસ્તરનો સંપર્ક કરવાથી આ પ્રશ્ન મૂળમાંથી ઉકેલાશે.

### સૌના ભલામાં સૌનું હિત : સર્વોદય

કોઈ પણ સામાજિક વિકાસકાર્યમાં માણસનો માણસ સાથેનો સીધો સંપર્ક તે ખૂબ જરૂરી છે. આ સિવાય ઊંડાં અને દીર્ઘકાલીન પરિણામો આવી શકે જ નહીં. **એકેએક વ્યક્તિના ભલામાં સૌનું ભલું સમાયેલું છે અને સૌના ભલામાં એકેએક વ્યક્તિનું ભલું સમાયેલું છે**—આ સત્ય સૌ કોઈ તરત જ પકડી લેશે. એટલે વ્યક્તિને કેન્દ્રમાં રાખો તો સમગ્ર તેમાં સમાઈ જશે. પ્રત્યેક વ્યક્તિ એકેએક વ્યક્તિ સાથે સંવાદિત થઈને કામ કરે તો સમગ્ર સમાજમાં સુસંવાદિતતા પ્રગટ થઈ ઊઠશે. એક પુરાણી માન્યતા ચાલી આવે છે કે હરીફાઈ હશે, સ્પર્ધા હશે, તો સમાજમાં

ભારે મોટો વિકાસ, પ્રગતિની હરણફાળો ભરાશે. હરીફાઈ એ સાહસોનું પ્રેરક તત્ત્વ છે એવું મનાતું. પણ આ માન્યતા ખોટી છે, કારણ કે એ જંગલી અને સરવાળે નુકસાનકારક છે. હવે આપણને આ માન્યતાની નિરર્થકતા સમજાવા લાગી છે. **આ સ્પર્ધાના મૂલ્યને બદલે પરસ્પર સહયોગનું મૂલ્ય, પરસ્પર પ્રતિસાદ આપવાનું મૂલ્ય તે વધારે મહત્ત્વનું અને સાચું મૂલ્ય છે**—આ વાત ધ્યાનમાં આવવા લાગી છે. પોતે ઊંચે ચઢવું તે બરાબર છે, પણ બીજાને સતત નીચે ખેંચતા–ઢસળતા રહી પોતે આગળ નીકળી જવું તેમ નહીં, પણ બીજાને સતત ટેકો આપતા રહેવું, પોતે પણ ટેકો મેળવતા રહેવું અને આમ શક્તિઓની બાદબાકી નહીં પણ સતત સરવાળા જ કરતા રહી આગળ વધવું.

### નબળાં અંગને સબળું કરીએ તેમાં જ આરોગ્ય

માની લો કે કેટલાક લોકો ઊંચે ચઢી જવામાં સફળતા મેળવી લે છે. પરંતુ બાકીના ઘણા લોકો હજુ તો સાવ તળેટીમાં ઊભા છે તો શું ઉપર પહોંચી ગયેલાને શાંતિ અને સંતોષ પ્રાપ્ત થશે ? સૌની સાથે ઉપર હોવામાં જે પ્રાપ્તિ છે, તે આમાં ન જ હોઈ શકે. વ્યક્તિ તે સમાજનું અભિન્ન અંગ જ છે. આખો દેહ બીમાર હોય તો એક અવયવ કદીય સંપૂર્ણપણે તંદુરસ્ત અને આરામમાં રહી જ ના શકે. રોગની વત્તીઓછી અસર હેઠળ આવ્યા સિવાય એ રહી જ ના શકે. સમાજનો કે રાષ્ટ્રનો કોઈ

પણ એક ભાગ એકલોઅટૂલો ઊભો રહી જ ના શકે. બધા જ એકમેકને આધારે જ ટટ્ટાર રહી શકે. ઠેઠ પ્રાચીનકાળથી આ વાત આપણે સતત સાંભળતા આવ્યા છીએ, પણ આપણને હજી આપણા સૌની સંગઠિતતાની, એકસંવાદિતતાની, સામંજસ્યની પ્રતીતિ થઈ નથી.

પણ ના, જ્યાં સુધી આ વાત ગળે ના ઊતરે ત્યાં સુધી બીજો કોઈ ઉપાય કે રસ્તો છે જ નહીં. સૌના ભલા માટે સૌ કોઈની ચિંતા સૌ કોઈના હૈયે વસ્યા સિવાય બીજો છુટકારો જ નથી. વિકાસકૂચમાં દરેકે ડગ માંડવાં જોઈએ, દરેકે પોતાનો ફાળો નોંધાવવો જોઈએ અને તેમાં કોઈ એકાદ વ્યક્તિ પણ પાછળ કે બાદ રહી જાય તે ચાલે જ નહીં. આ વાત અમલમાં મુકાય તો જ આ સમસ્યા ઊકલે અને આપણું રાષ્ટ્રીય જીવન બદલાય અને સૌનું ભલું સધાય.

વિષમતા ઘટાડવા માટે આ જ એક માત્ર સોનેરી ઉપાય છે, નિરાકરણ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ વાત સમજાવા લાગી છે કે સંપત્તિને વહેંચવી પડશે. આપણાં મોટાં નગરોની મોટી મોટી સંસ્થાઓ હવે આ વાત સમજવા લાગી છે. અલબત્ત, ભૂતકાળમાં ડઝનબંધ પદ્ધતિઓ દ્વારા ગરીબાઈના પ્રશ્નને ઉકેલવા પ્રયત્નો થયા છે, પણ સફળતા મળી નથી. કેટલીક પદ્ધતિઓને લીધે તો પરિસ્થિતિ થોડી વધારે જ વકરી છે. ભગવાન ઈશુએ આખા પ્રશ્નને જે વૈજ્ઞાનિક અને સૌ આચરી શકે એ રીતે હાથમાં લીધો તે રીતે ઘણા થોડા લોકોએ આ પ્રશ્નને હાથ ધરેલો. સેવાના સિદ્ધાંત ઉપર મંડાયેલા જીવનની જે વ્યક્તિગત અને મૈત્રી-

પૂર્ણ અસર થાય છે, તેનું સ્થાન બીજી કોઈ પદ્ધતિ લઈ શકે જ નહીં.

### સેવાધર્મ અત્યંત ગહન અને સૂક્ષ્મ

જગતના ઇતિહાસમાં ગરીબોને મદદ કરવાની વાત સૈકાઓથી ચાલી આવી છે. આરંભના ઇતિહાસમાં તો 'સૌ સૌનું નસીબ ફોડી લે'નો સિદ્ધાંત ચાલતો, પરંતુ ઈશુના કાળ પછી 'બીજાને મદદરૂપ થાઓ'ની વાત વહેતી થઈ છે. હવે આપણે 'બીજાને એ રીતે મદદ કરો, જેથી તેઓ પોતે જ, પોતાને મદદરૂપ થાય.'—આ સિદ્ધાંત સુધી પહોંચ્યા છીએ. નગરની સરિયામ સડક પર જતી કોઈ ધનિક વર્ગની યુવતી રસ્તા પરના કોઈ ભિખારીના લંબાયેલા હાથમાં પૈસાનો સિકો નાખી દે એ કાંઈ દાનની સાચી રીત નથી. ઊલટું, આ ભીખ આપવાથી તો સમાજનું વધારે નુકસાન થઈ શકે. આ તો પોતાના અંતરાત્માને, કર્તવ્યબુદ્ધિને બહુ સસ્તું સમાધાન આપી દેવાની સહેલીસટ રીત છે. 'દાન' જેવા સમર્થ શબ્દને માત્ર કાંઈક આપીને છૂટી જવું એવા સીમિત અર્થમાં કેદ ના કરી લેશો. દાન આપીને તો માણસે બીજાના જીવનમાં રસ લેતાં, પ્રેમ કરતાં, સેવા કરતાં, જીવનમાં કરુણા વહેવડાવતાં શીખવાનું છે. દાન એ કોઈ દેખાડાની કે અલ્પ તૃપ્તિની બાબત નથી.

જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી એટલે એ લોકો લાચાર સ્થિતિમાં ના રહે, પોતે પોતાના પગ ઉપર ઊભા રહી ગૌરવભર્યું જીવન જીવી શકે, કાયમ માટે કોઈ પાસે

માંગતા રહેવાની પરિસ્થિતિ ના રહે, કોઈક કાયમ માટે દાતા અને કોઈક કાયમ માટે અદાતા–આવા ભેદ ના રહે. આ છે દાનનો વિચાર. મોટી મોટી ધાર્મિક સંસ્થાઓ આ રીતે કામ કરતી હવે થઈ છે. 'મિત્ર મહેમાન' નામનું એક મંડળ ચાલે, જ્યારે ખબર પડે કે ફલાણી જગ્યાએ મદદ–રાહતની જરૂર છે, ત્યારે આ મંડળના સભ્યોમાંથી એકાદો ત્યાં પહોંચી જાય અને એક મિત્ર બનીને જે–તે ઘરના સંજોગોને તપાસે અને પછી જરૂર લાગે તો પેલા માણસને કાંઈક એવું કામ ગોઠવી આપવામાં મદદરૂપ થાય, જેથી એ પોતાનો રોટલો રળતો થઈ જાય. ગરીબોને રોટલો નહીં, કામ આપવાની, રોજી આપવાની જરૂર છે, જેથી એ પરાધીન ના બને. વળી એનું આત્મ–સન્માન પણ જળવાય અને આશાના નવા અંકુરો પણ ફૂટી શકે. માણસને હાથ લંબાવતાં ઘણાં મનોમંથનોમાંથી પસાર થવું પડે છે, એવી લાચાર પરિસ્થિતિમાં એ ના મુકાય તે જ જોવું રહ્યું.

પણ રોજીરોટીનું સાધન મળી જવાથી જીવનમાં નવો સૂરજ ઊગી નીકળે છે, નિરાશા ખંખેરાઈ જાય છે. પછી આવી મદદ લેનારો પોતે મિત્રમંડળનો એક સાથીદાર બની જાય છે. પેલો મિત્ર મહેમાન પણ કાયમનો મિત્ર બની અવારનવાર ઘેર આવતો રહે છે. એવો ખ્યાલ આવે કે મદદનો દુરુપયોગ થઈ રહ્યો છે તો તે મદદ બંધ પણ કરી શકાય. આ રીતે આ સંસ્થાઓ ખૂબ જ મૂલ્યવાન

કામ કરી રહી છે. જેમ જેમ એમનો વિકાસ થતો જશે, તેમ તેમ કામ વધારે વિકસતું જશે.

### ઊભા થવામાં મદદ, તે સાચી મદદ

આ જ સિદ્ધાંતને આધારે સમાજમાં વિવિધ સંસ્થાઓએ આ કામ ઉપાડી લીધું છે. અહીં જ એક કૉલોનીમાં કેટલીક યુવતીઓ ભેગી થઈને શહેરની ઝૂંપડપટ્ટીઓમાં જઈને ત્યાંના લોકોનું જીવન સુધરે તે માટે મથી રહી છે. આ જૂથમાં યુનિવર્સિટીઓનાં સ્નાતક ભાઈબહેનો પણ છે, ઉજ્જવળ કારકિર્દી ધરાવનારા મિત્રો પણ છે. આમ ગરીબોનો તેઓ સીધો સંપર્ક રાખે છે. પરિણામે ધીરે ધીરે વર્ગભેદ ઓછો થતો જાય છે. આમ પુરાણી દાનપદ્ધતિને લીધે જે નુકસાન થતું હતું તે અટકી ગયું છે. મદદ લેનાર માણસ આમાં હીન બનતો નથી. એમને અણીને સમયે સાચી મદદ કે રાહત મળી રહે છે અને તેઓ ઊભા થઈ ચાલવા શક્તિમાન બને છે.

આ પ્રકારનાં કામ કરવાનું જે લોકો પસંદ કરશે તે કાંઈ 'ફેશન' કે 'શોખ' રૂપે નહીં કરે, પણ એમાં જ સચ્ચાઈ છે એમ સમજીને કરશે. ગરીબવર્ગ સાથે એકરૂપ થઈ ભળી જવામાં તેમને કશી નાનમ નહીં લાગે. જે લોકોને માત્ર ઉપર ઉપરની કીર્તિ જોઈએ છે, મહાનતાનો સિક્કો લટકાવવો ગમે છે તેવા લોકો જ આવાં કાર્યોને પ્રદર્શનનું કે દેખાડાનું સ્વરૂપ આપે. આ જ એની કસોટી છે.

## ભૂખ્યાંમાં ભગવાન જોતાં શીખીએ

કહેવાયું છે કે "ઈશ્વર માટે માણસ મોટામાં મોટી ચીજ કરી શકે તે આ છે કે એ પ્રભુનાં સંતાનની સેવા કરે." એક જ પિતાનાં સૌ સંતાન, એટલે પરસ્પર સૌ ભાંડરડાં. પ્રભુ પછી બીજા નંબરે માણસ. માણસ પોતે જ પ્રભુસ્વરૂપ છે. એટલે માનવતા એ પ્રભુતાથી કાંઈ ઝાઝી દૂર નથી. ઘણા લોકો 'ભગવાન ભગવાન' રટયા કરે છે અને ભગવાનની મોટી મોટી પ્રતિમાઓ રચીને અલંકારોથી શણગારે છે. આવા ભક્તોનો ઘણો સમય ભજન–સ્તુતિ ગાવામાં જ વીતે છે, કેમ જાણે ભગવાન પોતાનાં સ્તુતિ-ગાનનો ભૂખ્યો ના હોય! એનાં જ સંતાન બટકું રોટલા માટે ટળવળતાં હોય ત્યારે એને આવા શબ્દોના રોટલાથી શે સમાધાન થાય?

એવા ઈશ્વરની તમે કલ્પના કરી શકો છો, જે આપણા પ્રેમ અને સેવાનો અધિકારી છે, તેને આવી ચીજોથી સંતોષ થાય? આવી સેવા કરવાથી આપણને સંતોષ થાય? હું કબૂલ કરું છું કે મને પોતાને તો ન જ થાય. મારું પોતાનું તથા મારા માનવબંધુઓનું જીવન સુધારીને જ હું એમની સેવા કરી શકું તેવું મને લાગે છે. મને એવું પણ લાગે છે કે ભગવાનને પોતાને પણ આવા જ પ્રેમ અને સેવાની ભૂખ છે. આવી જ સેવા એ સ્વીકારી શકે. કોઈકે કહ્યું છે કે "જે કોઈ 'હું ઈશ્વરને ચાહું છું'

કહીને એના જાતબંધુઓને ન ચાહે તે જૂઠો છે, એનામાં કોઈ સચ્ચાઈ નથી."

ધર્મમાં પણ આ સેવા, કરુણા, દયા અને પ્રેમના સિદ્ધાંતથી ઊંચો સિદ્ધાંત બીજો એકે નથી. ખ્રિસ્તી ધર્મ તે સેવાધર્મ નથી તો બીજું શું છે? આપણા પરમગુરુએ શું કહ્યું? એમણે જે કાંઈ કહ્યું અને પોતે જે કાંઈ કર્યું તેને અનુસરે એ જ સાચો ખ્રિસ્તી કહેવાય ને? ખ્રિસ્ત પોતે કોણ હતો? માંદાઓને જે સાજાં કરતો, નાગાંને કપડાં ઓઢાડતો, નબળા, દીનહીન લોકોને ઊભા કરતો, ગરીબોનો બેલી, ઘમંડીઓનો આલોચક. લોકોને એક જ વાત શીખવતો કે જીવનને ઉદાત્તતાપૂર્વક, કરુણા–દયા દાખવીને જીવો. લોકોના સેવક બનો. પોતાને અનુસરવું હોય તો પોતે જે કર્યું તે કરવું પડશે. માનવતાની સેવા કાજે એણે પોતાનું તમામ જીવન ખરચ્યું. પોતાનુ આત્મબલિદાન પણ આ જ હેતુસર કર્યું. સત્કર્મો એ જ એના જીવનનું ચાલક બળ હતું. સેવામય જીવન જ એનું ધ્રુવપદ હતું.

## ઈશુ જેવું જીવન જીવીને જ સાચા ખ્રિસ્તી બની શકાય

શું તમે ઇચ્છો છો કે તમારી ગણના એના અનુયાયીઓમાં થાય? 'ખ્રિસ્તી' તરીકેનું નામ તમને મળે તેવું ઝંખો છો? તો બેસો એના ચરણોમાં, જાણો એના વિષે, સમજો કે એ કેવું જીવ્યો, એણે જે કાંઈ પોતાના જીવનમાં કર્યું તે તમે પણ કરો, એણે જે ઉપદેશ આપ્યો, તેને

તમારા જીવનમાં આચરીને ચરિતાર્થ કરો. કશું આ દિશાનું કર્યા વગર તમે 'ખ્રિસ્તી' ના બની શકો. સાચું ખ્રિસ્તીપણું પામવા માટે આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

માત્ર ખ્રિસ્તી કહેવડાવવાથી તો ખ્રિસ્તી થઈ જવાતું નથી, કારણ કે ઘણાય આ નામે ઓળખાતા એવા લોકો નીકળશે જેમને એક દિવસે ઈશુ પોતે કહેશે કે 'હું તમને ઓળખતો નથી. શાપિતો, આઘા ખસો." ગમે તેટલાં વિધિ-વિધાન, કર્મકાંડોથી પસાર થઈએ, ગમે તે પંથનો સિક્કો છાતી પર લઈને ફરીએ, ગમે તેટલાં પ્રવચનો આપતા રહીએ પણ જીવનમાં કશું કરીએ નહીં તો આ બધાનો કશો અર્થ નથી. એ બધું નર્યું જૂઠાણું, મજાક, દંભ થશે. સાચા ખ્રિસ્તી થવા માટે એણે જે કાંઈ કર્યું તે કરવું પડશે. ખ્રિસ્તનું જીવન જીવવું પડશે. પ્રભુની સાથે તાદાત્મ્ય સાધી એ અભિન્નતામાં અખંડપણે જીવતાં શીખવું પડશે. મુશ્કેલી એ થઈ છે કે ઘણા લોકો માત્ર વ્યક્તિપૂજામાં રચ્યાપચ્યા રહે છે. તેમને ઈશુની મૂર્તિમાં જ રસ છે. એના જીવન, એના ઉપદેશ, એનાં કાર્યો સાથે ઘણા થોડા લોકોને નિસ્બત હોય છે.

ક્યારેક જ કોઈક વિરલ આત્મા અંતઃપ્રેરણાથી જાગી ઊઠે છે અને એની આ અંતઃપ્રેરણા અને શક્તિ જોઈ આપણે અચંબો પામી જઈએ છીએ. એનો મૂળ સ્રોત આપણે શોધવા મથીએ છીએ તો જોવા મળે છે કે એના જીવનમાં એક જ મહાસત્ય કામ કરતું હોય છે. જીવનનું પ્રત્યક્ષ

આચરણ, એમાંથી જ શક્તિ ઝરે છે. એ ખ્રિસ્તનું જીવન જીવે છે. માત્ર દૂર ઊભા રહીને, સાથી બનીને ઈશુનાં વખાણ કરતા રહીને, 'હા, હું તને માનું છું, તને માનું છું' એમ કીધા કરવાથી કશું ન વળે. એને પોતાને તો ઈશ્વરનું સામ્રાજ્ય સાંપડી ગયું છે. એ સમજી ગયો છે કે ઈશ્વરનું સામ્રાજ્ય એટલે કોઈ સ્થળ નથી, એ તો અવસ્થા છે; અને એના હૈયામાંથી એક જ ગાણું ઊઠ્યા કરે છે કે "આનંદ જ આનંદ છે! આનંદ સિવાય બીજું કશું જ નહીં."

### પ્રભુનું સામ્રાજ્ય આપણી અંદર

ગુરુદેવે કહ્યું છે, તમને યાદ હશે કે, "હાથે બનાવેલાં ઘરોમાં કે મંદિરો–મઠોમાં પ્રભુના સામ્રાજ્યને શોધવા ફાંફાં ન મારીશ. શું તું જાણતો નથી કે સ્વર્ગનું સામ્રાજ્ય તો વસે છે તારી ભીતર ?" એને ક્યાં શોધવું તે એમણે સ્પષ્ટ સૂચવ્યું છે. બીજી બધી વસ્તુઓ કેવી રીતે શોધવી તેના અંગે એ કહે છે, "પહેલાં પ્રભુનું આ સામ્રાજ્ય મેળવી લે, પછી બાકીની તમામ ચીજો તને જડી જશે." હવે એનાં સામર્થ્ય, પ્રેરણા અને સઘળી ચીજોના ત્યાગની વાત સમજાય છે? મુશ્કેલી એ છે કે ઘણા લોકો એ રીતે વર્તે છે કે જાણે ગુરુદેવે જે કાંઈ કહ્યું તેમાં માનતા જ ના હોય. ઈશુ એટલે એમના શબ્દો, એવું જાણે તેઓ સ્વીકારતા જ નથી. તેઓ મોંએ એક ચીજ કહે છે અને કરે છે કાંઈક બીજું જ. કરણી અને કથનીને જાણે કાંઈ લાગેવળગે જ નહીં. ઈશુના શબ્દેશબ્દનું પાલન કરીને તે જીવ્યા તેવું જીવન જીવવાને બદલે ઈશુમાં શ્રદ્ધા છે તેવો દેખાડો

કરીને જૂનીપુરાણી પરંપરાગત રૂઢિ–પ્રણાલિકાઓને વળગી રહી કર્મકાંડો અને વિધિ–નિષેધમાં રચ્યાપચ્યા રહી તેમાં જ સંતોષ મેળવતા હોય છે. ના, આ ખ્રિસ્તી જીવન નથી. ખ્રિસ્તી થવું હોય તો ખ્રિસ્તનું જીવન જીવવું પડશે, જેણે સેવામય જીવન વિતાવ્યું, જેના પર બીજા કોઈનું શાસન ચાલ્યું નહીં, કેવળ આત્માના શાસનનું જ વર્ચસ્વ રહ્યું.

માનવપ્રેમ અને સેવાનો આ જીવનમંત્ર એ મોટામાં મોટો જીવનસિદ્ધાંત છે અને એ જ એકમાત્ર દ્વાર છે, જેના દ્વારા આપણે પ્રભુના સામ્રાજ્યમાં દાખલ થઈ શકીએ.

## 'ભૂખ્યો, નાગો, ઉપેક્ષિત તે જ હું'

ફરી ગુરુદેવના જ શબ્દો જોઈએ. 'અંતિમ ન્યાય'નું વર્ણન કરતી વખતે પહેલાં તો પિતાની તમામ કીર્તિ અને પવિત્ર દૂતો સાથે લઈને આવેલા માનવપુત્ર અંગે કહીને, જમણે–ડાબે પડખે વહેંચાયેલી પ્રજાની વચ્ચે સિંહાસન પર બેસી એ કહે છે : "જમણે પડખે બેઠેલા લોકોને બોલાવીને સમ્રાટ કહે છે કે આવો, મારા પિતાનાં વહાલાં સંતાન, જગતના મૂળ સ્રોતમાંથી સર્જાયેલા આ ઈશ્વરી સામ્રાજ્યનો વારસો સંભાળો. કારણ કે જ્યારે હું ભૂખ્યો થઈને તમારે બારણે આવ્યો, ત્યારે તમે મને જમાડયો. હું તરસે તરફડતો હતો અને તમે મને પાણી પાયું. હું અજાણ્યો માણસ થઈને આવ્યો અને તમે મને આત્મીયતા આપી. મારી પાસે લાજ ઢાંકવા વસ્ત્રો નહોતાં, તમે મને

ઢાંકયો. હું માંદો પડયો, તમે મારી સારવાર કરી. કેદમાં હું સબડતો હતો, તમે મને છોડાવ્યો. ત્યારે પેલા લોકો જવાબ આપશે : પ્રભુ, અમે તને વળી ક્યારે ભૂખ્યો–તરસ્યો જોયો અને ખવડાવ્યું–પીવડાવ્યું ? તું અમારે બારણે વળી ક્યારે આવીને ઊભો રહેલો, ક્યારે અમે તને કપડાં આપ્યાં ને ક્યારે સારવાર કરી ? ત્યારે સમ્રાટ જવાબ આપશે કે મારા બંધુઓ પ્રત્યે તમે જે વર્તન દાખવ્યું તે મારા પ્રત્યે જ દાખવ્યું સમજો.”

પછી એ ડાબી તરફ વળીને કહેશે કે “અરે શાપિતો, તમે મારી નજર પાસેથી આઘા ખસો; કારણ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે કશું ન ખવડાવ્યું. હું તરસ્યો હતો, તમે મને પાણી પણ ન પાયું, હું અજાણ્યો થઈને તમારી પાસે પહોંચ્યો, તમે મારી સામે પણ ન જોયું. મારી પાસે પહેરવા વસ્ત્રો પણ નહોતાં અને તમે ઘોર ઉપેક્ષા સેવી. ત્યારે પેલા લોકોએ કહ્યું કે પ્રભુ, તમે ઘેર ક્યારે ભૂખ્યા, તરસ્યા વસ્ત્ર-વિહોણા પધાર્યા તેની અમને તો જાણ જ નથી ! ત્યારે સમ્રાટ એમને કહેશે કે તમે આ લોકો પ્રત્યે જે વર્તન દાખવ્યું તે મારી પ્રત્યે જ દાખવ્યું.”

## ઈશુનો પ્યાલો

એક દંતકથા છે કે ઈશુએ જે છેલ્લું વાળુ પોતાના શિષ્યો સાથે કર્યું, તેમાં જે પ્યાલામાં ઈશુએ પીણું પીધું તે પ્યાલો ઇંગ્લેન્ડમાં લાવવામાં આવ્યો. ઘણાં વર્ષો સુધી એ ધામ તીર્થધામ બની ગયું અને જે લોકો સંનિષ્ઠાપૂર્વક

મન, વાચા અને કર્મથી બ્રહ્મચર્ય ધારણ કરતા હતા, તેમની પાસે આ પ્યાલો રહેતો હતો. એક વખતે એમાંના એકનો વ્રતભંગ થયો, પરિણામે પેલો પ્યાલો અદૃશ્ય થઈ ગયો. ત્યારથી એ પ્યાલાની અવિરત શોધ ચાલી રહી હતી. સર લોન્ફાલે પોતાના જીવનનો ઘણો બધો હિસ્સો આ પ્યાલાની શોધમાં વીતાવ્યો. તેમની માન્યતા હતી કે આ પ્યાલો શોધી શકે તો લોકોની મોટી સેવા થઈ શકે, પણ આ શોધમાં ને શોધમાં તેમના વાળ પાકી ગયા, કમરે બેવડા વળી ગયા અને છેવટે ખાલી હાથે એ પોતાને ત્યાં પાછા ફર્યા ત્યારે જોયું કે એમના કિલ્લાનો કબજો તો બીજા કોઈ લોકોએ લઈ લીધો છે. એમને બહાર હાંકી કાઢવામાં આવ્યા. એમનો ઝભ્ભો ફાટી ગયો હતો. પોતે ઈશુના પ્યાલાની શોધમાં આખી જિંદગી સમર્પી દીધી હતી અને છેવટે હાથમાં આવી આ લાચાર અવસ્થા. ત્યાં બેઠા બેઠા જ્યારે ઊંડા ચિંતનમાં ડૂબીને ધ્યાન કરતા હતા, ત્યારે એક ગરીબ રક્તપિત્તિયો માણસ સામે આવીને ઊભો રહે છે, જે જીવનની જુવાનીની ઊગતી સવારે મદદ માટે હાથ લંબાવીને સામે ઊભો હતો. તે વખતે તો પોતે પ્રભુની પેલી સેવા કરવાની ધૂનમાં ને ધૂનમાં પેલા માણસ તરફ ઠપકાભરી નજરે એક સિક્કો ફેંકી આગળ ચાલવા માંડ્યું હતું. પણ હવે તો સંજોગો બદલાઈ ગયા હતા અને હવે એનામાં શાણપણ ઊગ્યું હતું. પેલો ગરીબ રક્તપિત્તિયો કહે છે કે 'મને કાંઈક આપો.' લોન્ફાલ જુએ છે કે સામે

ઊભેલો માણસ રોગને લીધે સાવ ફિક્કોફસ થઈ ગયો છે, ચહેરા પરનું નૂર ઊડી ગયું છે. એ કહે છે કે "તારા ચહેરામાં હું ક્રૂસ પર ચઢેલા ઈશુનું પ્રતિબિંબ જોઉં છું. તારા શિરે પણ વેદનાના કાંટાળા મુગટ દેખાય છે. તારા હાથેપગે અને છાતીમાં હું ખીલા ઠોકેલા જોઉં છું. મેરીના પુત્ર દ્વારા હું તને આ આપું છું તે તું સ્વીકાર.'

લોન્ફાલ એને રોટલીનો ટુકડો અને લાકડાના પ્યાલામાં પાણી આપે છે અને માથું ઝુકાવી અંતરમાં આનંદ અનુભવે છે. એટલામાં જુએ છે કે પેલો રક્તપિત્તિયો અદૃશ્ય થઈ ગયો છે અને ચોમેર પ્રકાશ પ્રકાશ છવાઈ ગયો છે. સામે જ એક ઊંચી સુંદર અને ટટ્ટાર વ્યક્તિ ઊભી છે. થોડીવારે મૌનથીય વધારે શાંત સ્વરે એ કહે છે: "મારી સામે જો, હું છું, ગભરાઈશ નહીં. તું આખી જિન્દગી પેલા પ્યાલાની શોધમાં ઠેર ઠેર ભટક્યો ને? પણ જો, એ પ્યાલો તો તારી પાસે જ છે. હા, એ જ પ્યાલો, જેમાં તેં મને ઝરણામાંથી પાણી પાયું. પેલા ક્રૂસ ઉપર એનું જે લોહી ટપક્યું હતું તે આ પાણી બનીને વહે છે અને પેલું છેલ્લું પવિત્ર ભોજન એ થાળીમાં સચવાયેલું છે, જે થાળી ભૂખ્યાંને પીરસાય છે. દાનરૂપે કે ભિક્ષારૂપે નહીં, પણ કોળિયામાંથી કોળિયો કાઢીને અપાય ત્યારે જ તે પેલું પવિત્ર ભોજન બની જાય છે, કારણ કે આપનાર પોતે જો પોતાના હૃદયનું દાન ના કરે તો દાતા વગરનું દાન વાંઝણું છે. જે દાનની સાથે પોતાની જાતને સમર્પી દે છે તે ત્રણ

જણને જ જમાડતો હોય છે–પોતાને, પોતાના ભૂખ્યા બંધુને અને મને પણ.

## પરદુઃખે ઉપકાર કરે તોય......

ઘણી વખત એવો ભય સેવાય છે કે બીજાને મદદ કરવાની ભાવના દ્વારા આપણે નર્યા લાગણીવેડામાં સરી પડીએ તેવું ના થાય? એટલું જ નહીં, એને લીધે બીજા માણસો વધુ ને વધુ પંગુ, લાચાર અને પરાધીન ન બનતા જાય? એનાથી સરવાળે એમને નુકસાન ન થાય? આનો જવાબ આ છે કે મૂળમાં જો કાંઈક સ્વાર્થ હોય, કોઈક નબળી વૃત્તિ હોય, દેખાડો કરવાની લાલસા હોય તો આવું થઈ શકે. પરંતુ જો આપણો પ્રેમ નર્યો નિઃસ્વાર્થ, સાચો, શુદ્ધ હોય તો આવું કદાપિ ન થાય; કારણ કે જો મારો પ્રેમ નિતાંત નિર્મળ અને પરિશુદ્ધ હોય તો તે કદીય સામી વ્યક્તિનું અહિત કરી જ ના શકે, બલ્કે આવો શુદ્ધ પ્રેમ એના જીવનનું પરમ કલ્યાણ જ કરે. માની લો કે કોઈ વ્યક્તિ મારી પાસે કશીક મદદ ઇચ્છે છે અને એ મદદ કરવાથી એનું કશું અકલ્યાણ થાય તેમ નથી તો મારો એના પ્રત્યેનો પ્રેમ તરત જ કર્તવ્યમાં ફેરવાઈ જાય છે અને એને માટે કશુંક કરવા પ્રેરે છે. સાચા પ્રેમથી કદી કોઈનું નુકસાન થાય જ નહીં. એટલે આ સિદ્ધાંતનું યોગ્ય પાલન કરીએ તે જ સૌથી વધારે કારગત ઉપાય છે.

દેખાડો કે અવાંતર હેતુસર કરાયેલી સેવા પણ તરત પરખાઈ જશે. એની કસોટી આ જ છે કે નિઃસ્વાર્થ સેવા મૂંગી રહેશે. એ જ્યાં–ત્યાં પોતાની જાહેરાત નહીં કરે. એટલું જ નહીં, એવી જાહેરાત કરવાનું એ ઇચ્છશે પણ નહીં. બલ્કે કેવળ પ્રભુ સિવાય કોઈ જ એ ન જાણે તેવી ઇચ્છા રહેશે. એટલે ક્ષુલ્લક દેખાડા કે દંભ ખાતર કરાયેલી સેવા કરતાં આ સદંતર જુદા જ પ્રકારની સેવા હોઈ, કદીય કોઈને નબળા નહીં પાડે કે નહીં કદી પોતાનાં ગાણાં ગાય. આ કોઈ ધંધાદારી સેવા નહીં હોય, કે જેની હાટડી માંડી હોય. આ તો જીવનનું એક સહજ ગાન હશે, જ્યાંથી ખુલ્લા દિલે સહજ જે સામે આવીને ઊભું રહ્યું તેને માટે પોતાના જ આનંદ ખાતર પ્રેમનું ઝરણું વહ્યા કરશે. એની પોતાની લગીરે ઇચ્છા નહીં હોય છતાંય એને માટે પ્રશંસાના એવા ઉદ્ગાર નીકળશે, જેની તોલે આ જગતનું બીજું કશું ન ઊભું રહી શકે! બે દિવસ અગાઉ જ એક વ્યક્તિની આવી મૂંગી, સંતર્પક સેવા બદલ મેં સાંભળ્યું કે "અદ્ભુત! આ માણસ કેટ-કેટલું લોકો માટે ઘસાય છે અને કોઈ એને માટે કશું જાણતું જ નથી! કેવું સુંદર! કેવું ભવ્ય!!'

□

# [ ૫ ]
# સારસર્વસ્વ

આ તે કાંઈ જીવન કહેવાય?
ઉદાસ, શોકાતુર ફિક્કું વદન,
અને જિંદગી જાણે ટનબંધી બોજ?
પણ આ શું?

પ્રભુ પોતે કામે લાગ્યો, થયું રાસાયણિક સંયોજન
અને જુઓ તો ખરાં?
તેજે ઝળહળી ઊઠી જિન્દગી, ચઢી તેજલ ઘોડે
સમગ્ર બ્રહ્માંડ એ જ હવે તો નિજધામ!

ઓ દળદરી ટૂંકા મનના માનવી
લથડતો, અથડાતો અને ગબડતો
નરી માટીનો જાણે લોંદો!

પણ સ્પર્શ થયો પ્રભુનો, અંતર જાગી ઊઠ્યું
બન્યો માટીનો પિંડ ભવ્ય દિવ્યાત્મન્
આ તે શી ચમત્કૃતિ
હિસંતી જાણે પ્રભુની જ પ્રતિકૃતિ!

માણસનું પરમોચ્ચ કર્તવ્ય બે સિદ્ધાંતોમાં તારવીને આપણી સમક્ષ સતત રજૂ થતું રહ્યું છે. એક છે, પ્રભુ પ્રત્યે પ્રેમ અને બીજું છે, માનવબંધુ માટે પ્રેમ. બીજા

અંગે તો અગાઉ આપણે જોઈ ગયા. આપણે જોયું કે યથાર્થરૂપે આ કોઈ ભાવુક લાગણીવેડા નથી, બલ્કે જીવનની એક પ્રાણવાન સત્ત્વશીલ શક્તિ છે. એ જો અજમાવવામાં આવે તો તેમાં પ્રાણવંતું જીવન છે, ગતિ છે, સેવા છે. હવે આપણે પ્રભુ પ્રત્યેના પ્રેમની બાબતને સમજીએ. જો કે માનવબંધુઓ પ્રત્યેના પ્રેમમાં છુપાયેલા પ્રભુપ્રેમના તત્ત્વને તો આપણે તપાસી ગયા છીએ, તેમ છતાંય આ સિદ્ધાંતનું પોતાનું સાચું અને પરિપૂર્ણ નિરૂપણ તપાસી લઈએ

## ઈશ્વર એટલે શું ?

સહજ પ્રશ્ન આ તબક્કે ઊભો થઈ શકે કે 'ઈશ્વર' એટલે શું ? કોણ ? મને લાગે છે કે જગતના ઇતિહાસમાં આનાથી વધારે સાચી અને સુંદર વ્યાખ્યા બીજા કોઈએ આપી નથી, જે વ્યાખ્યા ભગવાન ઈશુએ આપી છે : "ઈશ્વર એ આત્મા છે. અને જે કોઈને એને ભજવો છે તેણે એને એના આત્મસ્વરૂપે અને સત્યસ્વરૂપે ભજવો પડશે." ઈશ્વર તે અનંત પરિપૂર્ણ આત્મતત્ત્વ છે, જે કાંઈ પ્રગટ–અપ્રગટ રૂપે સર્વત્ર દેખાય છે, તેની પાછળનું જે મૂળ તત્ત્વ છે, તે એ છે. સચરાચર બ્રહ્માંડ આ પરમ તત્ત્વથી વ્યાપ્ત છે. એ જ છે સમગ્ર, અને સમસ્ત છે તે એ જ છે. એની બહાર કશું જ નથી. એ સર્વવ્યાપી, સર્વસમાવેશક, સર્વાંતર્યામી છે. આપણા જીવનનું પણ મહાજીવન તે એ જ છે, જીવનનો મૂળ સ્રોત છે એ. આપણી ભીતર ઈશ્વરનું જીવન વહે છે, આપણે ઈશ્વરના જીવનના એક ભાગ છીએ.

પૃથ્વી પરનો પ્રત્યેક માનવ, પશુ, પંખી, પ્રાણી, પ્રત્યેક તરણું, ફૂલ, પાન, માટીનો પ્રત્યેક કણ, જડ–ચેતન જે કાંઈ સર્વત્ર છે તે સઘળું પ્રભુ–વ્યાપ્ત છે. ઈશ્વર સર્વત્ર છે. આપણે સૌ એ 'સર્વ'ના અંશરૂપે છીએ એટલે ગુણોમાં, લક્ષણોમાં, સ્વભાવમાં આપણે તદ્રૂપ છીએ. જેવી રીતે સાગરમાંથી ઘડો ભરીને પાણી કાઢી લઈએ તો પણ સાગરનું પાણી અને ઘડાનું પાણી મૂળભૂત રીતે તો એક જ છે; એનાં ઘટકોમાં, લક્ષણમાં, ગુણોમાં કશો જ ભેદ નથી; એ જ રીતે આપણે સૌ જડ–ચેતન ઈશ્વરના અંગ-રૂપ છીએ, ઈશ્વર એ એક એવું પરમ તત્ત્વ છે, જે પોતાના મહાન આધ્યાત્મિક નિયમાનુસાર આ જગતને સર્જે છે, પોષે છે અને ચલાવે છે. વિશ્વમાં એના નિયમ વિરુદ્ધ કશું ચાલી શકતું નથી. એકેએક વ્યક્તિનું, પ્રાણી–માત્રનું, જીવમાત્રનું સૂત્રસંચાલન ઈશ્વરનિર્મિત કાનૂનો દ્વારા થયા કરે છે.

## પરમાત્માનો એક અંશ તે મનુષ્ય

સદીઓની આંતરપ્રતીતિ પછી માણસને એક સત્ય સમજાઈ ગયું છે કે એ પોતે આ અનંત સ્વરૂપ પરમાત્માનો એક અંશ છે. પોતે પોતાનામાં જ પરિપૂર્ણ તેવો કોઈ ભૌતિક પદાર્થ માત્ર નથી, બલ્કે એની ભીતર જે અંતર-તત્ત્વ છે, તે જ જાણે એનું સાચું સત્ત્વ છે, એ જ એનું સાચું સ્વરૂપ છે. જીવનમાં ઉત્તરોત્તર એને પરમતત્ત્વ સાથે પોતાની એકરૂપતાનો અનુભવ લેતા રહેવાનું છે. જેટલી

જેટલી આ અનુભૂતિ સઘન બનશે, પોતે અને પરમાત્મા અભિન્ન છે એ તથ્ય આત્મસાત્ થશે, જ્યાં સુધી આ પાર્થિવ દેહથી આ આંતરતત્ત્વ વીંટળાયેલું છે ત્યાં સુધી ઉત્તરોત્તર આત્મતત્ત્વની સત્તાને વધારતા જઈ, એકેક ડગલું આગળ માંડતા જઈ અંદરના મૂળ સ્વરૂપને વધુ ને વધુ પ્રગટ કરતા રહેવાનું છે. આ જીવનકાર્ય સમજાતું જશે, તેમ તેમ અંદરનો પ્રભુ વધુ છતો થતો જશે. એક મહાન ચિંતકે કહ્યું છે કે ઘણા લોકો કહે છે કે માણસને આત્મા હોય છે પણ મને આત્મા નથી, હું પોતે જ આત્મા છું. હા, મને શરીર છે ખરું ! એવું પણ કહેવાય છે કે માણસ એ ઈશ્વરની પ્રતિકૃતિ છે. તો કયો ઈશ્વર ? ઈશ્વરનું કોઈ દેહસ્વરૂપ તો જોવા નથી મળતું. આત્મસ્વરૂપ જ અનુભવાય છે એટલે સ્પષ્ટ થાય છે કે માણસનું સાચું સ્વરૂપ એ એનું આત્મસ્વરૂપ છે.

## દેહ તે હું નથી

અત્યાર સુધી જે ભૂલ સતત થતી રહી તે આ જ થતી રહી કે આપણે દેહને જ આપણું મૂળ સ્વરૂપ સમજી લીધું. જે ઘરમાં આપણે રહેતા હોઈએ, તે ઘર તે જ હું – આના જેવું આ થયું. આ દેહ તો પંચમહાભૂતોનો બનેલો છે, પાછો તેમાં જ સમાઈ જવાનો છે, એ દેહ તે કાંઈ આપણે નથી. આપણે આપણી અસલીયતને આમ ભૂલી ગયા છીએ, પરિણામે આપણે જીવનની ખોટી દિશા પકડી લીધી છે. આપણે બાહ્ય, ઉપર-ઉપરનું, છબછબિયું

જીવન જીવીએ છીએ, જ્યારે સાચું જીવન તો અંતરતમ-માંથી ધીમે ધીમે બહાર પ્રગટ થતું આવે.

આપણા મૂળ સ્વરૂપના જે કાંઈ ઉચ્ચ નીતિ–નિયમો છે તેના ચૈતન્ય પ્રવાહમાંથી આપણે આપણી જાતને બહાર ખસેડી મૂકી છે. પરિણામે પરમ ચૈતન્યના પ્રવાહની સામે આપણે ટક્કર ઝીલવી પડે છે, અને એને લીધે સતત સંઘર્ષ, મથામણ, યાતના, અસંવાદિતતા, ભય, આક્રમણો સામે અથડાયા કરવું પડે છે અને આપણને લાગે છે કે વિધાતાનો ક્રૂર પંજો આપણા પર ફરી વળ્યો છે! પરંતુ જે ક્ષણે આપણે આપણી અંતઃચેતનાને ફરી એક વાર પરમચેતનાના મહાપ્રવાહ સાથે એકાકાર કરી દઈશું તે ક્ષણે જાણે આપણને નવાં પાંખો ફૂટશે, કારણ કે મૂળ કારણ જ હઠી જશે. અને પછી સમસ્ત જીવનપ્રવાહ ઉપર એક ઊડતી નજર નાખીશું તો સમજાશે કે જીવનમાં અખંડિત-પણે એક અલૌકિક સળંગસૂત્રતા, એકવાક્યતા પહેલેથી ચાલી આવી છે.

## પ્રભુનું સામ્રાજ્ય આપણી ભીતર

કેટલાકને જ નહીં, ઘણા લોકોને આ દાવો કદાચ વધારે પડતો ભાસશે. પણ આપણા પરમ પિતાએ કેટકેટલી વાર કહ્યું છે કે, “પહેલાં પ્રભુના સામ્રાજ્યને પામો, બાકીની તમામ ચીજો એમાં ઉમેરાઈ જશે.” વળી એમણે આ પણ ઉમેર્યું કે, “એ સામ્રાજ્ય માટે આમતેમ, અહીંત્યાં ફાંફાં ન મારશો. એટલું સમજી

લો કે એ સામ્રાજ્ય તો તમારી ભીતર જ વસે છે.” **તમારી ભીતર.** આપણી ભીતર છુપાયેલું આધ્યાત્મિક સામ્રાજ્ય, આપણા મૂળ સ્વરૂપનું સામ્રાજ્ય એ જ પ્રભુનું સામ્રાજ્ય છે. પ્રભુનું સામ્રાજ્ય એટલે પરિપૂર્ણ સંવાદિતતાનું, સામંજસ્યનું સામ્રાજ્ય, અસ્તિત્વના પરમહેતુ સાથેનું તાદાત્મ્ય.

હવે ઈશુ ભગવાને આ જે કાંઈ કહ્યું તે કાંઈ વાણી-વિલાસ માટે તો નથી કહ્યું. એમણે કદી શબ્દોની લીલા નથી કરી. જીવનના પરમ કાનૂનનો એ માણસને સંસ્પર્શ હતો અને એને એ બાબતની ઊંડી પ્રતીતિ હતી કે **માનવજીવનનો હેતુ જ આ છે કે એની આત્મ-સત્તા સ્થાપિત થાય** અને પોતાના આ સાચા આંતરસ્વરૂપને પીછાણી લઈને પોતે જે આધ્યાત્મિક પરમ સત્તા હેઠળ જીવી રહ્યો છે તેની સાથે સાયુજ્ય સાધે. આ પરમસત્તાના પ્રત્યેક આવાહનને એ ઝીલી લે અને પછી પોતાના સંકલ્પને સાકાર કરે. વિશ્વનું આ એક અત્યંત વૈજ્ઞાનિક તથ્ય છે. આટલું સધાઈ જાય પછી પેલો બોધ એના જીવનમાં પ્રત્યક્ષ થશે કે “આવતી કાલનો વિચાર સુદ્ધાં ના કરીશ; કારણ કે આવતી કાલ પોતે જ પોતાની ચિંતા કરી લેશે.”

### જીવનનો દોર આપણા જ હાથમાં

પણ આપણે ભીંત ભૂલ્યા છીએ. આપણે સાવ ખોટી દિશામાં આંધળાભીંત થઈને ચાલ્યે રાખ્યું છે. કેવળ

ભૌતિક, ક્ષુલ્લક બાબતોમાં આપણે જીવનની કેટલી બધી શક્તિ ખર્ચી નાખીએ છીએ, ઉપરછલ્લાં છબછબિયાં કરવામાં જીવન વેડફાઈ રહ્યું છે. આવા વ્યર્થ જીવનને 'જીવન' નામ આપી ઊજળાં પરિણામોની આશા રાખીને આપણે રાહ જોયા કરીએ છીએ. સ્પષ્ટ જ છે કે આવી રાહ સાવ નિરર્થક નીવડે. ઘણા માણસોએ પોતાના આવા ક્ષુદ્ર જીવનની નિરર્થકતા, વિફલતા અનુભવી છે. તો શું ખરેખર જીવન જીવવા જેવું છે? તો એવા સાર્થક જીવનની પરિભાષા કઈ? કેવું હોય એ જીવન? જીવનનો સાચો મર્મ પામ્યા સિવાય જીવનના સાચા સૌંદર્ય અને સાચા રહસ્યનો તાગ કદી ન પામી શકાય. **એક વખતે અંતરતરમાં ઈશ્વરના સામ્રાજ્યની પ્રતીતિ જાગી ઊઠે છે પછી જીવન ઢસરડો મટી જાય છે. એક બોજો, એક વેઠને બદલે પરમાનંદનો એ નિત્ય વહેતો ઝરો બની જાય છે.** સાચે જ, તમે અનુભવશો કે સઘળાં અનિષ્ટો, તમામ દોષો, રોગો, અવરોધો, યાતનાઓ ભય અને જોખમો જાણે જીવનના ભૌતિક સ્તરમાં, પાર્થિવ ક્ષેત્રમાં વિભાજિત થઈ ગયાં છે અને જીવનના આ આંતરિક સ્તરમાં તમામ આનંદ, સુખ, વિકાસ, સમૃદ્ધિ અને ચૈતન્યના જાણે ફુવારા ફૂટી ઊઠ્યા છે. આંતરિક સ્તરે જીવવા માંડીએ તો જીવનનું પ્રાણતત્ત્વ જાણે પૂરબહારમાં ખીલી ઊઠે છે, એનું સમસ્ત ચૈતન્ય રેલાઈ ઊઠે છે અને જીવન એટલે જાણે કદીય નહીં નિરમનારી કોઈ અસીમ શક્તિ. આ આંતરપ્રતીતિ આપણને અનંત, અપરિવર્તનીય શાશ્વતીમાં

પહોંચાડી દે છે. વિધાતાના ખેલનાં રોદણાં રડવાને બદલે આપણે આંતરપરીક્ષણ કરીએ અને સમજીએ કે આપણે આપણા ખોટા ભ્રામક સ્વરૂપને નાહકના વળગી રહ્યા છીએ. આખરે તો જીવનમાં જે કાંઈ સામે આવીને ઊભું રહે છે તેનાં કારણો આપણે જ આપ્યાં હોય છે. જીવનની એક પણ ઘટના કાર્ય વિના, પોતાની મેળે જ આપોઆપ સર્જાઈને સામે આવતી નથી. **વિશ્વમાં કશું જ અચાનક, અકસ્માત બનતું નથી.** પ્રત્યેક ઘટનાને એનાં પોતાનાં કારણો, મૂળિયાં હોય છે. આપણે પોતે જ જે કાંઈ કરીએ છીએ, તેના પરિણામ સ્વરૂપે જે–તે પામીએ છીએ. જીવન પોતે એ આપણી પોતાની જ કમાણી છે. એમાં કશું લદાતું નથી. પણ આપણે લોકો કૃતિ કરી નાખીએ છીએ અને પછી પરિણામોથી દૂર ભાગીએ છીએ. જો આવાં પરિણામો ન જોઈતાં હોય તો તેનો એક જ ઉપાય છે કે એનાં મૂળ કારણોને દૂર કરો. જીવનનું આ સત્ય સમજાઈ જાય કે સઘળા દોર આપણા જ હાથમાં છે તો આપણને આપણા સાચા સ્વરૂપનું ભાન થશે.

આપણે જ આપણું સ્વર્ગ કે આપણું નરક નિર્માણ કરતા હોઈએ છીએ. આપણે જ આપણા ભાગ્યવિધાતા છીએ. વિશ્વની વ્યવસ્થા એના સ્થાને છે; એ વ્યવસ્થાને પ્રતિકૂળ બનીને આપણે આપણું જીવન ગોઠવીએ છીએ તો જીવનનું આખું સ્વરૂપ જ બદલાઈ જાય છે. વિશ્વની વ્યવસ્થા તો ઉત્તમ જ છે. પરંતુ આપણે એના કાયદાઓ તોડીએ છીએ અને પરિણામે જે કાંઈ ભોગવીએ છીએ તે જ છે અનિષ્ટ.

અનિષ્ટ એટલે નિયંતાના નિયમોનું ઉલ્લંઘન. પછી આપણે રોદણાં રડીએ છીએ કે પરમકૃપાળુ પરમાત્મા આટલો કઠોર કેમ થઈ ગયો! 'વિધાતાની અકળ લીલા' કહીને આપણે જાણે આશ્ચર્યમાં ડૂબી જઈએ છીએ. હકીકતમાં એ બધું આપણું પોતાનું જ સર્જન છે. આપણું જ વાવેલું આપણે લણવાનું હોય છે. આપણે જ આપણી જાતના સર્વોત્તમ મિત્રો અને ભયંકર દુશ્મનો બની શકીએ તેમ છીએ પૃથ્વી પર 'દુશ્મન' નામનું જો કોઈ એક પણ પ્રાણી વસતું હોય તો તે પોતે જ છે. દુશ્મનાવટ નામનો સંબંધ કેવળ પોતાની જાત સાથે જ બાંધી શકાય તેવો છે.

## ઉત્ક્રાંતિ દ્વારા પરિપૂર્ણતા તરફ

વૈજ્ઞાનિક જગતનું આ એક જાણીતું તથ્ય છે કે ઉત્ક્રાંતિના પરિપાક રૂપે નીવડેલાં મહાન કાર્યો એ નીચેથી ઉપર ચાલી આવતી વિકાસની એક સતત પ્રક્રિયા છે. આ પ્રક્રિયા સ્થૂળમાંથી સૂક્ષ્મમાં અને ભૌતિકતામાંથી અભૌતિકતામાં આગળ વધતી હોય છે. આપણા જીવનનું કોઈ પરમોચ્ચ કાર્ય હોય તો તે આ જ છે કે જીવનને એના અંતિમ આધ્યાત્મિક સ્તર સુધી પહોંચાડવું. આપણે સૌ આખરે તો એક જ વાટના મુસાફરો છીએ. કોઈ બે ડગલાં આગળ છે, તો કોઈ બે ડગલાં પાછળ. કોઈ ઝડપભેર ચાલે છે, તો વળી કોઈ મંદ ગતિથી. આપણા સૌનો અંતિમ મુકામ એક જ છે: જીવનના સૌથી ઊંચા સ્તરે પહોંચી જવું, આપણી ભીતર પડેલા સર્વોત્તમ માણસને બહાર પ્રગટ કરવો. આજે

એ ઢંકાયેલો પડ્યો છે, એની ઉપરનાં ભૌતિક, પાર્થિવ પડોને ભેદીને અંદરનો આત્મસ્વરૂપ માણસ છતો કરવાનો છે. જગતના, વિશ્વના કાનૂનોને સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણું મૂળ સ્વરૂપ પામવા આપણને ઘણી મદદ મળે છે. આપણે પોતે ચાલીને ત્યાં સુધી પહોંચી જઈએ છીએ. પણ જો કુદરતના આ કાનૂનને સમજીએ નહીં તો જીવનમાં દુઃખ, યાતના, ભૂલો વગેરે સર્જાતાં રહે છે અને પરિણામે ઠોકર ખાઈને આપણે પાઠ ભણીએ છીએ અને સત્ય તરફ ધકેલાઈએ છીએ. સ્વેચ્છાપૂર્વક શાણપણ આચરીને પહેલેથી જ કુદરતને સમજવાનો પ્રયત્ન કરીએ તો આવી સ્થિતિ ન થાય.

વળી, અંદરથી આપણે જે બહાર પ્રગટ કરવાનું છે, તેને પહેલાં અંદર સમેટી લેવું જોઈએ. ઉત્ક્રાંતિ કરવા માટે કોઈ મૂળ ચીજ તો જોઈશે ને ? એ અંદર જ પડેલી છે. જેટલું જીવન બહાર છે, તેટલું જ અંદર છે. યથા પિંડે તથા બ્રહ્માંડે. જીવન સમગ્રતામાં ધબકે છે. એટલે પહેલાં આંતરિક સમગ્રતાને આત્મસાત્ કરવી પડશે. આપણી ભીતરની સમગ્રતાને પીછાણવી પડશે, પછી એનું પ્રગટ સ્વરૂપ ઉત્ક્રાંતિરૂપે બહાર લાવવાનું છે. આનો અર્થ એ પણ થયો કે આપણી ભીતર માનવીય આત્માની અપાર સંભાવનાઓ છૂપી પડેલી છે. પેલી બાહ્ય સમગ્રતા આપણી ભીતર છુપાયેલી પડેલી જ છે એટલે આત્મસ્વરૂપને છતું કરવા યુગોનો સમય જોઈએ એવી ભ્રમણા ખોટી છે. મૂળ મુદ્દો સમજાઈ જાય અને આપણે આપણા આંતર-

સ્વરૂપની ઓળખાણ પામવા સાચી દિશાનો પુરુષાર્થ ખેડીએ તો આખી પ્રક્રિયામાં અણધારી ગતિ સાંપડી શકે.

ઉચ્ચ જીવનના નિયમોને સાંગોપાંગ આત્મસાત્ કરી લેવાથી ક્ષણમાં પણ ઝબકારો થઈ શકે. જીવનનું પરમસત્ય કોઈ પણ એકાદી ક્ષણમાં ખૂલી જઈ શકે. આત્મસાક્ષાત્કારનું મુહૂર્ત ક્યારે આવશે તે અગાઉથી કોઈ કદી ના કળી શકે. એ તો વીજળીના ચમકારા જેવું છે. આખું જીવન પસાર થઈ જાય અને કોઈને સત્ય હાથ ના લાધે અને કોઈકને ઘડીના છઠ્ઠા ભાગમાં એનું આકલન થઈ જાય.

## સ્થૂળ ચીજોમાં શક્તિ ના વેડફશો

ઈશુ ભગવાને કહ્યું છે કે 'સોયના કાણામાંથી કદાચ ઊંટ પસાર થઈ શકે પણ પૈસાદાર માણસ માટે સ્વર્ગનાં બારણાં ખૂલવાં અશક્ય છે.' આ વાત ધ્યાનમાં લેવા જેવી છે. માણસ પોતાની સઘળી શક્તિ કેવળ ભૌતિક આબાદી પાછળ જ ખર્ચી નાંખે, અંદરના વૈભવી સામ્રાજ્યને ખૂલવા માટે કશો અવકાશ જ ના રહેવા દે તો પછી એ આંતરિક સ્વર્ગ એની સમક્ષ ખૂલે જ ક્યાંથી ?

સ્વયં ઈશુ સમક્ષ પણ આવાં પ્રલોભનો ક્યાં નહોતાં આવ્યાં ? જંગલમાં તેઓ તપ કરવા ગયા ત્યારે એમની સામે લાલચો મુકાઈ હતી કે 'મારી પાછળ પાછળ આવ. હું તને અપાર કીર્તિ, વિશાળ વૈભવ અને અપૂર્વ રિદ્ધિ-સિદ્ધિ અપાવીશ.' પૃથ્વી પરનું તમામ સામ્રાજ્ય આપવાનો

લોભ દેખાડાયો, પણ પોતાના અંતરાત્માના સ્વર્ગ સિવાય બહારનું પૃથ્વીનું સામ્રાજ્ય શું કામનું ?

પરંતુ લોભ, લાલચ, પ્રલોભનો હાર્યાં ! આત્મિક સંપત્તિ પાસે ભૌતિકતા હારી ગઈ અને આપણે સૌ જાણીએ છીએ કે તેઓ સર્વસત્તાધીશ બન્યા. પોતાની જાત પર જ્વલંત આત્મસત્તાનો વિજય ફરકાવ્યો તો સમસ્ત જગત તેમના ચરણોમાં આળોટતું થઈ ગયું.

એમની ભીતર આધ્યાત્મિક સ્વરૂપની રાસાયણિક પ્રક્રિયાઓ ચાલી અને એના પરિણામે એમની વિચાર–શક્તિમાં પરમસત્તાની પ્રબળ શક્તિ દાખલ થઈ ગઈ. જાણે અંતઃશક્તિનું વિદ્યુતીકરણ થયું હોય તેમ તમામ બાહ્ય ચીજો ઉપર એમનું વર્ચસ્વ સ્થપાઈ ગયું. એમના જીવનમાં સર્જાયેલી અનેક ઘટનાઓને આપણે ચમત્કાર રૂપે જોઈએ છીએ, પણ આ હતો એમનો પોતાનો વિજય ! સ્થૂળ, ભૌતિક બાબતો પર સૂક્ષ્મ આત્મશક્તિનો વિજય ! આપણા ભૌતિક સ્તરે જેટલી ભૌતિક બાબતો સાચી છે, તેટલી જ સચ્ચાઈ આ અતિભૌતિક સ્તરની પણ છે. આપણે એમાંથી ગુજર્યા નથી એટલે આપણને એ સમજાતી નથી, પણ કદાચ આપણા ભૌતિક સ્તર કરતાં એ વધારે સાચી, વધારે સ્વાભાવિક, વધારે ઉદાત્ત અને તેથી જ વધારે સ્વાગતાર્હ–આવકારદાયી છે. પરંતુ આ તુચ્છ પ્રલોભનો પર વિજય મેળવી આત્મસત્તા સ્થાપવાની ક્ષણ એ તો આગળના કીર્તિવંતા પંથનો આરંભમાત્ર હતો. જેવી રીતે ભગવાન

ઈશુના જીવનમાં કીર્તિ અને યશનાં ઉત્તરોત્તર અગણિત દ્વાર ખૂલતાં ગયાં, એવું જ આપણા જીવનમાં પણ થઈ શકે.

જીવનની આ રાસાયણિક પ્રક્રિયાએ માનવ ઈશુને ખ્રિસ્ત ઈશુમાં રૂપાંતરિત કર્યો. પહેલાં એ દરિયાવ દિલનો એક વડીલ બંધુ હતો, પણ પછી તો આપણા સૌનો તારણહાર બની ગયો. આપણા સૌ માટે દીવાદાંડીરૂપ બની ગયો. જીવનની ઊંચી આધ્યાત્મિક શક્તિઓનું પોતાના જીવનમાં આરોપણ કરી એણે વિશ્વ ઉપર વિજય મેળવ્યો. તેઓ કહેતા પણ ખરા કે, "વિશ્વને મેં જીતી લીધું છે." આમ કહીને તેઓ આપણને સંકેતમાં આ જ વાત સૂચવે છે કે, "જેવી રીતે મેં જીત મેળવી તેવી રીતે તમે પણ વિજય હાંસલ કરો."

**परस्परं भावयन्तः परस्परं बोधयन्तः**

આ અર્થમાં તો આપણે સૌ એકમેકના તારક બની શકીએ. માની લો કે મારા જીવનમાં અચાનક આંધી આવી ચઢે છે, મારા પગ ભયથી થરથર કાંપી ઊઠે છે. પણ મારી પડખે ઊભેલો મારો મિત્ર મજબૂત અને નિર્ભય છે. એ કટોકટીને નાણી લે છે. પોતાની ભીતર સંઘરાયેલી તમામ શક્તિને એકઠી કરીને એ આ મુસીબતને પડકારે છે. એના આ આચરણથી મને પણ પ્રેરણા મળે છે, હું પણ મારી સૂતેલી ચેતનાને ઢંઢોળું છું, અને એના ચીંધેલા પંથે આગળ વધુ છું. પછી તો મને પણ મારી આત્મશક્તિનું ભાન થાય છે. આ ભાન પછી તો ક્યારેય વિસારે

ના પડે તેવું અખંડિત બની રહે છે. આમ, મારો મિત્ર મારો તારણહાર બની રહે છે.

માની લો કે અમુક ગુણોમાં હું પાછો પડું છું. હું પ્રલોભનોને વશ વર્તી જીવનમાં સતત ગબડતો, લથડતો, ઠોકરો ખાતો જ રહું છું. પણ મારો મિત્ર મજબૂત અને સંયમી છે. એનો પોતાની જાત પર પૂરતો કાબૂ છે. એના ભાલે આ આત્મસંયમની આભા ચમકે છે. મારી સામે સતત એનું દૃષ્ટાંત ઉજ્જ્વળ દીપશીખાની જેમ તરવર્યા કરે છે. મને એના જીવનનો છંદ લાગે છે અને હું એને વશ થાઉં છું. મારું જીવન પણ એના જીવન જેવું બને તે માટે હું તલખી ઊઠું છું. મારી અંદર એક પ્રબળ ઇચ્છા જાગી ઊઠે છે, અને જાણે મારા આગળના આખા જીવનપંથમાં ઉઘાડ ઉઘાડ થઈ જાય છે. મારી આંતરિક શક્તિઓ જાગી ઊઠે છે. મારા પગ લડથડતા બંધ થાય છે. હું ટટ્ટાર, ઉન્નત મસ્તકે ઊભો રહું છું. પછી તો હું પણ આત્સસત્તાના વિજયાનંદનો અધિકારી બનુ છું, પછી તો મારી સત્તા ઉત્તરોત્તર વધતી જ જાય છે. આમ મારો મિત્ર ફરી વાર મારા માટે તારણહાર સિદ્ધ થાય છે.

પછી તો હું પોતે બીજાને પડખે ઊભો રહેતો થઈ જાઉં છું. જે કામ મારા મિત્રે કર્યું, તે હું કરતો થઈ જાઉં છું. મારા કોઈક મિત્રના લથડતા પગને હું સ્થિર કરું છું. એની પણ આંતરચેતના સળવળી ઊઠે છે અને પરિસ્થિતિનો ભીરુ ગુલામ થઈ જવાને બદલે સંજોગોને

પડકારી, એને વશ કરવાની સ્થિતિ પ્રાપ્ત કરે છે. આમ આપણે માનવબંધુઓએ પરસ્પર જવાબદારી સ્વીકારી, માનવબંધુતા આચરી, આત્યંતિક નમ્રતા દાખવી આત્મસત્તા અને અખંડ શાંતિના ઊંડા મર્મને પ્રત્યેક માનવ સુધી પહોંચાડવો જોઈએ.

પ્રભુ માણસને પોતાનું સાધન બનાવીને પોતાનું કામ સાધતો હોય છે. એટલે 'આપણે તો સાવ તુચ્છ, ક્ષુલ્લક જંતુ સમા નગણ્ય, મડદાલ જીવ છીએ' એવો સડી ગયેલો વિચાર મનમાંથી હાંકી કાઢો. આપણે એવા હોઈ પણ શકીએ અને ના પણ હોઈએ, એનો સઘળો આધાર આપણા પોતાના પર છે. આપણે આપણી જાતને જેવી માનીએ તેવા આપણે છીએ. આપણી માન્યતા જે પ્રકારની રહેશે તે પ્રકારના આપણે બની રહીશું. એ ક્ષણે આપણને ભાન થશે કે મૂળભૂત રીતે તો આપણે આ દેહથી પર તેવા કોઈ દિવ્યતાના અંશ છીએ અને આપણે આપણા માનવબંધુના તારક બની શકીએ છીએ; અને સૃષ્ટિમાં જે પરમસૌંદર્ય, પરમસામર્થ્ય અને પરમભવ્યતા છે તેની વચ્ચે તેના જ એક ભાગરૂપ થઈને ફરી શકીએ છીએ.

### પ્રભુમય જીવન એટલે નીરસ જીવન નહીં

એક એવો ખ્યાલ પ્રવર્તે છે કે આ દિશામાં આગળ વધવું એટલે જાણે જીવનના આનંદનો ત્યાગ કરી, લુખ્ખા સાધુબાવાનું શુષ્ક જીવન જીવવું. હકીકતમાં તો વાત સાવ

ઊલટી છે. આનંદનું જે પરમ ઉત્કટ સ્વરૂપ છે તે આવી કક્ષાએ પહોંચ્યા પછી જ પામી શકાય છે. વળી, કોઈ પણ જાતની ત્યાગની ભૂમિકા બની જવાને બદલે આ ભૂમિકામાં રહેનાર માણસના ચરણોમાં આખી દુનિયા આળોટતી થઈ જાય છે. પછી તો એવી ક્ષણ આવી જાય છે કે જ્યારે પ્રશ્ન થાય છે કે એક વખતે પોતે જે ચીજોમાં આટલો બધો રસ અને આનંદ માણતો હતો, તેનાથી પોતાને કેવી રીતે તૃપ્તિ અનુભવાતી હશે ? અત્યારના સો ટચના સુવર્ણની ચમક સામે તો ત્યારનો આનંદ એ પિત્તળ જેવો ઝાંખો અનુભવાય.

આ બધાનું તારણ એ નથી કે જીવનની જે ભૌતિક બાજુ છે, શરીર છે તેને આપણે સાવ અવગણવાનું છે. મને કહેવા દો કે યુગોથી આપણે આ એક ભારે મોટી ભૂલ કરતા આવ્યા છીએ. આપણાં ઘણાં બધાં દુઃખો, કષ્ટો અને શરમનું મૂળભૂત કારણ પણ આ જ છે. ઊલટું, આપણા પોતાના દેહ વિષે આપણા મનમાં ઘણો ઊંચો આદર હોવો ઘટે. દેહનો પણ સુંદર વિકાસ થવો જોઈએ. દેહને સ્વસ્થ રાખી તેનું સૌંદર્ય, સૌષ્ઠવ અને સામર્થ્ય પ્રગટ કરવાં જોઈએ. ઈશ્વરે આપણને આ શરીર આપ્યું છે તે કાંઈ વેડફી દેવા માટે નહીં. સ્વયં આત્મા જેટલું જ એ પવિત્ર અને સુંદર છે. એ તો અંતઃસ્થ આત્માના મંદિર સમું ભૌતિક પ્રગટ સ્વરૂપ માત્ર છે. આપણા પોતાના જ વિચારો અને ભાવના દ્વારા તેનું બંધારણ ઘડાય છે. શરીરમાં જો કોઈ ખામી વરતાતી હોય તો મૂળભૂત નિયમોનું

પાલન કરીને આપણે એ ખામી દૂર કરી શકીએ તેમ છીએ. રોયલ એકેડેમી ઑફ સાયન્સના સભ્ય વિખ્યાત પ્રમુખ ફ્રેંચ વૈજ્ઞાનિક ફ્લેમેરીયને કહે છે કે એક વર્ષથી પણ ઓછી મુદતના ગાળામાં આખા શરીરનું બંધારણ બદલી શકાય તેમ છે. અગિયાર માસમાં તો તમારે જોઈતાં પરિવર્તનો શરીરમાં કામ કરતાં થઈ જઈ તમને સહયોગ આપતાં થઈ જશે. કેટલાક અવયવોમાં તો બે કે ત્રણ મહિનાનો અને કેટલાકમાં તો એક મહિનાનો ગાળો પૂરતો થઈ પડે છે.

શરીરના એકેએક અંગનું મહત્ત્વ એકસરખું છે. એકેએક અવયવ સમાન રીતે સુંદર અને પવિત્ર તથા અગત્યનો છે. માણસની વિકૃત દૃષ્ટિને લીધે અંગો માટે ભેદબુદ્ધિ, ઊંચનીચની વૃત્તિ પેદા થાય છે. જે ક્ષણે મનમાં આવો તરતમ ભાવ જાગવા માંડે છે કે તરત જ શરીરનો દુરુપયોગ શરૂ થઈ જઈ, જીવનનાં કષ્ટો અને શરમ લાગે તેવાં કૃત્યો ભાગ ભજવવા માંડે છે.

### ઇચ્છાઓનું દમન નહીં, ઊર્ધ્વીકરણ

ઇંદ્રિયોનું દમન નહીં, પણ ઊર્ધ્વીકરણ, આ વાત હજારો, લાખો વાર ફરી ફરી ઉચ્ચારવી જોઈએ. દમન નહીં, ઊર્ધ્વીકરણ. શરીરના એકેએક અંગનું પ્રયોજન સદુપયોગ માટે છે, દુરુપયોગ માટે હરગિજ નહીં. એટલે જે ક્ષણે ઇંદ્રિયોનો દુરુપયોગ થવા માંડે છે તે ક્ષણે એના ઉન્નત ઉપયોગની શક્તિ ઓસરવા માંડે છે અને એટલે જ

પછી ઊંચા પ્રકારના આનંદને પણ ગુમાવવો પડે છે. આમ ને આમ જ આપણામાં અ–કુદરતી વિચિત્ર લાગે તેવા લોકોનો એક વર્ગ ઊભો થઈ જાય છે. નગણ્ય મોજ મેળવવા ખાતર ગમે તેવી પદ્ધતિનો આશરો લે છે. વાસ્તવમાં તો તેમણે ધાર્યો હોય છે તેટલો આનંદ પણ તેમને મળતો નથી. કારણ કે કુદરત તો કાયદાનો ભંગ સહન નહીં જ કરી લે અને જેવો તમે નિયમભંગ કરશો, તેવી જ જે–તે ઇંદ્રિય પોતાની આનંદ આપવાની ક્ષમતા ગુમાવી બેસશે. ભોગ કે આનંદ એની નજર સામે જ, એના પોતાના જ હાથમાં રાખ બનીને ફેરવાઈ જશે. પરમેશ્વર, પ્રકૃતિ, કુદરતના કાનૂન, અંતસ્તત્ત્વ આ બધાં કાંઈ મજાક–મશ્કરી કે ખેલ ખેલવાનાં, ચેડાં કરવાના વિષય તો હરગિજ નથી.

એટલે જ ફરી ફરી કહેવું પડે છે કે દમન નહીં, પણ ઊર્ધ્વીકરણ. સવાલ સત્તા કોની ચાલશે તેનો છે. શરીર પર કોની સત્તા સ્વીકારવી? બસ, આના જવાબમાં જ **'દમન નહીં પણ ઊર્ધ્વીકરણ'નો** સિદ્ધાંત આવે છે. શરીરના માલિક આપણે, શરીરની ઇન્દ્રિયો નહીં. આપણી આણ શરીર પર ચાલવી જોઈએ, ઘડીભર પણ આપણા પર શરીરની આણ ચલાવી લેવી જોઈએ નહીં.

## દેહ આપણો સેવક, સ્વામી નહીં

હજારો, લાખો માણસો આનંદની શોધમાં ફાંફાં મારતાં આમતેમ ભટકતાં જોવા મળે છે, પણ જીવનના સાચા સુખનો ઓછાયો પણ તેમના પર પડતો નથી,

કારણ કે તેઓએ શરીરની માલિકીને સ્વીકારી લીધી છે. પોતે ઇન્દ્રિયોના ગુલામ બની બેઠા છે, પરિણામે સાવ નબળા અને કાયર બનીને જીવન ગુજારે છે. એમની આ નિર્બળતા એ અજ્ઞાનને લીધે જન્મેલી નિર્બળતા છે. પોતાની ભીતર અખૂટ શક્તિનો ઝરો પડેલો છે, મન અને આત્માનું અમાપ બળ અંદર પડેલું છે એ હકીકત અંગેની અજ્ઞાનતા.

## જીવનનાટકની ભૂમિકા બદલીએ

આપણે સૌ વત્તાઓછા અંશે આપણા દેહના ગુલામ બની બેઠા છીએ, એમાંથી મુક્ત થવાનું આયોજન વિચારવું જોઈએ. આપણે આપણા શરીર સાથે થોડીક વાતચીત કરી લેવી જોઈએ. 'હે શરીર, કેટલાક સમયથી આપણે બંને એકીસાથે રહેવા લાગ્યાં છીએ. જીવનની પરમતૃપ્તિનો આનંદ આપણા બેમાંથી એકેને આવતો નથી. મને હવે એનું કારણ કાંઈક સમજાય છે. મેં પોતે જ મારા હાથે સ્વેચ્છાએ સઘળી સત્તા તને સોંપી દીધી હતી. તેં કાંઈ તારી મેળે સઘળી લગામ તારા હાથમાં લીધી નહોતી તે હું કબૂલ કરું છું. પણ મેં પોતે જ ધીરે ધીરે, ક્રમશઃ તું જેમ જેમ સ્વીકારતું ચાલ્યું તેમ તેમ એકેક સત્તા સોંપવા માંડી. એમાં બેમાંથી કોને દોષ આપીશું ? અજ્ઞાનતાને લીધે આમ થયું છે. પણ હવે જાગ્યા ત્યારથી સવાર. હવે આપણે ક્રમ ઉલટાવીએ. આજથી તું મારો નોકર ને હું તારો સ્વામી. હવે પછી તું કદીય તારી આણ મારા પર નહીં ચલાવે. હું જેમ કહીશ તેમ તારે કરવાનું રહેશે.'

'અનંત શક્તિ, અનંત જ્ઞાન, અનંત સામર્થ્યના પુંજ સાથે હું પૂર્ણત્વ પામું તેની મને ઝંખના છે. પરમ ચૈતન્ય સાથેનું ઐક્ય મારે સ્થાપવું છે. આવી સંપ્રાપ્તિ માટે, આ તાદાત્મ્યના પ્રગટીકરણ માટે હું તારી મદદ ઇચ્છું છું. આ રીતે આપણે બને આપણે ગુમાવી બેઠેલી બેઠક પાછી મેળવીશું. પછી જ આપણા બંનેનું સાચું મિલન સ્થપાશે. પછી આપણે બંને સાથે મળીને જીવનનું જે સર્વોત્તમ ઉદાત્ત તત્ત્વ છે તેને આત્મસાત્ કરીશું, પરમ આનંદની નવી નવી ક્ષિતિજો ખેડીશું, સામર્થ્યની અપાર સંભાવનાઓના સંકેતોને ઝીલીશું અને માનવજીવનમાં શક્ય તેવા મહાપ્રેમને પામીશું. આમ એકમેકના હાથમાં હાથ પરોવી જીવન આરોહણનાં પગથિયાં ચડતાં જઈશું. હવે ખીણમાં ઊંડા ગબડી પડવાની વાત નહીં. હવે સઘળું સામ્રાજ્ય મારા હાથમાં અને તું મારો જમણો હાથ સમો પ્રધાન. આમ પ્રેમ અને સેવા દ્વારા પ્રાપ્ત થતા સાચા આનંદનું વિશ્વ ઉત્તરોત્તર આપણી સમક્ષ વધુ ને વધુ ખૂલતું જશે.'

સાચા અર્થમાં જો આ સંવાદ સાકાર થાય, અને અંતરમાં ઉત્કટ ઝંખના હશે, તેની પાછળ વિચારોનું પૂરક બળ હશે અને સંકલ્પશક્તિ પ્રાણવાન હશે, સાતત્યપૂર્વકનો અથક પુરુષાર્થ હશે તો જેમ કાર્ય કારણને અનુસરે છે તેમ આમાં અચૂક સિદ્ધિ પ્રાપ્ત થશે. આપણી ભીતર છુપાયેલું આપણું ઊંચું શુદ્ધ સ્વરૂપ સઘળો દોર

પોતાના હાથમાં લેશે. આ જ પ્રક્રિયા માંદગી વખતે પણ અપનાવી શકાય. રોગને હઠાવવા મન પોતાનું સંકલ્પબળ જાગૃત કરે તો શરીરમાંથી રોગે હઠવું જ પડશે અને આરોગ્ય, તંદુરસ્તીએ હાજર થવું જ પડશે. આ બધા માટે જરૂરી છે, અંતરાત્માનો મન-બુદ્ધિ-ઇન્દ્રિયો પર પૂર્ણ કાબૂ. મુખ્ય વાત છે કુદરતના કાનૂન સાથે સામંજસ્ય સ્થાપવાની.

ના, જીવનનાં આધ્યાત્મિક તથ્યો અંગેનું જ્ઞાન સૂચવે છે કે જે રીતે ઇંદ્રિયોનો અબાધિત વિકૃત ઉપયોગ નહીં, એ રીતે ઈંદ્રિયોનું દમન કે છોડવાપણું પણ નહીં. ભૂલ બેઉ બાજુ પર થઈ શકે. જીવનમાં એકેએક ચીજનું પ્રયોજન છે. બધાનો ઉપયોગ થવો જોઈએ, સાચી રીતે ઉપયોગ થવો જોઈએ, જેથી એનો પૂર્ણાનંદ પ્રાપ્ત કરી શકાય.

## ત્રિવિધ વિકાસ

ત્રિવિધ વિકાસ જરૂરી છે—શારીરિક, માનસિક અને આધ્યાત્મિક. આ ત્રણેય મળીને સર્વાંગીતા સધાય છે. એમાંથી એક પણ પાસું નબળું પડે તો તો પૂર્ણ અખંડને પામવામાં એટલી કચાશ રહી જાય છે. શારીરિક વિકાસનો પણ એટલો જ ઉપયોગ છે, તેની અગત્ય પણ બીજા વિકાસ જેટલી જ છે. સફળ જીવનની ચાવી જ આમાં પડેલી છે કે આધ્યાત્મિક શક્તિમાં માનસિક અને શારીરિક શક્તિ સંયોજાઈ જાય. બીજા શબ્દોમાં કહેવું હોય તો, તમામ શક્તિઓને એમના ઉચ્ચતમ આંક સુધી પહોંચાડવા માટે અધ્યાત્મીકરણ કરવું.

## સંયમી માણસ, સંપૂર્ણ માનવ

આપણે મનુષ્યના પૂર્ણ વિકસિત સ્વરૂપને ઝંખીએ છીએ. કાચો, અધૂરો, રોતલ, મડદાલ મનુષ્ય નહીં, પણ નિત્યનવી સ્ફૂર્તિ અને તાજગીથી થનગનતો મનુષ્ય જે સેવાકાર્યો કાજે સતત પ્રવૃત્તિશીલ હોય, જેની સઘળી આંતર્ચેતના જાગી જઈ કામે લાગી હોય. આવાં સ્ત્રીપુરુષો જોવા મળવાં જોઈએ. જેમના ઉપર કેવળ અંતરાત્માનું આધિપત્ય ચાલતું હોય તેવા ઉન્નતમસ્તક, સંયમશીલ સમ્રાટ સમા, જાણે શક્તિનો અવતાર હોય તેવા માણસો જોઈએ. આ જ છે જીવનનો આદર્શ. એના સિવાયનું બીજું બધું એકાંગી અને અધૂરું છે.

## ચારિત્ર્ય માટે આત્મશક્તિનું ભાન જરૂરી

ચારિત્ર્ય—નિર્માણમાં એક અત્યંત મહત્ત્વનું પાસું આ છે–સાચા સ્વરૂપ અંગેની જાગૃતિ. માણસ એ આત્મવાન્ પ્રાણી છે, એટલું જ નહીં એ પોતે જ અમરતત્ત્વનો એક અંશ છે. આ ક્ષણે જ હું દિવ્ય અંશ છું આ વાતનું ભાન થવું જોઈએ. આત્મશક્તિના આ ભાન સાથે જ જીવનનો આખો પરિપ્રેક્ષ્ય બદલાઈ જશે. પછી શક્તિઓની કોઈ મર્યાદા જ નહીં રહે. જીવનના અનેક વિવિધ આયામો ખૂલશે, અને જીવન વધુ ને વધુ વ્યાપક થતું જશે. જગતની સર્વસત્તાધીશ શક્તિ જેટલી ગહન અને વ્યાપક છે, તે તમામ વ્યાપકતાને આંબવાની સંભાવના જીવનમાં ઊભી

થશે. ઉત્તરોત્તર વધુ ને વધુ શિખરો સર કર્યે જ જવાનાં, કારણ કે પરમ સત્તાની ઊંચાઈનો તો કોઈ પાર જ નથી.

જીવનમાં એક વખતે આ જાગૃતિ સધાઈ જાય અને સભાનતા કેળવાય પછી એકદમ વિશ્વ સાથેનું અનુસંધાન જોડાઈ જાય છે. વૈશ્વિક જીવનનાં સામર્થ્ય અને રોમાંચ એના પોતાના જીવનમાં રેડાય છે. પોતાના અત્યાર સુધીના નાનકડા ઘરઆંગણામાંથી એ એકદમ વિશ્વપ્રાંગણમાં દાખલ થઈ જાય છે. અત્યાર સુધી જીવનમાં ઊભી થતી મુશ્કેલીઓ એકદમ તુચ્છ અને નજીવી લાગે છે. અંતપ્રેરણા વધુ ને વધુ તીવ્ર બને છે અને અચૂક લક્ષ્યવેધી બને છે. એ કદીય ખોટે રસ્તે ચડાવતી નથી. માણસને પામવાની પરખ-શક્તિ તેજ બને છે એટલે કોઈના તરફથી નુકસાન થવાનો સંભવ ઓછો રહે છે. ભવિષ્યનો અંદાજ પણ વધુ કેળવાતો જાય છે અને અગમના ઈશારા સમજાવા લાગે છે. આરોગ્ય સ્થપાય છે, કારણ કે મોટા ભાગના રોગો જાણ્યે-અજાણ્યે ઇચ્છા-અનિચ્છાએ કુદરતના નિયમો તોડવાને લીધે થતા હોય છે. શરીરમાં આત્માનું વર્ચસ્વ વધે તો બીજાંના રોગોને સાજા કરી દેવાની આધ્યાત્મિક શક્તિ પણ જાગી શકે. શરીરનું વર્ચસ્વ, શરીરનું દબાણ જેમ જેમ ઓછું થતું જાય, શરીરનું આંતરિક સૂક્ષ્મ સ્વરૂપ વધુ ને વધુ પ્રગટ થતું જાય તો એ વધારે સારી સેવા આપી શકે છે; એટલું જ નહીં, આત્માનાં સ્ફૂલ્લિંગોનો એ વધુ ને વધુ પડઘો પાડતું થઈ જાય છે. જગતનાં આ જે અવ્યક્ત પરિબળો છે તેનો પડઘો ભૌતિક પદાર્થોમાં પણ ઝિલાય

છે અને આપણે આપણી મર્યાદિત બુદ્ધિ–શક્તિને પરિણામે જેને ચમત્કાર કે અલૌકિક ચીજ કહેવા ટેવાયેલા છીએ તે રોજિંદા જીવનની સર્વસામાન્ય સ્વાભાવિક ઘટના બની શકે છે.

## ચમત્કાર એ સૃષ્ટિની જ એક કળા

કારણ કે આખરે ચમત્કાર શું છે? જે માણસની આંતર્ચેતના અત્યંત ઉજ્જવળ બનીને જાગી ઊઠી છે અને જેના જીવનમાં પરમ સત્તાના કાનૂન સંવાદિત બનીને ઝિલાય છે, પરમ સત્તાનાં પરિબળોનો જ્યાં પડઘો પડે છે તેના જીવનમાં સાધારણ માણસોના જીવનમાં નહીં સર્જાતી, એના ધ્યાનમાં પણ ન આવે તેવી અવનવી ઘટનાઓ સાકાર થાય છે. આ માણસની સંવેદનશીલતા અત્યંત સૂક્ષ્મ છે, ચેતનવંતી, પ્રાણવાન છે. અવ્યક્ત શક્તિઓ એનામાં જાગે છે. એ માત્ર સ્પર્શ કરે છે અને એ શક્તિઓ કામ કરવા લાગે છે. એ પરિણામો આપે છે અને માણસ બોલી ઊઠે છે: ચમત્કાર! ચમત્કાર! હકીકતમાં તો આ ઘટના એ કુદરતના કાનૂનની જ એક સ્વાભાવિક પ્રક્રિયા છે, જેવી આપણા રોજિંદા જીવનની બીજી ઘટનાઓ હોય છે. આટલું યાદ રાખવું ઘટે કે આજે આપણે સૌ એક નીચેની સપાટી પર જીવન જીવીએ છીએ એટલે આ બધું આપણને ભવ્ય, અલૌકિક, અપાર્થિવ લાગે છે, પરંતુ ઉત્ક્રાંતિના આગલા ચરણમાં જો આપણે સૌ આ નિમ્ન સ્તર છોડીને ઉપરના સ્તર પર જીવવા માંડીશું તો

આ બધા ચમત્કારો આપણા રોજિંદા જીવનની ચીલાચાલુ ઘટનાઓ બની જશે. ચમત્કારો જેમ ભૂતકાળમાં સર્જાયા હતા, તેમ આજે પણ સર્જાતા જ રહે છે.

## આપણી ભીતર કુદરતને કામ કરવા દઈએ

શા માટે આપણે આ શક્તિથી વંચિત રહેવું જોઈએ? ભૂતકાળમાં શક્ય હોય તો આજે કેમ નહીં? જે વ્યાપક બ્રહ્માંડમાં આપણે રહીએ છીએ તે તો તેનું તે જ છે. ત્યારે પણ જે કાનૂનોનું વર્ચસ્વ હતું, તે આજે પણ છે. પરમ-નિયંતા પણ તેનો તે જ છે અને ત્યારે એ જે રીતે જગતમાં કામ કરતો હતો એ જ રીતે આજે પણ કરે છે. ફરક માત્ર હોય તો તે આપણા પોતાનામાં છે. આપણે કુદરતના પરમ કાનૂનોથી આપણી જાતને દૂર ખસેડી દીધી છે, પરિણામે જીવનનાં એ ઉન્નત પરિબળો આપણા જીવનમાં કશો ભાગ જ ભજવી શકતાં નથી. જગતમાં જે મહાન વ્યક્તિઓ થઈ ગઈ તે એટલા માટે મહાન થઈ, કારણ કે તેઓ પ્રભુ સાથે ચાલી. આ મહાનતાને પ્રભુ સંગે ચાલવા સાથે ઝાઝેરી નિસ્બત છે. એમાં જ એનું રહસ્ય છુપાયેલું છે. જે માણસો દેહગત જીવનને ઓછામાં ઓછું પ્રાધાન્ય આપી આત્મમય જીવન જીવે છે, ભૌતિક, બાહ્યિક ચીજોમાં તમામ ધ્યાન પરોવી દેવાને બદલે પોતાના વ્યક્તિત્વના આંતર્જગતમાં વધુ રોકાયેલા રહે છે તેઓના જીવનને મહાનતા વરે છે.

પણ આપણે સામાન્ય લોકો આનાથી સાવ ઊલટું જીવન જીવીએ છીએ. જગતની ઊંચી ચઢાઈઓ ચઢવાને બદલે આપણે ખીણોમાં જીવવાનું વધારે પસંદ કરીએ છીએ. અને આ ખીણો પણ મોટે ભાગે રોગગ્રસ્ત, જ્યાં ખુલ્લી તાજી હવાનો સ્પર્શ જ ના થાય. એને બદલે જો જીવનનાં ચઢાણો ચઢવા માંડીએ, તો ત્યાં પરમપિતાનાં ઉષ્માભર્યાં હૂંફાળાં સૂર્યકિરણોનો સંસ્પર્શ લાધશે. 'ઈશ્વર' શબ્દ ના જોઈતો હોય તો કુદરતનો અપરિવર્તનશીલ મહાન કાનૂન કહો, પરમસત્તા કહો, જે નામ આપવું હોય તે આપો, પણ જીવનમાં સતત આરોહણ થતું રહેશે તો જીવનની અનેક વણખૂલી પાંખડીઓ ઊઘડી જશે.

ઈશુએ એવું કશું જ કહ્યું નથી, જે સમસ્ત માનવ-જાતને લાગુ ના પડે. બલ્કે એમણે તો એથી ઊલટું જ કહ્યું છે. ફરી ફરીને એમણે આ એક જ વાત બેવડાવ્યા કરી છે કે "તમે સૌ ફક્ત આટલું જ નહીં, આના કરતાં અનેક ગણું વધારે સિદ્ધ કરશો." ભલે વિચિત્ર લાગે પણ મેં ઉપર જે કાંઈ કહ્યું તે ઈશુએ જે કાંઈ કહ્યું તે જ બાબત છે.

## વિચાર એક મહાન શક્તિ

પરિસ્થિતિને બદલવા માટે વિચાર-શક્તિના તથા આંતરિક પરિબળોના સત્ત્વને અને એ સત્ત્વના તમામ પરિસ્થિતિ પરના વર્ચસ્વને હજુ જગતે જાણ્યું નથી. જગતને એની ઝાંખી થવાની હજી બાકી છે. એને એનો લેશમાત્ર ખ્યાલ નથી. વિચારો એ પણ એક મહાન પરિબળ છે અને એના દ્વારા આપણામાં સર્જનાત્મક શક્તિ આવે છે, આ

વિશ્વનું અને માણસના જીવનનું એક સત્ત્વશીલ તથ્ય છે. આપણને સૌને પ્રાપ્ત છે તેવા આ સાધનના આધારે આપણે આપણા જીવનને જેવો ઘાટ આપવા માગીએ તેવો આપીને આપણા સ્વાધિકારને અમલમાં મૂકીએ.

વૈચારિક પરિબળોને આધારે જીવનમાં આવી સૃજનશીલતા આવે છે એ વાત માત્ર ગાણિતિક નથી, એ નકરી હકીકતની બાબત છે. આપણને આ ભૌતિક જગતમાં જે કાંઈ નજરે ચઢે છે તે તમામ પહેલાં વિચાર સ્વરૂપે, સત્ત્વ સ્વરૂપે હતું. એમાંથી ધીરે ધીરે આકાર પ્રગટયો. આ જગત પોતે જેમાં આપણે સૌ જીવીએ છીએ, જેમાં અનંત અજાયબીઓ અને અગણિત રહસ્યો છુપાયેલાં પડયાં છે તે પોતે કોઈ દિવ્ય ચેતનાની શક્તિની નીપજ છે. એને ઈશ્વર કહો, પરમસત્તા કહો, જે યોગ્ય લાગે તે કહો. આ પરમશક્તિએ ઉદ્દગાર કાઢયા : "થાઓ" અને ત્યાં 'હતું'. ઈશ્વરી વિચારોનું ભૌતિક સ્વરૂપ તે આ જગત છે. દેખીતી રીતે શબ્દમાંથી સૃષ્ટિ સર્જાઈ, પણ એ શબ્દ પાછળ પણ ચૈતન્યના આંતરિક આવિર્ભાવો જ કારણભૂત કહી શકાય.

### કૃતિની પ્રથમ જન્મભૂમિ – ચિત્ત

જગતે સૃષ્ટિમાં જે જે શિલ્પો જોયાં, ઇમારતો જોઈ, તે તમામ કૃતિઓએ સૌ પહેલાં તો શિલ્પકારના ચિત્તમાં પોતાનો ઘાટ ઘડી લીધો હતો. કળાકૃતિ પ્રથમ અવતરે છે કળાકારના ચિત્તમાં. સર્જનમાત્રની પ્રથમ જન્મભૂમિ છે કળાકારનું ચિત્ત. આ ચૈતસિક શક્તિ હાથમાં કળાને અવતારે

છે, એ કળાનો મૂળ સ્રોત છે. આ આંતર્ચેતના જ્યારે સક્રિય અને વિધાયક બને છે, ત્યારે પ્રગટ થવા ભૌતિક માધ્યમ શોધે છે. ચિત્ત વિધાયક શક્તિ છે; પદાર્થ ભૌતિક શક્તિ છે.

વ્યક્તિમાત્ર અનંત જીવનનો એક ભાગ છે અને એટલે જ એનું એ પરમશક્તિ સાથે ઐક્ય છે. આ ઐક્યની જેટલી પ્રતીતિ વધતી જશે તેટલું આ પરમશક્તિનું ઓજસ આપણા જીવનમાં પ્રગટ થતું જશે. 'શબ્દશક્તિ' એ માત્ર કોઈ બોદો શબ્દ નથી, કે વાણીવિલાસ નથી. જીવનનું એ નકરું, વૈજ્ઞાનિક સત્ય છે અને વિચારશકિતના સામર્થ્યનું આપણને જેટલું ભાન થતું જશે તેટલા પ્રમાણમાં આ માધ્યમ આપણને સમર્થ બનાવવામાં મદદરૂપ નીવડતું જશે.

ઈશુની સામે આંધળા, લૂલા, રોગી લોકો આવીને ઊભા રહ્યા અને ખિસ્તે કહ્યું, "તારી દૃષ્ટિ તને પાછી મળો, તું ઊભો થા ! ચાલવા માંડ ! સાજો થઈ જા !" અને અદ્‌ભુત ! એમણે કહ્યું તેવું થઈ ગયું. આંતરિક વિચાર–પ્રવાહો શબ્દ રૂપે પ્રગટ્યા, જેના સામર્થ્ય અને શકિત વિષે ઈશુને પૂરો ખ્યાલ હતો. ઈશુના જમાનામાં કુદરતના જે કાનૂન હતા, તે આજે પણ છે. ઈશુ એ શક્તિઓને સાકાર કરી શક્યા, તો આપણે પણ જરૂર કરી શકીએ.

### દૃશ્ય જગત એ અદૃશ્ય વિચારોનું પ્રતિબિંબ

એકેએક માણસ અમુક પરિપકવતા પામ્યા પછી પોતે જ સર્જેલા વાતાવરણમાં જીવતો થઈ જાય છે. આ વાતાવરણ જન્મે છે એના ચિત્તના મનોવ્યાપારમાંથી. આ

હકીકતનું માણસને ભાન હોય કે ના હોય, પણ માણસનું બાહ્યજીવન એ એના મનોજગતનું જ પ્રતિબિંબ છે.

એક રીતે જોઈએ તો આપણે સૌ વિચારના મહાસાગર વચ્ચે જીવીએ છીએ. પ્રત્યેકના મગજમાંથી જે જે વિચારો પ્રસ્ફુટિત થાય છે તેનો વીજળીસંચાર આપણા ચોમેરના વાતાવરણમાં થાય છે. મગજમાંથી વિચારતરંગો છૂટીને વાતાવરણના ઈથરમાં પહોંચે છે, બિલકુલ જાણે ધ્વનિ–તરંગ જ જોઈ લ્યો! જે રીતે અવાજનાં મોજાં બીજે સ્થળે પહોંચે છે, એ રીતે આંદોલિત થઈ વિચારોનું પણ સંક્રમણ, સંચરણ થાય છે અને દૂર બેઠેલો માણસ પણ જો અભિમુખ હોય, એની ગ્રાહકતા સતેજ હોય તો એ વિચારોને ઝીલી શકે છે.

એક વખતે વિચારોના તરંગો પોતાની જન્મભૂમિ છોડી દે છે, પછી એની દિશા સભાનપણે નિશ્ચિત નથી થઈ શકતી. વત્તાઓછા અંશે સૌ કોઈ પર વિચારતરંગોની અસર થઈ શકે. માણસની જેટલી ગ્રાહકતા વધારે સક્રિય અને સૂક્ષ્મ તેટલું તે વધારે ઝીલશે. સમાનધર્મીઓને પરસ્પર સહજ આકર્ષણ થાય એ ન્યાયે એક જ સરખા વિચાર ધરાવનારાઓ એ વિચારને વધુ પકડી લેશે. આમ પોતાના જીવનમાં માણસ જેવા વિચારો સેવતો હશે, તેવા સમાનશીલ વિચારોને એ વધુ ઝીલતો રહેશે. આમ, માણસ પોતાના જગતને પોતે જ સર્જતો હોય છે. એ જગત અંદરથી જ સર્જાતું આવે છે. જેવું અંદર, તેવું બહાર. જેવું બી, તેવું ફળ!

## પોતપોતાને અનુકૂળ ગ્રહી લેવાય છે

એક જ ભૂમિમાં ઘઉંનો છોડ હોય અને બાજરાનો છોડ હોય. બંને અડખેપડખે ઊભા છે, એક જ જમીનમાંથી બંને પોષણ મેળવે છે. પરંતુ ઘઉંના છોડ ઉપર ઘઉંના દાણા ઊગે છે, જ્યારે બાજરાના છોડ ઉપર બાજરાનો ડૂંડો ફૂટે છે. બંનેએ જમીનમાંથી જે ગ્રહણ કર્યું તે બહાર પ્રગટ થયું. જે–તે વ્યક્તિનો અંતરાત્મા નક્કી કરે છે કે મારે શું ગ્રહણ કરવું. એક જ પ્રકારનું અન્ન બે જુદી જુદી વ્યક્તિઓ ખાય, પણ એમાં એક બને છે રીઢો ગુનેગાર અને બીજો બને છે સંત. આ પ્રકાર નક્કી થવાનું મૂળ સ્થળ અંદર છે. અને આ મૂળ સ્થળ કેવી રીતે નક્કી થાય છે? જે પ્રકારની ભાવનાઓ અને વિચારો સતત પોષાતાં રહ્યાં હશે, તે જ આગળ જતાં સ્થૂળરૂપે પ્રગટ થતાં રહે છે. માનવજીવનમાં વિચાર એ મુખ્ય કર્તાહર્તા છે. એ નિર્ણાયક બળ છે. એના આધારે જીવન ઘડાય છે. સતત સદ્‌વિચારોનું સેવન કર્યે રાખો, તમારા જીવનમાં ભલાઈ પ્રગટ થશે અને તમારા શરીરનું સ્વાસ્થ્ય અને સૌંદર્ય વધશે. કુવિચારોનું સતત સેવન થતું રહેશે તો તમારા જીવનમાં દુષ્ટતા પ્રગટ થશે અને તમારું શરીર પણ રોગીલું અને નબળું પડતું જશે. પ્રેમના વિચારો સેવો, તો તમે બીજાને ચાહતા થઈ જશો અને બીજા તમને ચાહતા થઈ જશે. મનમાં ઘૃણાના વિચારો સેવશો તો તમને સામે ઘૃણા જ મળશે અને તમે પોતે પણ ઘૃણા કરતા થઈ જશો. જેવું વિચારશો તેવા થશો.

આ જ નિયમના આધારે દરેક માણસ પોતાનું વાતાવરણ સર્જે છે. વાતાવરણનું ચારિત્ર્ય ઘડાય છે અંતરમાં. પોતાના ઘરનું વાતાવરણ પણ આ જ રીતે ઘડાય છે. ઓરડામાં તમે દાખલ થાઓ છો, અને એ ઓરડામાં રહેનારાના આંતર્વિચારો મુજબનાં આંદોલનો તમે ઝીલો છો. તમને સામેની વ્યક્તિ આવકારે છે કે તમે ત્યાંથી જલદી વિદાય લો તેમ ઇચ્છે છે, એ વાતને તમે તરત જ પકડી લઈ શકશો, પછી ભલે એ રીતના કોઈ શબ્દો બોલાયા હોય કે ના હોય. આ જ વાત મંદિર, મઠ, ગામ કે સમાજને લાગુ પડે છે. સમાજના વિવિધ ઘટકો સમાજના બંધારણને ઘડે છે. વ્યાપક લોકસમાજ જે વિચારે છે, જે વિવાદો ખડા કરે છે તેની જાણમાં માણસ ન ધારેલા મુકામે પહોંચી જાય છે. આ જ વાત વક્તા અને શ્રોતાજનોને પણ લાગુ પડે છે. વક્તા પોતાનાં વિચારસ્પંદનોને શબ્દો દ્વારા શ્રોતાનાં હૃદય સુધી પહોંચાડી એને દોરીને લઈ જઈ શકે છે.

નેપોલિયનનું લશ્કર પૂર્વમાં પહોંચ્યું છે. ચોમેર પ્લેગ ફાટી નીકળ્યો છે અને એની અસરો છાવણી સુધી પણ પહોંચી ગઈ છે. છાવણીમાં ઠેરઠેર, ખાટલા ઉપર અને જમીન ઉપર, જ્યાં ત્યાં લોકો પથારી પકડીને સૂતા છે. સર્વત્ર ભય છવાઈ ગયો છે અને એક પછી એક સૈનિક એનો ભોગ થતો જાય છે. સેનાપતિઓ પોતાના રાજવીને ઘણુંય વારે છે કે આવા લોકોની વચ્ચે જવામાં ભારે મોટું જોખમ છે. પણ શાંત અને અડગ મનોબળ

સાથે મક્કમ પગલાં ભરતો નેપોલિયન સૈનિકોની વચ્ચે આવીને ઊભો રહે છે. એકેકની સાથે વાતો કરતો જાય છે, સ્નેહથી સૌને પસવારતો જાય છે. એને જોતાંવેંત સૌના મોંમાંથી સરી પડે છે, "અરે ! સમ્રાટ પોતે ?" અને જોઈ લો જાદુ ! એ જ ક્ષણથી પ્લેગનું જોર ઓછું થતું ચાલ્યું. પોતાની અડગ હિંમત, અચળ નિર્ભયતા અને દૃઢ મનોબળની શક્તિના આધારે એક માણસે જે ચમત્કાર સર્જ્યો તેનો આ અનુપમ દાખલો છે. એ માણસે વાતાવરણમાં નિર્ભયતાનું એવું મોજું ફેલાવી દીધું કે ત્યાર પછી હજારો લોકોનાં ચિત્તમાં પોતાના શરીર પર એવો કાબૂ આવી ગયો, શરીરમાં એવી પ્રતિકાર શક્તિ આવી ગઈ કે એમને પ્લેગ કે મૃત્યુનો ભય કશું પણ ના કરી શક્યાં. એક રીતે જોઈએ તો આ નેપોલિયનને સરવાળે નિષ્ફળતાઓની હારમાળા જ સાંપડી પણ બીજી રીતે જોઈએ તો અત્યંત સામર્થ્યવાન અને જબરદસ્ત મનોબળ ધરાવનારા પુરુષોમાંનો આ એક અદ્‌ભુત વિરલ મનુષ્ય થઈ ગયો.

## સમાન તત્ત્વોનું પરસ્પર આકર્ષણ

વિચારોના સંક્રમણ અંગે એક મહાન સિદ્ધાંત આ પણ છે કે સમાન તત્ત્વો પરસ્પર આકર્ષાય છે. મનની અપાર શક્તિના અજ્ઞાનને લીધે સંભવ છે કે આપણે વાતાવરણમાંથી નકારાત્મક વલણો જ અપનાવી લઈએ અને પછી તો દૃશ્ય–અદૃશ્ય બંને જગતમાંથી આ જ પ્રકારના વિચારોને આવકારતા રહીએ. આવું જ વિધાયક વલણોની બાબતમાં થાય છે.

આપણી આસપાસના વાતાવરણની આપણા ઉપર અસર થતી જ હોય છે. આપણે પોતે આપણા આચાર–વિચારમાં દૃઢ ના હોઈએ તો બીજાના આચાર–વિચારની અસર આપણા ઉપર પડતી જ હોય છે, ભલે એની જાણ બેઉ પક્ષમાંથી કોઈને ના હોય. આપણી પોતાની એક અંતઃશક્તિ છે એનું ભાન ના થાય ત્યાં સુધી જે–તે પ્રમાણમાં બીજા લોકોના વલણ–વિચારોનો પ્રભાવ આપણા ચિત્ત ઉપર થતો રહે છે, પરિણામે ચીલાચાલુ રીતરિવાજો, લોકનિંદાનો ભય આપણા ઉપર સવાર થઈ જાય છે અને એટલા અંશે આપણે આપણા વ્યક્તિત્વને ગુમાવી બેસતા હોઈએ છીએ. જે માણસ પોતે મનથી એક વાર ગુલામ થઈ ગયો તે પછી પોતાના જ મનોવલણના આધારે વધુ ને વધુ ગુલામી તરફ ઢસળાતો જાય છે. આથી ઊલટું, મનોવલણ સ્વામીત્વનું રહે, સંજોગોને પડકારવાનું રહે તો એ જ માણસ ક્રમશઃ સંજોગોનો માલિક થઈ જાય છે. આમ દરેકનું જગત પોતાની અંદરથી જ સર્જાતું આવે છે. બહારનાં પરિબળો એના પર કામ કરી શકતાં હોય તો તેનું એકમાત્ર કારણ આ છે કે એ પોતે તેવું થવા દે છે. પોતાના પર ઊંચે ચઢાવનારા, મજબૂત કરનારા, સફળતા આપનારા વિધાયક વિચારોનું શાસન ચાલશે કે થકવી દેનારા, નબળા પાડનારા, નિષ્ફળતા પ્રેરનારા નિષેધક વિચારોનું શાસન ચાલશે તેનો નિર્ણાયક માણસ પોતે જ છે.

વિચાર કરતાં વધારે પ્રબળ, વધારે સૂક્ષ્મ બીજી કોઈ શક્તિ નથી. એનો સાચી રીતે અમલ કરવામાં આવે

અને શ્રદ્ધા તથા નિષ્ઠાપૂર્વક અપનાવવામાં આવે તો જીવનમાં ભય અને સંદેહ કદી નજીક ઢૂંકી શકે નહીં. ઉત્તરોત્તર વિકાસની જેના મનમાં ઝંખના અને સંનિષ્ઠ પ્રયાસની વૃત્તિ હશે, જેના મનમાં સતત પોતાના આ ધ્યેય અંગેનું જ ચિંતન હશે અને આ સ્વપ્નસિદ્ધિ માટે જેનું સતત સિંચન ચાલતું રહેશે, તે છેવટે પોતાનું ધ્યેય સિદ્ધ કરીને જ રહેશે. અને એની આ ધ્યેયસિદ્ધિ કુદરતી કાનૂન અને પરિબળોના આધારે જ થશે, એમાં કશું જ અવનવું કે ચમત્કારિક નથી.

## હાર-જીતનો આધાર આપણે પોતે

આશાને બદલે ભય સેવો તોપણ એ જ કાયદો લાગુ પડશે. ઘણા લોકોના મોઢે આપણે સાંભળીએ છીએ કે "મને પહેલેથી જ બીક હતી કે આવું થશે અને આવું જ થયું." આના કરતાં એ સાવ ઊલટું પણ બોલી શકયો હોત. સંજોગોના ગુલામ થઈ જવાના મનોવલણને બદલે સંજોગો પર મારું આધિપત્ય રહેશે તેવો નિશ્ચય કેળવાયો હોત તો પરિસ્થિતિ સાવ વિપરીત સિદ્ધ થઈ શકત.

માણસ ગમે તેવા કપરા સંજોગોની ભીંસ વચ્ચે આવીને ઊભો રહે, એમાંથી ઊગરવાનો ઉપાય એની પોતાની પાસે જ છે. આ કસ્તૂરી મૃગ જેવું છે. મૃગને ખબર પડવી જોઈએ કે જે સુગંધની પાછળ પાછળ હું કસ્તૂરી શોધતો દોડયે જાઉં છું, તે કસ્તૂરી તો મારી ડૂંટીમાં જ છે. આ જ રીતે માણસને ભાન થવું જોઈએ કે મન અને

આત્માના વિજયની શક્તિ મારી ચેતનામાં જ પડેલી છે. આ શક્તિનો ઉપયોગ નહીં થાય, ત્યાં સુધી જીવનમાં હાર જ છે. પોતાનો સઘળો દોર પોતાના હાથમાં લઈ સંજોગોનો સ્વામી નહીં બને તો એનું સ્વાભાવિક પરિણામ આ જ આવે કે એને સંજોગોના શિકાર, સંજોગોના ગુલામ બનવું જ રહ્યું.

તીવ્ર ઇચ્છા અને દૃઢ મનોબળ જોઈએ. જીવનને વધુ ને વધુ ઉદાત્ત બનાવવાનો અડગ સંકલ્પ એ જ દિશામાં માણસને લઈ જશે. આત્મશક્તિનું ભાન થાય એ જ જરૂરી છે. જે ક્ષણે આપણી સત્તાનું આપણને ભાન થાય છે એ જ ક્ષણે સંજોગો આપણા ગુલામ બની જઈને આપણા હુકમની રાહ જોતા ઊભા રહી જાય છે.

તમારા અંતરમાં કોઈ મહત્ત્વાકાંક્ષા વારંવાર માથું ઊંચકયા કરતી હોય તો તરત જ એ ઇચ્છાને સિદ્ધ કરવા કમર કસો. તમારું ઇચ્છેલું ફળ એની મેળે આપોઆપ તમારા ખોળામાં આવીને પડશે તેવું નહીં થાય. ઈશ્વર હાથીને મણ અને ચકલીને ચણ આપી જ રહે છે, પણ કોઈનાય મોંમાં એ કોળિયો આપવા જતો નથી. દરેકે મથવું પડે છે. હાથમાં જે કાંઈ કામ છે તેને પૂરો ન્યાય આપો, તો ઉત્તરોત્તર કામ વિકસતું જશે અને તમારા ધ્યેયની નજીક પહોંચાડતું જશે. આમ તમારા જ પુરુષાર્થના જોરે એક ક્ષણે તમે એવા દરવાજે આવીને ઊભા રહેશો, જેની ચાવી તમારી પાસે જ હશે. બારણાં ખોલો અને તમારા સ્વપ્નની સિદ્ધિને ઊજવો.

આપણો જન્મ કાંઈ ગુલામ થવા કે ભીખ માંગવા થયો નથી. આપણે પોતે જ સત્તાધીશ છીએ. ઘણું બધું મેળવવાને આપણે અધિકારી છીએ. આ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. એ અધિકારનું ભાન હોય એટલું બસ છે. પછી આપણા હક્કનો વારસો આપણને મળી જ રહે. શક્તિ વેડફવાને બદલે યોગ્ય માર્ગે વહેતી કરી લેવી જોઈએ. જે પ્રકારની શક્તિની માગણી કરીશું, તે પ્રકારની આવી મળવાની છે. માગો અને મળશે, તેવું છે. પણ ખબર હોવી જોઈએ કે સઘળું મારી મુઠ્ઠીમાં છે.

## વિચાર-ઊર્જા એ વૈજ્ઞાનિક તથ્ય

બધા પ્રકારની શક્તિઓમાં વિચારશક્તિ એ સૌથી વધુ સામર્થ્યવાન અને અજેય શક્તિ છે. એ સતત કામ કરતી રહે છે. પણ મોટા ભાગના લોકોમાં આંતરચેતના જાગી નથી હોતી, પરિણામે વાતાવરણની અસર હેઠળ જ તેઓએ જીવવાનું રહે છે. જેમની આંતરચેતના પ્રબળ છે, જેમને અંતઃશક્તિની સ્વાનુભૂતિ છે તેવા સાધુસંતો, મુનિ-મહાત્મા, પયગંબરો માનવજાતિના પથદર્શક અને તારણ-હાર બની જતા હોય છે. આપણે તો હજી આ વિચાર-શક્તિના મહાન સામર્થ્યના સત્યની બારાખડી શીખી રહ્યા છીએ કે જગતમાં વિચારોનું પણ એક વિજ્ઞાન છે અને એના નિયમો જાણી લઈને અમલમાં મૂકી ધાર્યાં ફળ મેળવી શકાય છે. જે માણસને આ શક્તિનું ભાન થઈ ગયું છે તેણે તો સઘળો દોર પોતાના હાથમાં લઈ જ

લીધો હોય છે. સંજોગો, વારસામાં મળેલી પૂર્વસ્થિતિ અને યુગપ્રભાવ વગેરે શબ્દો નબળા લોકો માટે છે. વારસામાં મળેલી પરિસ્થિતિની દીવાલો તો પેલી જાગેલી અંતઃશક્તિઓના પ્રબળ ધક્કે માટીની જેમ ભોંભેળી થઈ જાય છે.

## સંકલ્પ સુકાન, વિચાર વહાણ

વિચારશક્તિને દિશા દેખાડનારું કોઈ જોઈએ, તો જ એ પ્રભાવક નીવડે. આ બિન્દુએ આપણે 'ઇચ્છા', 'સંકલ્પબળ'ના તત્ત્વ પાસે પહોંચીએ છીએ. ઇચ્છાશકિત, સંકલ્પશકિત એ પોતે વિચારશક્તિ નથી. ઇચ્છા એ તો દોરનારું બળ છે, દિશાસૂચક પરિબળ છે. વિચાર એ લઈ જનારું બળ છે. સંકલ્પ રસ્તો ચીંધશે, વિચાર લઈ જશે. વેરવિખેર આવેલા વિચારો ડગમગતા, અનિશ્ચયી, ઢીલાઢસ્સ, ઇચ્છે ઘણું પણ કરે કશુંય નહીં, અવઢવવાળાં સ્ત્રી–પુરુષો નિર્માણ કરશે; જ્યારે વિશિષ્ટ સંકલ્પબળના આધારે દોરવાતી વૈચારિક શક્તિ માણસને મજબૂતી, નિર્ભયતા, મક્કમતા, કદીય નહીં ઝૂકનારી અડગતા, અજેયતા પ્રાપ્ત કરાવશે. સામાન્ય માણસ જે સંજોગો સામે હારીથાકીને લમણે હાથ દઈ હેઠો બેસી જશે, ત્યાં આવા માણસો આડે પડેલા પથરાઓનો જ એક સરસ મઝાનો રસ્તો બનાવી લેશે, આફતને તેઓ અવસરમાં પલોટી દેશે, મુસીબતને મહેફિલ સમજી એમાંથી રસ્તો કાઢશે. જે રીતે સમડી પોતાની વિરુદ્ધ વહી આવતી હવામાં પોતાની પાંખો વીંઝી, એના જ આધારે દૂર દૂર, માણસની નરી આંખે દેખાય પણ નહીં તેવા પેલે પારના

આકાશમાં ઊડતી રહે છે. વિપરીત સંજોગોમાંથી મદદ ઊભી કરી લેવા ઉપરાંત આવા માણસોને અંદરથી પણ વધારાની શક્તિનો અનુભવ થતો હોય છે.

## સતત સ્મરણ દ્વારા ઉદ્દેશપ્રાપ્તિ

આપત્તિઓને અવસર બનાવનારા આવા લોકો જ જીવનમાં કાંઈક પ્રાપ્ત કરી શકે છે. માની લો કે કોઈ એક વેપારી પોતાની પાસેની સાવ નજીવી મૂડીથી વેપાર શરૂ કરે છે. પણ એના જીવનનું ધ્રુવપદ એક જ છે—સફળતા. આ જ છે એનો આદર્શ. એને સફળતા સિવાય બીજું કશું દેખાતું નથી, બીજું કશું સંભળાતું નથી. એને રાહ હોય તો તે કેવળ 'સફળતા'ની. આમ એ સફળતાનું ધ્યાન પોતાના તરફ ખેંચે છે. એની તમામ વિચારશક્તિ સફળતાની પ્રત્યેક નાનીમોટી ચાવીઓને પોતાના તરફ ખેંચતી રહે છે. એણે ચિત્તના પ્રવાહોને એ રીતે વહેતા કરી મૂક્યા છે કે હવાની પ્રત્યેક લહેર પોતાની સાથે સફળતાને ખેંચી લાવે. નિષ્ફળતા એ જાણતો જ નથી, એ ઇચ્છતો નથી, એટલે એને આવકારતો પણ નથી. નિરર્થક ભય કે નિરાશાની લાગણીઓ સેવવા એની પાસે સમય જ નથી. એ તો પોતાના પ્રયત્નોમાં ગળાડૂબ છે. ભલે ને મુસીબતોનો પહાડ આજે, આ ક્ષણે તૂટી કેમ નથી પડતો? એ સહન કરી લેવાની એની તૈયારી છે. એણે પોતાનાં પરિબળોને કામ કરતાં કરી મૂક્યાં છે. આ માણસ માટે આ આંતરિક પરિબળોનું મૂલ્ય એના પાડોશીના લાખ રૂપિયા કરતાં અનેકગણું વધારે છે. પાડોશી

પણ વેપારી જ છે. પરંતુ એ મુસીબતોથી સતત ડર્યા કરે છે. પરિણામે આફત આવતાં પહેલાં જ એની અડધી શક્તિ ખર્ચાઈ જાય છે. દેખીતી નિષ્ફળતા તો ઘણી મોડી સામે આવીને ઊભી રહે છે. પણ અંદરથી તો એ માણસ ક્યારનોય હાર ખાઈ ચૂક્યો હોય છે. **માણસ પોતાની સફળતા કે નિષ્ફળતા પોતે જ પોતાની સાથે લઈ જતો હોય છે. સફળતા કે નિષ્ફળતા બહારના સંજોગો ઉપર અવલંબિત નથી જ નથી.**

## સંકલ્પબળ દિશાસૂચક યંત્ર

આખરે તો સંકલ્પ એ જ મુખ્ય પ્રેરક બળ છે. એ જ કેન્દ્રમાં છે. એ જ આપણને દોરે છે. એક વખતે અંતરના મનોબળે હોડી ચાલતી થઈ ગયા પછી સંકલ્પ જ નાવિક બની જાય છે. એ જ આપણને ધારેલે સમયે જ્યાં પહોંચવાનું નક્કી કર્યું હોય ત્યાં પહોંચાડી શકે છે. ઇચ્છાશક્તિમાં, સંકલ્પબળમાં પેલા સૂર્યના કાચ જેટલી ગ્રહણશક્તિ છે, જે સૂર્યકિરણોને પોતાના પર ઝીલી સામે ધરેલા કાગળને બાળીને ખાખ કરી શકે છે. એ જ સૂર્યકિરણોને સઘનપણે ઝીલનારું કોઈ પરિબળ ના હોય તો કાગળ ઉપર વર્ષો સુધી એ જ કિરણો પડયા કરે, તોય કશી અસર થાય નહીં. આમ, વિચારોને દોરવણી આપવા, કેન્દ્રીભૂત કરવા, એકાગ્રતા લાવવા સંકલ્પબળ, ઇચ્છાશક્તિ જ એક મોટું સાધન છે. સાચા માર્ગદર્શન હેઠળ દોરાતો વિચાર જ આખરે કામ કરી શકે છે, કશુંક પરિણામ લાવી શકે છે, જીવનમાં

સફળતા અપાવી શકે છે. ચિત્તમાં એવી એક ચીજ ઠસી જાય, જે કદાપિ ધ્યાન બહાર રહે નહીં, ન કદી ઉપેક્ષિત બને. આવી સ્થિતિ ખંતપૂર્વક ટકી રહે તો તે જ અંતિમ નિર્ણાયક બને છે. આવા સંકલ્પથી ઘેરાયેલી વિચારશક્તિનો વિરોધ કરવાની તાકાત કશામાં હોતી નથી.

તો પછી શા માટે આપણે આટલા મોટા સાધનનો ઉપયોગ આપણા પોતાના કે પારકા હેતુ સિદ્ધ કરવા માટે ન વાપરીએ? થોડા આગળ વધી શકીએ તો આ વિચારને શક્ય તેટલો વધુ નિઃસ્વાર્થી અને આધ્યાત્મિક બનાવી શકીએ. તેટલું જીવન વધુ ને વધુ આધ્યાત્મિક બનશે, સ્વાર્થી હેતુઓથી એ આપણને વધુ ને વધુ દૂર લઈ જશે. બીજી બાજુ, આ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જે કોઈ આ શક્તિનો ઉપયોગ પોતાના સંકુચિત સ્વાર્થ માટે કરશે તો સમસ્ત સૃષ્ટિના સત્ય, ન્યાયનો જે અટલ નિયમ છે તે એને એવી કોઈ ભીંત સામે લઈ જઈને મૂકી દેશે, જેની સામે અથડાઈને તે ભાંગીને ભૂક્કો થઈ જશે.

## ઇચ્છાશક્તિને સત્કર્મોમાં પરોવો

બીજાને છેતરીને, બીજાને અંધારામાં રાખીને, બીજાને ભોગે જે કાંઈ મેળવાશે તે સઘળું ઘડીના છઠ્ઠા ભાગમાં કડડભૂસ કરતું જમીનદોસ્ત થશે. પોતાને જાણે અમૃત મળી ગયું છે તેવા ભ્રમમાં કોઈ રહેશે તો જેવો એને ચાખવા જશે તેવું તે કડવું વખ થઈને સામે આવશે. સામે ધરેલા એના ફળમાં જીવડાં પડી જશે. બધી જહેમતના અંતે,

સરવાળે હાથમાં કોઈ ગુલાબ નહીં આવે, નર્યા કાંટા જ કાંટા ઉઝરડા પાડતા રહેશે. ઈશ્વરના કેટલાક કાનૂન છે, એને જે બાજુ પર મૂકી દેવાનો પ્રયત્ન કરશે તે એનાં જ પૈડાં હેઠળ કચડાઈ જશે. આવો અનુભવ આવે તે એક રીતે તો સારું છે કે માણસની આંખ તો ખૂલે.

આ જ વાતને આગળ વધારીએ તો માનવજીવન સમક્ષ બે પ્રકારનાં સંકલ્પબળ રજૂ થાય છે. એક છે, માનવીય અને બીજું છે દિવ્ય માનવીય. ઇચ્છાઓમાં અંગત સુખ, સ્વાર્થ છુપાયેલાં હશે, જ્યારે દિવ્ય ઇચ્છાઓમાં અંતરાત્માનું એવું પાસું પ્રગટ થશે, જે સ્વયં પ્રભુતાનું પ્રતિબિંબ ઝીલતું હોય, સદા સર્વદા શુભંકર જ હોય. એનાથી કદીય કોઈને લેશ માત્ર આંચ ન આવે. પણ આવી દૈવી ઇચ્છાઓ જાગે શી રીતે ? આવી ઇચ્છાઓનું જ વર્ચસ્વ વર્તે તેવું કેવી રીતે થાય ? ઈશ્વરની ઇચ્છામાં પોતાની ઇચ્છાને ઓગાળી નાંખવાની શક્તિ આવે તો અનંત પ્રેમ, જ્ઞાન અને શક્તિની પોતાની જે આકાંક્ષા છે તે વધુ ને વધુ આત્મસાત્ થાય અને જીવનમાં અચૂક નિશાન સાધતાં કરી મૂકે.

## ઈશ્વરેચ્છા એ જ મારી ઇચ્છા

અનંત શક્તિ, ઈશ્વરી બળ આ જ રીતે તો આપણા દ્વારા કામ કરતી હોય છે. જે ક્ષણે આપણને ભાન થાય કે આપણે તો એક પૂર્ણ શક્તિના અંશ છીએ, પરમ ચૈતન્યનું એક બિન્દુ છીએ તો સમજાય છે કે આપણે

લગીરે અધૂરા નથી. પછી 'મારી ઇચ્છા' જેવી કોઈ ચીજ રહેતી નથી, રહે છે કેવળ પ્રભુનો આત્મસાક્ષાત્કાર. જીવનમાં જે કાંઈ છે તે સઘળું પ્રભુનું છે, મારી જાત પણ એની જ છે અને પછી મારામાં કશું ખૂટતું રહેતું નથી. એક વખતે જીવનનું આ સત્ય આપણી સમક્ષ ઝળહળી ઊઠે, આ સત્યમાં આપણે સભાનતાપૂર્વક જીવતા થઈ જઈએ તો આપણા આખા જીવનની સ્થિતિ એક જ શબ્દમાં રજૂ કરી શકાશે. અને તે શબ્દ છે—આત્મસાક્ષાત્કાર. પછી જીવનની ક્ષુલ્લક ચીજો પાછળની સઘળી દોટ થંભી જશે, અંતરમાં કશું મેળવી લેવાનાં કોઈ ફાંફાં બાકી રહેશે નહીં. પછી તો દોરીસંચાર કેવળ પ્રભુની ઇચ્છાનો.

આનો શું અર્થ થાય છે? આટલો જ કે હવે તમે કોઈ એવા પ્રદેશમાં દાખલ થઈ ગયા છો જે આ પૃથ્વી પરનાં ભૌતિક સુખદુઃખ આપનારું ક્ષેત્ર નથી, બલ્કે કોઈ એવો સ્વર્ગીય પ્રદેશ છે, જ્યાં કશી જ વિસંવાદિતતા નથી, બલ્કે પરમ ચૈતન્ય સાથેની અપૂર્વ સમરસતા છે. પછી આવતીકાલની કશી ચિંતા કરવાપણું રહેશે નહીં, કારણ કે સ્વયં કાળ પોતાની કાળજી કરતો થઈ જશે. ઈશ્વર પ્રતીતિ થઈ ગયા પછી ચિંતા શેની કરવાની રહે? બધું જ જ્યાં એને સોંપાઈ ગયું, એ જ જીવનનો કર્તા, હર્તા, ભર્તા. પછી કઈ જવાબદારીનો ટોપલો માથે લઈને ફર્યા કરવાનું? પછી તો કોઈ જવાબદારી હોય તો તે આટલી જ કે એની સાથેનું અનુસંધાન સતત ટકી રહે. જે મહાનુભાવોના જીવનમાં આવો સાક્ષાત્કાર, આવો ઈશ્વર

પ્રત્યય જાગી ઊઠયો છે તેમનામાં અજબ આત્મવિશ્વાસ, અચૂક નિર્ણયશક્તિ જાગી ઊઠેલી જોવા મળે છે. માણસના હાથમાં શક્તિનો મૂળ સ્રોત આવી જાય છે, પછી એના શબ્દોમાં એક પ્રકારની અધિકૃતતા આવી મળે છે.

### આત્મપ્રત્યય દ્વારા અદ્‌ભુત આત્મવિશ્વાસ

જીવનમાં જ્યારે આવો પ્રભુપ્રત્યય જાગી ઊઠે છે ત્યારે સઘળા ભય ઓસરી જાય છે, આશાઓ સળવળી ઊઠે છે અને શ્રદ્ધાનો ઉઘાડ સર્વત્ર છવાય છે. આ શ્રદ્ધામાંથી જ ધીરે ધીરે ઈશ્વરપ્રતીતિ જાગતી હોય છે. પછી જીવનમાં કોઈ ભૂતકાળ રહેતો નથી કે નથી રહેતો કોઈ ભવિષ્યકાળ. રહે છે કેવળ આ ક્ષણ, વર્તમાન ક્ષણ. એ ક્ષણને હું સાર્થક કરતો રહું તો મારા બધા કાળ સચવાઈ જશે. આ જે મારી શાશ્વત વર્તમાન ક્ષણ છે, તેને હું પૂરો ન્યાય આપી શકું તો અનંતકાળ મારો સચવાઈ જશે. પછી શા માટે ભૂતકાળને વાગોળવાનો અને ભવિષ્યકાળને સેવવાનો પ્રસંગ જ આવે? ઠીક છે, ક્યારેક ભૂતકાળનાં સુખદુઃખનાં વહેણોમાંથી ગુજરેલા જીવને શીખવાડેલા પાઠોને ઘડીભર યાદ કરી લઈએ, પણ તેને ચિત્ત પર સવાર તો હરગિજ ના થવા દઈએ. એ જ રીતે શેખચલ્લીના તરંગો નિર્માણ કરવામાં શક્તિ ગુમાવવાને બદલે, ભાવિને ઘડવાની જે સંભાવના વર્તમાન ક્ષણમાં પડી છે તેને પૂરેપૂરો ન્યાય આપીને આજની ઘડીને શું કામ રળિયામણી ના કરી દઈએ? આજ સુધરી તો આવતી કાલ સુધરી જ સમજો!

## ચારિત્ર્યનિર્માણનો આરંભ, વિચારથી

પ્રત્યેક કૃતિ આરંભાય છે વિચારથી. વારંવાર થતું કૃત્ય ટેવ બની જાય છે અને એ જ ટેવ ધીરે ધીરે પ્રકૃતિ, સ્વભાવ બનવા તરફ આગળ વધે છે. સ્વભાવમાંથી જ ચારિત્ર્યનિર્માણ થાય છે. આખરે તો ચારિત્ર્ય જ જીવનને ઘડે છે. ચારિત્ર્ય જ જીવનની ગતિવિધિનું સંચાલક બળ છે. ચારિત્ર્ય એ જ જીવનનું મહાસત્ય છે. આમ વિચારથી આરંભાતી યાત્રા ચારિત્ર્ય નિર્માણ કરી જીવનના ભાવિ સુધી પહોંચાડી દે છે. આમ જ જીવનની નિયતિ નિર્માય છે. વિચારોની કડીબદ્ધ શૃંખલાઓ જીવનમાં એવું કાંઈક વ્યવહારમાં આચરાવે છે, જે જીવનની શૈલીને ઘડનારું હોય છે. જીવનના શીલનું, ચારિત્ર્યનું આ જ ગુપ્ત રહસ્ય છે. દેખાવમાં સાવ નાનકડી ચીજ, પણ કેટલી સાવધાની, તકેદારી માંગી લેનારી ચીજ !

## શ્રદ્ધા વધારવા પ્રાર્થના મોટો આયામ

આ તબક્કે જીવનમાં પ્રાર્થનાનું શું મહત્ત્વ છે એ પ્રશ્ન જાગી શકે. ભક્તિના બીજા આયામોની જેમ આ પ્રાર્થના પણ આપણને પરમતત્ત્વ સાથે અનુસંધાનમાં જોડી રાખી શકે. છેવટે તો આ એકાત્મતા સધાશે તો જ શક્તિસંચાર થશે. અંતરાત્માની ઉત્કટ અભીપ્સાનો પડઘો પ્રાર્થનામાં પડે, શ્રદ્ધાના પૂટ એના પર ચઢતા જાય અને એમ ધીરે ધીરે કોઈ દિવસે આપણા અંતરમાં આપણે જ ઈશ્વરના અંશ છીએ તેની પ્રતીતિ જાગી ઊઠશે. આ શ્રદ્ધાતત્ત્વ એક

એવું અદૃશ્ય અને અજેય પરિબળ છે, જે અંતરની ઉત્કટ મનોવાંછનાને પોતાના તરફ સતત ખેંચ્યા કરે છે અને પછી નીરવતાપૂર્વક કશુંક પામવાની તે અખંડ પ્રતીક્ષા જન્માવે છે. ભગવાન ઈશુએ કહ્યું છે, "તમારી જે કાંઈ મનોકામના હોય, તેની પૂર્તિ માટે પ્રભુ પાસે પ્રાર્થના કરો તો સમજી લો કે તમારી ઇચ્છાઓ પાર પડી જશે." આ અચૂક નિયમ છે. માણસને ઘડનારું તત્ત્વ છે એની આ શ્રદ્ધા. જીવનમાં આપણને નિષ્ફળતા સાંપડતી હોય તો તેનું આ જ કારણ છે શ્રદ્ધાની ઊણપ. આ રીતે જોઈએ તો જીવનમાં પ્રાર્થના જેટલું મૂલ્યવાન, પ્રભાવકારી અને વૈજ્ઞાનિક બીજું કશું નથી.

જીવનમાં અભીપ્સા કરવા જેવું કાંઈ હોય તો તે આ જ છે. પરમશક્તિ સાથેના ઐક્યની પ્રતીતિ. કારણ કે એક વખતે આ અનુસંધાન પ્રાપ્ત થઈ જશે તો આખું જીવન ઈશ્વરની ઇચ્છામાં સમાઈ જશે. પછી કેવળ સદ્‌તત્ત્વોનું જ ખેંચાણ રહેશે એટલે ભય કે ખોટ નામની ચીજ જ હસ્તીમાં નહીં રહે. ભય શેનો, **જ્યારે ઈશ્વર સાક્ષાત્ હાજરાહજુર છે, એનો પ્રેમ, એની કાળજી સતત વરસ્યા કરે છે. એનાં બધાં આયોજનોને પાર પાડે છે !** ઈશ્વરની હસ્તી સ્વીકારી હશે અને ઈશ્વરેચ્છાના સૂરમાં સૂર મિલાવી જીવન ગોઠવ્યું હશે તો બધાં આયોજનો પાર પાડવામાં પ્રભુ પોતે મદદ કરશે. પણ ઇશ્વરેચ્છાની વિરુદ્ધ જઈ કશુંક કરી નાંખવાની નેમ હશે તો જીવનમાં વિફળતા અને નિરાશા સિવાય કશું હાથ નહીં લાગે.

## આંતરશક્તિનો પ્રભાવ

પરિપૂર્ણ જાગૃત જીવન, જે પોતાની આંતરિક શક્તિઓને પારખી લઈ કામે લગાડે છે તે માનવસેવા માટે એક ભારે મોટું સામર્થ્યશાળી પરિબળ સિદ્ધ થઈ જાય છે. આંતરિક શક્તિનું જેમને ભાન થયું છે તેમને સેવા કરવા માટે અહીંથી ત્યાં દોડાદોડ કરીને પ્રવૃત્તિઓનો ભારે મોટો પથારો પાથરવો નહીં પડે. આવો માણસ તો પોતાની નાનીસરખી ઝૂંપડીમાં બેસીને કે થોડુંક આમતેમ જઈને પણ પોતાના આંતરિક તરંગોના પ્રભાવને સર્વત્ર ફેલાવી શકે. એ આંદોલનો જ કામ કરશે અને જગતના કોઈ પણ ખૂણે પહોંચી જશે. આવી અવ્યક્ત સેવા કરતાં મોટી, કીમતી અને વધારે સત્ત્વશીલ એવી કોઈ સેવા ન હોઈ શકે.

આવી આંતરજાગૃતિના પરિણામે પ્રાપ્ત થતી શક્તિઓ અંગે એવું પણ કહેવાય છે કે આવી બધી બાબતો એ નર્યા વેવલાવેડા છે, આ બધું નરી ભ્રમણા છે અને વળી અવ્યવહારુ પણ છે. પણ હકીકત સાવ ઊલટી છે. આંતરિક શક્તિઓ હકીકતમાં સાવ વ્યવહારુ બાબત છે. કોઈ પણ વ્યક્તિ આ શક્તિ પ્રાપ્ત કરી શકે એટલી તે સર્વસુલભ છે અને જો સાચું કહું તો જગતની તમામ વ્યવહારુ ચીજોમાં આ ચીજ જ સૌથી વધારે વ્યવહારુ ચીજ છે. જીવનને લાંબા પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ જીવન જ્યારે પૂરું થાય અને આપણે મરણને આંગણે જઈને ઊભા રહીએ ત્યારે સઘળી ભૌતિક સંપત્તિ આ પૃથ્વી ઉપર જ પાછળ

છૂટી જાય છે, અને મૃત્યુ પછીનું જીવન એની સાથે આ જીવનમાં જેટલો આંતરવિકાસ થયો હશે તે જ સાથે લઈ જશે. આંતરવિકાસની બાબતમાં કશું મેળવ્યું નહીં હોય તો માણસ સાવ દરિદ્ર થઈને જશે. વળી અદ્ભુત અને સુંદરતમ કહી શકાય તેવી હકીકત તો આ છે કે આંતરિક આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ અજર–અમર રહે છે. એ કદી હાથમાંથી સરી પડતી નથી કે નથી કદી ખોવાઈ જતી. એટલે સ્તો કહેવાયું કે, 'તારી પાછળ આ પૃથ્વી ઉપર એવી મિલકત મૂકી ના જતો, જેને કાટ ચડી શકે, ચોરો ચોરી શકે. બલ્કે એવી ચીજ મેળવીને જજે, જે તને ઉપર પણ કામ લાગે.' આવી ચીજ છે આ આંતરિક, આધ્યાત્મિક સામ્રાજ્ય, જ્યાં નથી ચોરડાકુ પહોંચી શકતા, જ્યાં કાટ કે જીવજંતુ કશું બગાડી શકતાં નથી.

તો પછી ચાલો ફરી પૂછીએ કે પ્રભુપ્રેમ એટલે શું? એ નર્યા લાગણીવેડા કરતાં ઘણું વધારે ઉમદા તત્ત્વ છે તે તો આપણે જોયું. એ એક એવું જ્ઞાન છે, એવી સભાનતા છે કે આપણે પરમતત્ત્વના જ એક અંશ રૂપ ચેતના છીએ અને આ દેહે જ, એના અવિભાજ્ય અંગ છીએ. આ એક એવો ઉજાશ છે જે પ્રત્યેક માનવના હૃદયમાં અજવાળાં પાથરી શકે, પ્રભુ સાથે અભિન્નતા પામી શકે અને આત્મવિશ્વાસપૂર્વક કહી શકે કે, "હું અને મારો પરમપિતા એક છીએ, અદ્વૈત છીએ." ઈશ્વર એ જ આપણા સૌની અંતિમ ગતિ, પરમ ગતિ છે. પ્રભુની દૃષ્ટિએ ચૈતન્ય

માત્ર સમાન છે. એણે આ જગતની એક પણ ચીજ નિરર્થક નથી સરજી. એટલે પ્રભુનો પ્રેમ એ કોઈ કેવળ ભાવનાગત આદર્શવાદ કે લાગણીવેડા નથી, બલ્કે એ તો ચૈતન્યસભર જીવન છે, વિકાસ છે, જાગૃતિ છે, આવિષ્કાર છે અને વળી સાક્ષાત્કાર છે. ફરી ફરીને કહું કે પ્રભુનો પ્રેમ એ સભર જીવન છે, સર્વોત્તમ, સત્ત્વશીલ જીવન છે.

## પ્રભુપ્રેમ અને માનવસેવા

આ તથ્યને પામો અને પછી તમારા જીવનને પ્રભુના ઉત્કટ તથા પ્રબળ પ્રેમથી ભરી દો. પછી જીવનને એવું ભર્યુંભર્યું, સુંદર, શક્તિશાળી અને ઉમદા બનાવી પ્રભુનાં સંતાનોની સેવામાં ખર્ચી નાંખો. તમારા જીવનમાં સેવાની સાધનાની ધૂણી ધખાવો. પ્રભુપ્રેમ અને માનવસેવા આ બે જીવનના શાશ્વત મહાસિદ્ધાંતો જીવનમાં આચરીને તમે તમારા જીવનને જગતના તમામ પયગંબરો અને ધર્મોના આંતરસત્ત્વના અનુસંધાનમાં મૂકી દેશો. આવું કરો અને વૈશ્વિક જીવનના આનંદ તથા રોમાંચને અનુભવો. પૃથ્વી પરનાં તમામ સામ્રાજ્યો ભેગાં થઈને જે ભવ્યતા અને સૌંદર્ય સ્વપ્નમાં પણ દેખાડી ના શકે, તેને આ બે ચીજોના પાલન દ્વારા પ્રાપ્ત કરો.

## વ્યક્તિ મટો, સમષ્ટિ બનો

જીવન જ્યારે વ્યક્તિગતતા છોડી વૈશ્વિકતામાં પ્રવેશે છે, અહંતા મૂકી સમષ્ટિમાં વિલીન થાય છે ત્યારે જીવનનું મહાનિરાકરણ હાથ લાગે છે અને એક અજબ શક્તિ–

સંચારના પ્રદેશમાં જીવન પગ મૂકે છે. માનવસેવામાં વીતાવેલું જીવન જ સાચું જીવન છે. જીવનમાં સત્ય, ન્યાય જ સર્વોપરી છે આ વાત જ્યારે સમજાઈ જાય છે ત્યારે જાણે સઘળી સમસ્યાઓની ગુરુચાવી હાથમાં આવી જાય છે.

આવી આત્મશક્તિ મેળવેલો માણસ લોકો શું કહેશે તેની પરવા નહીં કરે, કારણ કે તેને પોતાને તો કશું મેળવવાનું કે ગુમાવવાનું છે નહીં. એ હવે 'વ્યક્તિ' છે જ નહીં, એ તો 'વિશ્વ' છે, 'સમષ્ટિ' છે. હવે તો પ્રભુનાં કામ પાર પાડવા જ એ આ પૃથ્વી પર છે, એટલે પ્રભુની શક્તિ તે એની શક્તિ છે. ઈશ્વરી દૂત એનામાં પ્રવેશ્યો હોય અને કામ પાર પાડતો હોય એ રીતે તે કામ કરે છે. એ તો હવે કેવળ સાધન છે. માણસ જ્યારે ઈશ્વરનું કેવળ સાધન બની જાય છે ત્યારે એના હાથે થતાં કામોનાં પરિણામ પણ અનંત જ હોય છે.

ઈશુએ કેટલી બધી વાર કહ્યું છે, "મારે મારી કોઈ ઇચ્છા પાર પાડવી નથી, મારે તો મને જેણે મોકલ્યો છે તે પરમપિતાની ઇચ્છા પાર પાડવી છે." વ્યક્તિમાંથી સમષ્ટિમાં પ્રવેશેલા જીવનનું આ મહાદૃષ્ટાંત છે. જગતના ઇતિહાસના તમામ સાધુ–સંતો, પયગંબરો, દ્રષ્ટાઓ અને ઋષિમુનિ-ઓનું આ જ જીવનવૃત્તાંત છે. એ સૌની શક્તિ અગાધ અને અનંત હતી, કારણ કે તે પ્રભુની શક્તિ હતી.

એટલે શક્તિનું રહસ્ય પામવું હોય તો વ્યક્તિ મટી સમષ્ટિની ચેતનામાં એકરૂપ થાઓ. આમ કરવાથી કેવળ

સામર્થ્ય પ્રાપ્ત થશે એટલું જ નહીં, લોકનિન્દા તથા લોકમતના ખોટા અંચળા મન પરથી ઊતરી જશે. મોટા ભાગના પ્રશ્નો મનને આધારે થતા હોય છે. વ્યક્તિ મટી જાય છે ત્યારે તેની માનસિક ભૂમિકા પણ હટી જાય છે. જ્યાં મન જ નથી, ત્યાં નિંદા–અનિંદા, અનુકૂળ–પ્રતિકૂળ શું ?

## સફળ જીવન કોને કહીશું ?

જુવાન પેઢીને જીવનની સફળતા અંગે આજકાલ ઘણુંબધું કહેવામાં આવે છે. પણ એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે જીવનની જે દેખાતી સફળતા હોય છે તેમાં દુઃખદાયી નિષ્ફળતા છુપાયેલી હોય છે અને બીજી બાજુ, જીવનની જે દેખાતી નિષ્ફળતા હોય છે, તેમાં કોઈક ભવ્ય, ઉમદા, દિવ્ય સફળતા છુપાયેલી હોય છે. આજના યુગની મૂળભૂત જરૂરિયાત કોઈ હોય તો તે આ છે કે યુવાન પેઢીને આવી દેખાતી નિષ્ફળતા પાછળની ભવ્યતા, ગૌરવ તથા સામર્થ્યનું ભાન કરાવવામાં આવે. જગતની વ્યવહારુ નજરે જે નરી નિષ્ફળતા કહેવાય, પણ પરમાત્માની તથા આગામી યુગની નજરે જે જ્વલંત સફળતા લેખાય. જ્યારે આવું થશે ત્યારે આપણા લોકોમાંથી વધારે સંતો, પ્રેષિતો, પયગંબરો, જ્ઞાનીઓ અને સાધુજન નીકળશે, જેમની ભૂમિકા મહાન અને ઉમદા હશે, જેમના હાથમાં જિંદગીની સાચી પ્રગતિ દેખાડનારી મશાલ હશે. લોકો પણ આવા લોકોને જ રાજીખુશીથી અનુસરશે, કારણ કે તેમનાં વચનોમાં પ્રભુતાનું સામર્થ્ય હશે, અધિકૃત અવાજે તેઓ કહી શકશે,

કારણ કે તેઓ પ્રભુનાં સાચા સંતાન હશે અને માનવ-જગતના સાચા બંધુ હશે. આવું કશું ના કરીએ તો માણસ અબજોપતિ બનીને પણ નિષ્ફળ, નિઃસાર જીવન પાછળ મૂકી જાય તેવું બને.

## મૂળ પ્રશ્નને ફરી તપાસીએ

હવે આપણે નિષ્કર્ષ તરફ આગળ વધવું જોઈએ. આપણા મૂળ પ્રશ્ન આપણે ફરી યાદ કરી લેવા જોઈએ. એ હતા—જીવનનો સર્વોત્તમ પરિપાક અર્ક હું કેવી રીતે મેળવી શકું ? પરમશક્તિનું સાચું રહસ્ય મને કેવી રીતે સાંપડે ? જીવનની સાચી મહત્તા મને કેવી રીતે લાધે ? કદીય ના કરમાય, સદા પ્રસન્નતા રેલાવ્યા કરે તેવા અક્ષુણ્ણ સુખ, શાંતિ અને સંતોષ–આનંદથી હું મારા જીવનને આમુખ છલકાવી દઉં તેવું કેવી રીતે થાય ?

બે મહાસિદ્ધાંત સામે તરી આવ્યા છે. એક તો આ કે, આપણું જીવન બીજાને માટે જીવવામાં ખર્ચી નાખવાથી ઉપરોક્ત પ્રાપ્તિ થાય છે. ટૂંકામાં કહેવું હોય તો,— માનવબંધુ માટે પ્રેમ : અને બીજો સિદ્ધાંત આ છે કે, જીવનમાત્ર પરમતત્ત્વનો એક અભિન્ન અંશ છે અને આપણું મૂળ સ્વરૂપ ભૌતિક, પાર્થિવ નથી, પણ દિવ્ય છે, આત્મિક છે અને એ આત્માના અંશને જેટલો વધારે જીવાશે તેટલાં આપણા જીવનમાં ઉન્નત તત્ત્વો વધુ ને વધુ પ્રગટ થતાં જશે અને એમ કરતાં કરતાં છેવટે સર્વશાંતિ, સર્વસામર્થ્ય અને સર્વવૈપુલ્યના પરમધામ સમા સાક્ષાત્ પ્રેમમૂર્તિ પ્રભુ હાજરાહજુર થશે.

મારી દૃષ્ટિએ આ જ છે સાચો અને સમાધાનકારક જવાબ. આપણા ભગવાન ઈશુ પણ આ જ વાત કહે છે. કેવળ આ બે સિદ્ધાંતો દ્વારા જ સાચી મહાનતા, સામર્થ્ય અને સફળતા મેળવી શકાય. આ દ્વારા જ જગત પરમ આનંદ, પરમ શાંતિ અને સંતોષનો અનુભવ લઈ શકે. જીવનનાં સાચાં સુખ–શાંતિ હરી લેવાં હોય તો નર્યું સ્વાર્થી જીવન જીવવાનું શરૂ કરો. તો તમે સીધાં દુઃખ, અસંતોષ અને અશાંતિના દાવાનળમાં ફેંકાઈ જશો. જીવનનું પ્રત્યેક સેવાકાર્ય જીવનનો કોઈ એવો અદ્ભુત સંસ્પર્શ કરાવે છે કે, જીવન ઊંચો કૂદકો મારવા સુસજ્જ થઈ જાય છે. પ્રાણમાં જાણે શક્તિનો સંચાર અનુભવાય છે. આ બે સિદ્ધાંતો દ્વારા આપણે આ પૃથ્વી ઉપરનું આપણું માનવીય જીવન તો સુખ અને શાંતિભર્યું જીવી જ શકીએ છીએ, તદુપરાંત પ્રભુના સામ્રાજ્યમાં દાખલ થવા માટેનાં બે પ્રમુખ દ્વાર સુધી લઈ જવાનું પણ કાર્ય આ જ સિદ્ધાંત સારે છે.

**ઈશ્વર અને માનવબંધુઓ પ્રત્યેનો પ્રેમ સેવા અને આત્મસમર્પણ દ્વારા રચાયેલી આ મહાન અને માધુર્યગર્ભિત જીવનવેદી આખા જગતને પોતાના ચરણોમાં ઝૂકાવી શકશે. જગત આવા જીવનને પૂજશે. સઘળા ધર્મો અને પંથો આ આ વ્યક્તિ પોતાના હોવાનો દાવો કરશે, કારણ કે આ ધર્મ વૈશ્વિક ધર્મ છે, જેમાં સઘળા ધર્મનાં સદ્દતત્ત્વો સમાયેલાં છે.**

## ઈશ્વર તથા સમાજ-સેવા દ્વારા પરમાનંદપ્રાપ્તિ

એટલે આપણા સાચા સ્વરૂપને જાગ્રત કરી, એ જ સ્વરૂપમાં કાયમ માટે સ્થિર થઈ વધારે ને વધારે આત્મ-સ્થિતિ મેળવતા જઈ છેવટે પ્રભુમાં એકાકાર થઈ જઈએ. સાથોસાથ સમસ્ત માનવતા સાથે પણ તાદાત્મ્ય સાધી એકાકાર થઈ જઈએ. જેવી રીતે આપણો પ્રભુપુત્ર ઈશુ પ્રેમ, સેવા અને સમર્પણ દ્વારા પરમપિતા સાથે એકરૂપ થઈ ગયો. સાથોસાથ સમસ્ત માનવજાતિનો અભિન્ન અંશ થઈ ગયો એ જ રીતે આપણે પણ વૈશ્વિક મહાજીવનના સામર્થ્ય તથા પરમાનંદને અનુભવીએ.

પછી તમારું જીવન એવું તો આનંદી, ભવ્ય અને મહાન થશે કે જગતે કદી જાણ્યું ન હોય; તમે પ્રભુમય જીવન જીવશો જેની તુલના કશાની સાથે કરી ના શકાય. સઘળા જીવ તમારા તરફ એમના આતુર હાથ ફેલાવશે, અસંખ્ય લોકો તમને 'ધન્ય ધન્ય' કહી તમારું જીવન એ આ જગતનો ભવ્ય વારસો છે એમ કહી બિરદાવશે. પછી તમારા મુખેથી પણ એક જ ગીત સતત ગુંજ્યા કરશે કે જીવન છે કેવળ આનંદ અને આનંદનો જ ઝરો ! કારણ કે આપણે સૌ પરમાનંદના અંશ છીએ, અખંડિત સમગ્રતાનાં વિવિધ અંગ છીએ અને સર્વત્ર સામ્રાજ્ય ફેલાયેલું છે—કેવળ પરમકરુણા અને પરમપ્રેમનું !

□

[ ૬ ]

## વિચારશક્તિ અને ચારિત્ર્ય–નિર્માણ

**સારો–નરસો વિચાર ઉદ્‌ભવ્યો, તદનુસાર કૃતિ થઈ, તે ઓવડાતી ગઈ, પરિણામે ટેવ બની અને આમ જીવન ઘાટ પકડતું ચાલ્યું. જેવું તમારું વિચાર–જગત, તેવી જ તમારી જીવનધારા.**

જાણ્યે–અજાણ્યે આપણે આપણા જીવનની પ્રત્યેક પળે ટેવો પાડતા જઈએ છીએ. એમાં કેટલીક ટેવો સારી છે, પણ કેટલીક તો સાવ નકામી છે; કેટલીક ટેવો એવી પણ હશે કે જે એટલી બધી ખરાબ ના કહેવાય, છતાંય લાંબે ગાળે આપણને નુકસાન તથા દુઃખ પહોંચાડે તેવી પણ હોય. એને બદલે જો એ ટેવો ના પડી હોય તો આપણાં શાંતિ અને આનંદમાં જરૂર વધારો થાય, ઉપરાંત આપણી શક્તિ પણ વધે.

### પ્રયત્નો દ્વારા સુટેવો કેળવી શકાય છે

આપણે આપણા જીવનમાં કેવી ટેવો પાડવી છે તે અંગેનો નિર્ણય કરવાની શક્તિ છે આપણામાં ? બીજા શબ્દોમાં કહું તો, ટેવો પાડવી કે ચારિત્ર્યનિર્માણ કરવું,

વલણો–વૃત્તિઓ કેળવવી–આ બધી નકરી તકો ઝડપવાની બાબત છે કે આપણા પોતાના અંકુશ હેઠળની પ્રયત્ન-સાધ્ય બાબત છે? હકીકતમાં તો એકેએક વ્યક્તિ આવું કહેવાની તૈયારીમાં હોવી જોઈએ કે "હું જે ઇચ્છીશ તે થઈને રહીશ." દરેકમાં આ સંભાવના પડેલી છે.

આટલું આત્મવિશ્વાસ તથા નિર્ણયાત્મક રીતે કેવળ કહી દીધા પછી નહીં, પણ અંદરથી આંતરપ્રતીતિ જાગ્યા પછી પણ કશુંક બાકી રહી જાય છે. ચારિત્ર્ય-નિર્માણની બાબતમાં જે એક મહત્ત્વનો નિયમ છે તે બાકી રહી જાય છે. આ એક સીધોસાદો વૈજ્ઞાનિક ઉપાય છે અને તે સૌએ જાણી-સમજી લેવો જોઈએ. જૂની, અનિચ્છનીય, ભૌતિક ટેવો છૂટતી જાય અને નવી, ઊંચે ચઢાવનારી ટેવો કેળવાતી જાય એવી કોઈ પદ્ધતિ હાથ આવવી જોઈએ, જેને કારણે જીવન આખું બદલાઈ જઈ શકે.

## ચારિત્ર્યનો પાયો સદ્‌વિચાર

આખરે તો વિચાર એ મોટું પ્રેરક બળ છે. આનો સીધોસાદો અર્થ એક જ છે કે તમારું એકેએક કાર્ય, સભાનતાપૂર્વક થયેલું કાર્ય, કોઈક વિચારને અનુસરે છે. તમારા પર વર્ચસ્વ ધરાવતા વિચારો તમારાં કૃત્યોને દોરે છે. અને એક જ કૃત્ય ફરી-ફરી વાર થતું રહે તો તે ટેવ બની જાય છે. ટેવોનો સરવાળો તમારા ચારિત્ર્યને ઘડે છે. એટલે તમારા જીવનમાં તમે કશું કરવા માંગતા હો તો પહેલાં તે અંગેના વિચારો દૃઢ બનાવો. જે કૃત્યોથી

તમે દૂર રહેવા માગતા હો તે અંગેના વિચારોને કદીય નજીક ઢૂંકવા ન દો.

એ તો સીધોસાદો મનોવૈજ્ઞાનિક નિયમ છે કે તમે કોઈ વિચારનું વારંવાર સેવન કર્યા કરશો તો છેવટે તે મગજમાં દૃઢ થઈને કૃતિરૂપે અવતરશે. ખૂનો ઘણી વખતે આ જ રીતે થતાં હોય છે. બીજી ઘણી અનિષ્ટ બાબતોનું પણ આવું જ થતું હોય છે. બીજી બાજુ, ખૂબ પ્રબળ શક્તિઓ, ભારે મોટાં સદ્કાર્યો આ જ રીતે આચરાતાં હોય છે. એટલે સ્પષ્ટ સમજી લેવાની બાબત આટલી છે: કર્મની જનની છે વિચાર. એટલે કેવા વિચારો સેવવા છે તેના નિર્ણયનો દોર આપણા જ હાથમાં છે. આપણા મન તથા મગજ ઉપર આપણે પૂરેપૂરો અંકુશ મેળવી લેવો જોઈએ. જો તે ના હોય તો તે મેળવી લેવાનો પણ ઉપાય શોધી કાઢવો જોઈએ. જીવનની આ એક અત્યંત મહત્ત્વની બાબત છે.

મનનું એક સર્વસાધારણ વલણ છે કે તમે એક વસ્તુ વારંવાર કરતા રહો તો ધીરે ધીરે એ વસ્તુ તમારે માટે સ્વાભાવિક થતી જાય છે. પછી તમારે એને માટે કોઈ મહેનત નથી કરવી પડતી. એ અનાયાસ થતી રહે છે. એનાથી વિરુદ્ધ તમારે કશું કરવું પડે તો તમારે પ્રયત્ન કરવો પડે છે. આમ તમારા વિચારો પર અંકુશ લાવવા માટે તમારે નિરાશ થયા વગર સતત અભ્યાસ કરતા રહેવું પડશે. શરૂઆતમાં કદાચ નિષ્ફળતા સાંપડે પણ ધીરે ધીરે તમે ઇષ્ટ પરિણામો અચૂક લાવી શકશો.

આમ એકેએક વ્યક્તિ પોતાનામાં નિર્ણયશક્તિ જગાવી શકે, વિચારોને અંકુશમાં લાવી શકે. કયા વિચારો સેવવા છે અને કયા નથી સેવવા તે બંને બાબતોનો નિર્ણય એણે કરી લેવો પડશે. પ્રત્યેક ઉત્કટ પ્રયાસનું પરિણામ આવ્યા સિવાય રહી જ ના શકે. માણસ શક્તિનું છેલ્લું ટીપું ખચીં નાંખે તેટલો પ્રયત્ન કરી લે પછી નિષ્ફળતા મળે તો પણ તે નિષ્ફળતા તે સફળતા જ છે, કારણ કે પ્રયાસમાત્રથી એક શક્તિ નિર્માણ થાય છે, જે તમને ક્રમશઃ સફળ પરિણામ તરફ દોરી જતી હોય છે. ત્યારે આપણે સંપૂર્ણ નિર્ણયશક્તિ કેળવી શકીએ છીએ કે કયા વિચારોને મારે સેવવા છે અને કયા વિચારોને નથી સેવવા.

## કુવિચારને ઊગતો જ ડામી દેવો

ચાલો, આપણે બે કે ત્રણ દૃષ્ટાંતો તપાસીએ. આ મહાશય છે એક બેન્કના ખજાનચી. સવારના જ છાપામાં એમણે વાંચ્યું છે કે કોઈક માણસ પોતાનું નસીબ સટ્ટા બજારમાં અજમાવી લાખો ડોલર કમાઈ લેવા સદ્‌ભાગી નીવડયો છે. એને કદાચ આવા એક વધુ કિસ્સાની પણ ખબર છે, જેમાં કોઈ માણસ લાખો કમાઈ ગયો હોય. હવે એનામાં પોતાનામાં એટલું જોવાનું શાણપણ નથી કે બેએક માણસ તો લાખો કમાઈ ગયા, પણ એમની સાથે જ બસો–ચારસો એવા પણ હશે જેમણે પોતાનું સર્વસ્વ આ સટ્ટાબાજીમાં ગુમાવ્યું હોય. પણ આને તો એમ જ લાગે છે કે પોતે તો પેલા પહેલા બે ભાગ્યવાનોમાંનો એક બનશે. એને હજુ સમજાયું નથી કે પ્રામાણિકતાપૂર્વક

પૈસો કમાવાનો કોઈ ટૂંકો રસ્તો હોતો નથી. પોતાની બચતમાંથી એક હિસ્સો સટ્ટામાં રોકી બધું ખોઈ બેસે છે. વળી પાછું એને થાય છે કે આ વખતે તો બરાબર ધ્યાન રાખીને આગળ વધું. થોડા વધારે રૂપિયા જે બીજા લોકોના મારી પાસે પડ્યા છે તે જ રોકી દઉં તો વધારે ફાયદો થઈ જાય અને જૂની ખોટ પણ નીકળી જાય. દસમાંથી લગભગ નવ કિસ્સાઓમાં પરિણામ શું આવે છે તે સૌ કોઈ જાણે છે. હવે આ કિસ્સામાં આપણે જે વિચારતા હતા તેના પ્રકાશમાં માણસની સલામતી શેમાં છે? સ્પષ્ટ જ છે કે જે ક્ષણે એને બીજાના પૈસા રોકવાનો વિચાર ઝબૂક્યો, તે ક્ષણે જ પોતાના મગજમાંથી એ વિચારને ફંગોળી દેવો જોઈતો હતો, પણ જો એ મૂરખો હોય તો તેના તંતુને મમરાવ્યા કરે. આ વિચારનું જેટલું તે સ્વાગત કરશે, તેટલો એ વિચાર પોતાનો પગપેસારો વધારતો જવાનો. એમ કરતાં કરતાં ધીરે ધીરે નિર્ણયમાં ફેરવાતો જશે અને અંતે નિષ્ફળતા, માનહાનિ, શરમ, ઠપકો, સજા વગેરે તબક્કાઓમાંથી ગુજરવાનું અનિવાર્ય થઈ પડશે. એના કરતાં પહેલી વાર વિચાર આવ્યો ત્યારે જ તેને ઊગતો જ ડામી દીધો હોત તો આ લાંબી પળોજણમાંથી બચી જાત, દીવાસળી સળગાવી કે તરત જ એક ફૂંકથી એને બૂઝાવી દઈ શકાય, પણ આખા મકાનમાં પ્રસરી ગયેલી આગને બુઝાવવી ભલે અશક્ય ના હોય, પણ મુશ્કેલ તો છે જ.

બીજો એક સચોટ દાખલો લઈએ. એક જુવાનિયો છે. એ ગરીબનો દીકરો પણ હોઈ શકે અને ધનિકનો

પણ હોઈ શકે. ઊંચા હોદ્દા પર પણ હોઈ શકે અને સામાન્ય નોકરી પણ કરતો હોઈ શકે. દિલથી આ માણસ ચોખ્ખો છે. સજ્જન કહી શકાય તેવો. પોતાના કેટલાક સાથીદારો સાથે એકાદી સાંજ બહાર ગાળવા જાય છે. મિત્રોની ટોળી ક્યારેક બધા વિચારોને બાજુ પર મૂકી દેવાના વલણવાળી છે. એમાંથી એકાદ જણ પ્રસ્તાવ મૂકે છે કે ચાલો, ક્યાંક જઈએ અને સાથે મળીને થોડી ખાણી-પીણી કરીએ. હવે એ જ ક્ષણે પેલા આપણા સજ્જન યુવકના મનમાં વિચાર ઝબકી જાય છે કે પોતાના માટે આ બધી રંગરેલીમાં ન ખેંચાવું સારું. પણ હજુ એની સામે આ તથ્ય સ્પષ્ટ નથી થયું કે અંતરાત્મા જે વાતમાં સાખ ના દેતો હોય તેવી બાબતમાં તત્ક્ષણે જ હઠી જવું અને પોતાને જે સાચું લાગતું હોય તેમ જ વર્તવામાં ચારિત્ર્યનું ઘડતર થાય છે. એટલે અંતરના અવાજને અવ-ગણીને એ તો પોતાના મિત્રો સાથે આગળ વધે છે. પછી તો આવું અવારનવાર થયા જ કરે છે. દરેક વખતે એના દોસ્તદારો એને પણ પીવા આગ્રહ કર્યા કરે અને દર વખતે એની 'ના' વધુ ને વધુ ઢીલી પડતી જાય છે. ધીરે ધીરે 'થોડું લેવામાં શું વાંધો ?' એમ મનને સમજાવી હળવા પીણાથી શરૂઆત થાય છે. અને એમ કરતાં કરતાં એવી ક્ષણે એ પહોંચી જાય છે કે અંદરથી એક એવી જબરદસ્ત માંગ ઊભી થઈ જાય છે, જેને ઇન્કારવી એને માટે અશક્ય થઈ પડે છે અને આમ જ એ દારૂની લતનો ગુલામ બને છે. ધીરે ધીરે એ પાકો દારૂડિયો બની જાય છે. આમાં કશું

જ નવું નથી. હજારો નહીં, લાખો કિસ્સામાં એક જ કહાણી ફરી ફરી કહેવાની છે.

છેવટે તો સાચી પરિસ્થિતિનું ભાન થાય જ. ગુસ્સો, કંટાળો, શરમ, પ્રતિષ્ઠાભંગ વગેરેમાંથી ગુજરી અંતે પોતાની પુરાણી સ્થિતિએ પહોંચી જવા એ તલખે છે. પણ હવે તો જિન્દગીમાંથી આશા નામનું પંખી જાણે ઊડી જ ગયું છે. આ વસ્તુની શરૂઆત જ ન કરી હોત તો તે આને માટે વધારે સરળ હતું. આ સ્થિતિએ પહોંચતા પહેલાં ઘડીભર થંભી ગયો હોત તો કાંઈ કે સહેલું હતું, પણ હવે તો ભારે મુશ્કેલ બાબત થઈ પડી છે. છતાંય એની આ વર્તમાન પરિસ્થિતિ પણ જે આપણને તદ્દન જ નિરાશાજનક અને નિઃસહાય લાગતી હોય તોપણ તેમાંથી બહાર નીકળી આવી ફરીથી મુક્ત માનવ બનીને જીવવાની સંભાવના છે. કેવી રીતે? ચાલો આપણે તપાસીએ. એના તરણોપાયનો એક જ રસ્તો છે. જે ક્ષણે મનમાં વિચાર પ્રવેશે તે જ ક્ષણે એને બહાર કાઢી દેવો જોઈએ. દીવાસળી સળગી કે પટ એને બૂઝાવી દીધી. થોડોકે સમય જવા દીધો તો જ્યોત ફેલાવાની. પછી કશું હાથમાં નહીં રહે. જે ક્ષણે વિચાર આવ્યો, તે જ ક્ષણે એનું ગળું દૂંપી દેવાનું. એમાં ઢીલાશ થઈ તો સમજો કે ગયા. પછી પાછળની લડાઈ લડવી ભારે થઈ પડે. એના કરતાં આ શરૂઆતની નાનકડી લડાઈ લડી લેવી લાખ દરજ્જે સારી.

## કુવિચાર પરથી ધ્યાન ખસેડી લો

આ તબક્કે એક નિયમ જે 'ધ્યાનાંતરના નિયમ' તરીકે ઓળખાય છે, તે જોઈ લેવો જોઈએ. કોઈ પણ વિચારને મગજમાંથી હાંકી કાઢવો હોય તો સીધો એના પર હુમલો કરવાને બદલે મગજને બીજા કોઈક વિચારમાં રોકી લેવાથી પેલાને કાઢી મૂકવું વધારે સરળ થઈ પડે છે. કોઈ વિધાયક વિચાર મગજને એટલું બધું રોકી લે કે પેલા નબળા વિચારના આક્રમણનો ભય ધીરે ધીરે ઓછો થતો જાય. ફરી ફરી વાર આવું કરતા રહેવાથી મગજમાં એક શક્તિ પેદા થઈ જશે કે જેથી અવાંછનીય વિચારોને તરત જ બાજુ પર મૂકી દઈ શકાશે. ધીરે ધીરે એ વિચારો ઓછા ને ઓછા આવતા થતા જઈ છેવટે સદંતર આવવાનું જ બંધ કરી દેશે.

હજુ એક વધુ દાખલો જોઈ લઈએ. માની લો કે તમે સ્વભાવે ચીડિયા છો, તમને કોઈ સહેજ અમથું કહી જાય તો તમે ઉશ્કેરાઈ જાઓ છો. તમને નાની અમથી બાબતમાં પણ ગુસ્સો ચઢી આવે છે. તમને ન ગમતું કશું જ તમે સાંખી શકતા નથી. હવે જો તમારી આ વૃત્તિને તમે જેટલી વધારે પોષતા જાઓ, તેટલી તમારી સાંખી લેવાની, સહી લેવાની શક્તિ બુઠ્ઠી થતી જશે અને પછી તો સાવ નજીવી, નાંખી દેવા જેવી બાબતમાં પણ તમે તમારા મિજાજનો પારો ગુમાવી બેસો તેવું થઈ શકે. ધીરે ધીરે ગુસ્સા પરનો કાબૂ સાવ જતો રહે અને પછી તમારા

સ્વભાવનો એ ગુસ્સો ઘૃણા, વેરઝેરમાં પલટાઈ જાય અને તમારા સંપર્કમાં જે કોઈ આવે તેને માટે તમારો સ્વભાવ સાંખી લેવો સાવ અશક્ય થઈ પડે તેવું થઈ જાય. તમારા સ્વભાવનું મળતાપણું, લાગણીની ભીનાશ વગેરે સઘળું ઝાંખું થઈ જાય. એના બદલે જે ક્ષણે તમારું ચિત્ત ક્ષુબ્ધ થવા માંડે, ખળભળાટ પેદા થવા માંડે એ જ ક્ષણે એને ત્યાં ને ત્યાં શમાવી દો અને મનને વળતી ક્ષણે જ બીજા કોઈ વિચાર કે મુદ્દા પર લઈ જાઓ તો તમારો ઉશ્કેરાટ વધશે નહીં. આમ કરતાં કરતાં છેવટે તમે ક્રોધના આવેગોમાંથી સાવ મુક્ત થઈ જશો. પછી કોઈ તમને ગમે તેટલું કહી જાય, તમે શાંત અને સ્વસ્થ બનીને તે સાંભળી લેશો. કોઈની કશી પણ વાતની પ્રતિક્રિયા તમારા ચિત્તમાં ઊઠશે નહીં. તમે તમારા સ્થાને સ્વસ્થ, સ્થિર બની રહેશો. પછી તો તમારા મૂળ સ્વભાવની ભીનાશ પણ સૌને સ્પર્શતી થઈ જશે અને જાણે તમે આખા ને આખા બદલાઈ જશો. આ જ રીતે કોઈના દોષો જોયા કરવાની, ખાણખોદ, નિંદા કર્યા કરવાની ટેવનું પણ આવું જ છે. અદેખાઈની વૃત્તિને પણ આમ જ દૂર કરી શકાય. આ જ પદ્ધતિ છે જે દ્વારા આપણે સદ્‌ગુણો કે અવગુણોને પોષીએ છીએ. જીવનમાં પ્રેમ ઉછેરવો કે ઘૃણા, તે આપણા હાથની બાબત છે. આપણે આપણા જીવનને ઉદાસ, નિરાશામય, અંધારઘેરા અભિગમવાળું પણ બનાવી શકીએ; અને એને બદલે ઉજ્જવળ, આશાપૂર્ણ, આનંદજનક અભિગમવાળું પણ બનાવી શકીએ છીએ. બીજા પ્રકારનો અભિગમ રાખવાથી આપણા પોતાના

જીવનમાં તો આનંદ, સૌન્દર્ય અને સામર્થ્ય પ્રગટશે જ, પણ સાથોસાથ આખાય જગત માટે પણ તે નવી આશા, પ્રેરણા અને આનંદ સીંચનારું ધામ બની જશે.

### ક્ષણને સંભાળો, જીવન સચવાઈ જશે

માનવજીવનમાં એક વાત ચોક્કસ છે કે એ પોતે જેવું વિચારશે તેવો જ તે થવાનો. આ એક વૈજ્ઞાનિક તથ્ય છે. માણસના અંતરમાં જેવો વિચાર રમતો હશે, તેવું એનું જીવન આકાર પકડશે. એ જેવો 'છે' તે જ છે એનું સાચું ચારિત્ર્ય. એનું ચારિત્ર્ય કહી આપશે કે એણે કેવી ટેવો પાડી છે, કેવા વિચારો સેવ્યા છે. એટલે એક બાજુ વિચારશક્તિ છે અને બીજી બાજુના પલ્લામાં માણસની ટેવો, ચારિત્ર્ય, જીવન અને ભવિષ્ય બધું જ મુકાઈ જાય છે. અને વિચાર એટલે સામે ઊભેલી વર્તમાન ક્ષણ પરનો કાબૂ. સામે ઊભેલી ક્ષણને તમે સાચવી લો, તમારું આખું જીવન સચવાઈ જશે.

આ રીતે માણસ પોતાને જે કોઈ આદર્શ સિદ્ધ કરવો હોય તે કરી શકે. બે પગલાં જરૂરી છે. પહેલાં તો પોતાનો આદર્શ નક્કી કરી લેવો અને પછી બીજું પગલું તે આ કે, આદર્શની દિશામાં ચોક્કસ પંથ નક્કી કરવો, પ્રારંભિક અને અંતિમ બિન્દુ વચ્ચેની જીવનરેખા ચિત્તમાં અંકિત થઈ જવી જોઈએ. ભવિષ્યની ઊજળી ક્ષણ માટે વર્તમાન ક્ષુલ્લક સુખોપભોગ જતા કરે છે તેમનું ચરિત્ર મહાન અને સમર્થ સિદ્ધ થયું છે. જીવનના પરમ આદર્શ

તરફનું આપણું રોજેરોજનું, વર્ષેવર્ષનું નિત્ય નિરંતર પ્રયાણ એક દિવસે આપણને સ્વર્ગને દરવાજે લઈ જઈને ઊભા રાખશે. જીવન કેવળ મોજશોખ ખાતર ઉડાડી દેવાની ચીજ નથી. બલ્કે જીવનની પાંખડીઓ પરિપૂર્ણ રીતે ખૂલી જાય, આપણા જીવનનું અંતઃસત્વ સાંગોપાંગ જાગી ઊઠે, સમસ્ત માનવજાતિ માટે આપણું જીવન એક ઊંચી દીવાદાંડીરૂપ સિદ્ધ થાય તે માટે જીવન છે. આ રીતે જોતાં પરમ શુદ્ધ આનંદ તે જ સાચો આનંદ છે. કોઈ અવાંતર સુખો મેળવવા પાછળ આંધળી દોટ મૂકતા રહે છે તો સમજવું કે ઉત્તરોત્તર વધુ ને વધુ અંધારામાં જ દાખલ થવાનું રહે છે. એને બદલે જો જીવનની ઊજળી દિશા તરફ પહેલું ડગલું મંડાય છે તો ઉત્તરોત્તર વધુ ને વધુ ઊંચા અને ઉદાત્ત આનંદની પ્રાપ્તિ થતી રહે છે. એટલે જીવનમાં કેવા સંજોગો ઊભા થાય છે, તમારું પ્રારબ્ધ કેવું છે તે પ્રશ્ન મહત્ત્વનો નથી; પણ તમારા જીવનમાં જે કોઈ સંજોગો સામે આવીને ઊભા રહે છે, વિધાતાએ તમારા માટે જે કોઈ વિધિ–વિધાન નક્કી કર્યાં છે, તેની સામે તમે પોતે કેવા ઊભા રહો છો તે પ્રશ્ન મહત્ત્વનો છે. સંજોગોની ફરિયાદ કર્યા કરવાથી જીવનમાં નિરાશા અને વિફળતા સિવાય બીજું કશું હાથ નહીં લાગે. એ તો તમારી પરિસ્થિતિને પડકારવાની શક્તિને જ બુઠ્ઠી કરી નાંખશે. કોઈ પણ પ્રકારના સંજોગો સામે આવીને ઊભા રહે તો તેને પડકારી નવા સંજોગો નિર્માણ કરવાની તાકાત અંતરમાં પેદા થવી જોઈએ.

## અનુભવ એ મોટો શિક્ષક

થોડું અંગત થઈ જાય છે તોય મારા પોતાના સંજોગો અંગે થોડી વાત કહું. મારા પોતાના જીવનમાં એવા સંજોગો ઊભા થયા છે કે જો મેં ધાર્યું હોત તો એ સંજોગોને પડકારવાને બદલે હું તેમનાથી દૂર ભાગી જઈ શકચો હોત અને એ સમયે અનુભવેલી દુઃખદ લાગણીઓને ટાળી શકચો હોત. પરંતુ આજે જ્યારે એ ઘટનાઓને ગુજરી ગયે વર્ષો વીતી ગયાં છે ત્યારે હું સ્પષ્ટ જોઈ શકું છું કે એ એકેએક અનુભવની મારા જીવનમાં એક ચોક્કસ ભૂમિકા અદા કરવાની હતી. એમાંથી હું જે પાઠ ભણ્યો તે સાચે જ મારા જીવન માટે ખૂબ ઉપયોગી હતા. પરિણામે તે વખતે સહન કરવા દુષ્કર લાગતા બધા અનુભવોમાંથી એક પણ અનુભવને ટાળવાનું હું પસંદ ના કરું, બિલકુલ જ નહીં. એના બદલામાં મને આખું જગત મળી જાય તો પણ એ અનુભવો હું જતા ન કરું. અને એ ઉપરથી હું એક પાઠ આ પણ ભણ્યો છું કે જીવનના કોઈ અનુભવો જતા કરવા દેવા જેવા નથી. જીવનમાં ગમે તેવા કપરા સંજોગો કેમ ન આવે, તેમને ફરિયાદનો હરફ ઉચ્ચાર્યા સિવાય આવકારવા જોઈએ. સહેજ પણ આત્મવિશ્વાસ ખોયા સિવાય એમનો ઉત્તમ ઉકેલ કાઢવા માટે મથવું જોઈએ. આજે આપણને ખબર નથી કે જીવનની કઈ ઘટના પોતાની પાછળ કેવી કેવી સભરતા ભરીને આવતી હોય છે! સમય આવે સઘળું સમજાય છે, એટલે જે કાંઈ

સામે આવીને ઊભું રહે તેને શિરોધાર્ય ગણી ઈશ્વરનો પાડ માનવાની વૃત્તિ કેળવવી જોઈએ.

દરેકેદરેક માણસને એમ લાગે છે કે એના જીવનમાં જે સુખદુઃખના સંજોગો ઊભા થયા છે, તે અસાધારણ છે, વિરલ છે અને કોઈને સહન ના કરવું પડ્યું હોય તેવું તેને ભાગે સહન કરવાનું આવ્યું છે. પણ એ ભૂલી જાય છે કે એકેએક માનવીનું જીવન એ ભાતભાતનાં સુખ-દુઃખનો સરવાળો છે. જિન્દગી એ ભાતીગળ સુખદુઃખથી વણેલી ચાદર છે. દરેકના તાણાવાણા જુદા હોય, પણ સહેવાનું, વેઠવાનું તો સૌ કોઈના ભાગ્યમાં હોય જ છે. દરેકને પોતપોતાની સમસ્યાઓ હોય છે, દરેકના લલાટે ખીણો ઠેકવાની ને ટેકરા ચડવાના લખાયા જ હોય છે. દરેકે પોતાના પ્રશ્નો પોતે ઉકેલવાના છે. પોતાના જીવનમાં અનુકૂળતા ઊભી કરવા માટે પ્રત્યેકે કમર કસવી જ પડે. જીવનમાં કશું ઉધાર મળતું નથી. અહીં એકેએક ચીજની કીમત ચૂકવવી પડે છે. એકબીજાની સલાહ લઈ શકાય, પરંતુ પોતાના જ પગે ચાલવું પડે. આપમૂઆ વિના સ્વર્ગે ના જવાય.

## સંજોગોને હસતે મુખે સ્વીકારો

આમ એકેએક પરિસ્થિતિમાંથી આપણે પોતે માર્ગ કાઢવાનો પડકાર સામે આવીને ઊભો રહે છે ત્યારે ઇચ્છા–અનિચ્છાએ, જાણ્યે–અજાણ્યે જે સંજોગો સામે આવીને ઊભા છે તેમની સામે ટક્કર ઝીલવાને બદલે, જે–તે સંજોગોથી ચિત્તમાં પ્રત્યાઘાત ઊઠવા દઈએ તેના બદલે, તેનો વિરોધ

કરવાને બદલે તે સંજોગોને અનુકૂળ થઈ જઈ આપણા ચિત્તને અનુકૂળ બનાવી દઈએ તો તેમાંથી આપણને સર્વોત્તમ ફાયદો થશે અને આપણે જ્યાં જવું હશે ત્યાં તે પહોંચાડશે. એને બદલે જો આપણે વિરોધ કરીશું, સંઘર્ષમાં ઊતરીશું, પ્રત્યાઘાતી થઈશું તો આપણા ભુક્કેભુક્કા ઊડી જશે. આ એક સોનેરી નિયમ છે. તમારા જીવનમાં તમે તે અજમાવી જુઓ, બધું તમને સમુંસૂતરું પાર ઊતરતું જણાશે. સંજોગોને અનુકૂળ બનો, રસ્તો સીધોસટ. સંજોગો સામે અથડાઓ, તો પરિણામે પીડા, વેદના, ખોટ અને હતાશા !

થોડા જ દિવસો પહેલાં મને એક બહેન મળ્યાં. થોડાં જ વર્ષો પહેલાં એમના પતિ ગુજરી ગયા હતા. પ્રેમાળ હૃદયનો એક ઉદ્યોગપતિ, પણ દારૂની લતે ચઢી ગયેલો, અને સઘળી મિલકત દારૂ પાછળ ફના કરી દીધેલી. મર્યો ત્યારે એનું નાનકડું ખેતર પણ ગીરવે મુકાયેલું. પાછળ બાળકો તથા પત્ની માટે ખાવાના પણ સાંસા. પતિના મૃત્યુ બાદ આ બહેન સંજોગોને પામી ગયાં, પણ જરાકે હિંમત હાર્યા વગર કમર કસી લીધી. એમણે જોઈ લીધું કે નસીબનો વિરોધ કર્યા કરવાથી કશું હાથ લાગવાનું નથી. એટલે એમણે તો બહાદુરીપૂર્વક પડકાર ઝીલી લીધો. વહેલી સવારના ત્રણ વાગ્યાથી રાતના દશ વાગ્યા સુધી તનતોડ મહેનત તેમણે આદરી દીધી. જ્યારે ફસલ ના હોય ત્યારે દવાખાનાંઓમાં જઈને પરિચારિકાનું કામ સ્વીકારી લે. આમ કરી કરીને એમણે પોતાનું ખેતર હવે છોડાવી લીધું

છે. હવે તો બાળકો પણ શાળાએ જતાં થઈ ગયાં છે. એમને હું મળ્યો તો એવું લાગે જ નહીં કે જાણે કોઈ મુસીબતોનો પહાડ ઓળંગીને એ આવ્યાં હોય! સામે આવેલી પરિસ્થિતિ સામે એમણે લાત ન ફંગોળી, બલ્કે એની સાથે હાથેહાથ મિલાવ્યા. પરિણામે સંજોગો જ બદલાઈ ગયા. ઉપરાંત એ કહેતાં રહ્યાં કે 'મારું નસીબ મને યારી આપતું ગયું અને ગૂંચો ઊકલતી ગઈ, ઈશ્વરનો કેટલો મોટો પાડ!'

દેવું લગભગ ચૂકવાઈ ગયું છે અને હવે થોડા જ વખતમાં એ બોજો હળવો થઈ જશે. પોતાની મથામણથી ફરી પાછું એ ખેતર અને એ ઘર પોતાનાં થઈ જશે એનો આનંદ એમના ચહેરા પર ઝલકતો હતો. આ વર્ષો દરમિયાન એમના વ્યક્તિત્વમાં શક્તિ અને આત્મવિશ્વાસનો જે ઉભાર ઊપસ્યો છે તેને પરિણામે એમના અંતરનું માધુર્ય, અનુકંપા અને સંવેદનશીલતા, છેવટે તો સત્ય જ જીતે છે તે બાબતની અડગ નિષ્ઠા વગેરે ગુણો એવા વિકસ્યા છે કે એમના કરતાં વધારે સારી સ્થિતિના લોકોમાં પણ તે ભાગ્યે જ જોવા મળે. ન કરે નારાયણ ને કદાચ આવતીકાલ એવી ઊગે કે એમનું આ નાનકડું ખેતર ફરી પાછું છીનવાઈ જાય, તો પણ આ સંજોગોમાંથી પસાર થઈને એમણે કશુંક એવું મેળવી લીધું છે જે, આવાં હજારો એકરોનાં ખેતર ખરીદી ના શકે. જે રીતે એમણે સંજોગો સામે હામ ભીડી મુસીબતોના પહાડને ફૂલ જેવો હળવો બનાવી દીધો અને આખી ઘટના જાણે ચૈતન્ય વહેવડાવનારી સાબિત થઈ ગઈ.

હવે આ જ જગ્યાએ કોઈ એવી સ્ત્રી હોત કે જે હિંમત હારી જઈને ઢગલો થઈને બેસી ગઈ હોત તો ? ચારે કોરથી ભય, વિઘ્ન અને જવાબદારીઓ એમને વીંટળાઈ વળ્યાં હોત અને ઊગરવાની કોઈ દિશા બાકી રહી નથી તેવી આકરી ભીંસ એમણે અનુભવી હોત ! એમના ચિત્તમાં એક પ્રકારની કડવાશ ઘેરાઈ ગઈ હોત અને બધાંને દુશ્મન સમજી એમની સામે થવા કમર કસી છેવટે હારી–થાકી–હાંફી ગયાં હોત. વળી પોતે સાવ કમજોર છે એમ માની કોઈક આવીને એમને આ પરિસ્થિતિમાંથી ઉગારે તેવી લાચાર મનોદશામાં એ ફેંકાઈ ગયાં હોત. બીજા કોઈકનું આવું કર્તવ્ય છે, જવાબદારી છે તેવું પણ તેમણે માની લીધું હોત. આમ સંજોગોને સાનુકૂળ બનાવવાને બદલે એમનાથી વિરોધી દિશામાં જ એમનું ભટકવાનું વધ્યા કરત અને એમના ચિત્તમાં ફરિયાદના દરિયા ઘૂઘવાયા કરત. આ બધાંને પરિણામે પેલું ખેતર તો પાછું એમના હાથમાં આવત જ નહીં, બીજા કોઈને માટે કરવાની વાત તો બાજુ પર રહી એમનો પોતાનો સ્વભાવ એકેએક બાબતસર અને એકેએક વ્યક્તિ માટે રાવભર્યો, કડવાશથી છલકાતો અને ચીડિયો થઈ ગયો હોત.

## સંજોગોને આવકારવાની દૃષ્ટિ ખીલવો

આ ઉપરથી આપણે શું તારવીશું ? જીવનમાં સંજોગો મહત્ત્વના નથી. તમે એ સંજોગોને કેવી રીતે આવકારો છો તે મહત્ત્વનું છે. નિર્ણાયક ચીજ આ છે. ભલભલાના

જીવનમાં સંકટો, આપત્તિઓના પહાડો ઊતરી આવ્યા છે, છતાંય એમનું જીવન આગમાંથી પસાર થયેલા સુવર્ણ સમું નિર્મળ અને ઉજ્જ્વળ છે, તે વાત આપણે કદી ના ભૂલવી જોઈએ.

જીવનની પ્રત્યેક ઉદાત્ત કે ક્ષુદ્ર, સફળ કે નિષ્ફળ, ઇષ્ટ કે અનિષ્ટ બાબતોના પાયામાં વિચાર છે. આપણો અભિગમ જ સંજોગોના સ્વરૂપને ઘડે છે. વિચારો જ મુખ્ય પરિબળ છે, જે દિશા અંકિત કરે છે. જેવા વિચારો સેવાશે, તેવું થવાશે. જીવનની એક ચોક્કસ દિશા અંકિત થઈ જાય તો તે દિશાને અનુરૂપ વિચારશક્તિ મનુષ્યને આવી મળે છે, જે જીવનયાત્રામાં ગતિ લાવે છે. સંદેહો અને શંકાઓ નહીં, પણ શ્રદ્ધાતત્ત્વને કેળવીએ.

કેટલાક લોકો આ 'વિચારના વિજ્ઞાન'ના તથ્યને સમજવા માંડે છે અને જ્યારે એમને લાગે છે કે આપણા પોતાનાં મનોબળ અને સંકલ્પશક્તિથી આપણા રોજિંદા જીવનની પરિસ્થિતિને આપણે બદલી શકીએ તેમ છીએ ત્યારે ઉત્સાહના અતિરેકમાં ત્વરિત પરિણામોને ઝંખતા થઈ જઈએ છીએ. એકદમ પરિણામો દેખાતાં નથી એટલે વળી એવા નિષ્કર્ષ પર પણ પહોંચી જઈએ છીએ કે 'આ નવી વાતમાં કશો માલ નથી. અમે તે કરી જોયું.' પણ આવા લોકોએ યાદ રાખવું ઘટે કે વર્ષોથી ચાલી આવતી ટેવ કાંઈ એમ એકદમ 'ખૂલ જા બાબા, સમસમ'ની જેમ બદલાઈ ના શકે.

## સતત અભ્યાસ જોઈએ

જેમ જેમ આપણી સાધના નિયમિત અને ઉત્કટ બનતી જાય, તેમ તેમ એની અસરો ઊપસતી જાય. શરૂઆતમાં પ્રગતિ એકદમ મંદ હોય, પાછળથી જ તેમાં ઝડપ આવે. જેટલું આચરણમાં મુકાય તેટલી શક્તિ વધે. શક્તિનો ઉપયોગ, શક્તિની વપરાશશક્તિનો આંક વધારે. આપણા જીવનમાં પણ આપણે નથી જોતા કે આ જ નિયમ લાગુ પડે છે? દરેક બાબતમાં સતત અભ્યાસ થતો રહે તો જ આગળ વધાય છે. પિયાના સામે તમે બેસો અને પહેલા જ પ્રયત્ને તમે કાંઈ ખૂબ સરસ ના બજાવી શકો. અને એ ઉપરથી એવા તારણ પર ના અવાય કે પહેલે પ્રયત્ને ના સધાયું એટલે હવે સંગીત પર મારું વર્ચસ્વ કદી આવી જ નહીં શકે. સતત અભ્યાસ વધારતા જવું પડે અને દરેક વખતે હું સિદ્ધિ તરફ એકેક ડગલું આગળ વધતો રહીશ. આરંભમાં અનેક વિસંવાદી સૂરો ઊઠતા, સંગીત બેસૂરીલું થઈ જતું, તેને બદલે ધીરે ધીરે એવા મુકામે જઈ પહોંચશો કે હજારો લોકોની મેદની તમારા એક સૂરે ડોલી ઊઠશે. આવું જ વિચાર–શક્તિની બાબતમાં છે. પુનરાવર્તન, ફરી ફરી પ્રયત્ન કરતા રહેવું પડશે. વિચારો ઉપર સમગ્ર ધ્યાન ફરી ફરી કેન્દ્રિત થતું રહેશે તો જરૂર વિચારો કેન્દ્રીભૂત થઈને પોતાનું પોત પ્રગટાવશે.

આખું જીવન એ અંદરથી બહાર પ્રગટે છે. એ કાંઈ એકદમ પ્રસ્ફુટ ન થાય. અંદરથી જીવનનો ફુવારો ફૂટવો

જોઈએ, ચિત્ત સ્ફોટ થવો જોઈએ. આટલું સમજી લઈને આપણે આપણી વધુમાં વધુ શક્તિ આંતરિક બાબતો કેળવવામાં ખર્ચવી જોઈએ. આપણે પશ્ચિમના લોકો આ બાબતમાં ઓછું ટેવાયેલા છીએ.

### ધ્યાનમાં બેસી મૂળશક્તિનું આવાહન

આપણા રોજેરોજના જીવનમાંથી થોડોક ટુકડો ધ્યાન પાછળ આપી દેવાથી કાંઈ આટલી મોટી ચીજ ના સધાય. ચિત્તમાંથી કચરાને દૂર કરવાનો છે, જીવનને ઉમદા હેતુઓ તરફ લઈ જવાનું છે. તે માટે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સતત અખંડિત ધ્યાન. અનંતતાની સાથે સતત આપણું અનુસંધાન જોડાયેલું રહે તે માટે પ્રતિક્ષણ જાગ્રત રહેવું પડશે. આપણા રોજ-બ-રોજના વ્યવહારનો ઘોંઘાટિયો કલશોર આપણને એ ભુલાવી ન દે કે આપણા સમસ્ત જીવન પાછળ અનંત જીવનનું, પરમ ચૈતન્યનું સત્ત્વ છુપાયેલું પડ્યું છે અને એ જ સઘળે કામ કરતું રહે છે. જીવનનો મૂળ સ્રોત એ જ છે અને આપણી શક્તિનો ઝરો પણ ત્યાંથી જ ફૂટે છે. એનાથી બહાર આપણી પોતાની કોઈ શક્તિ નથી કે નથી આપણું કોઈ જીવન. આ હકીકતને આત્મસાત્ કરવા માટે અને આખો વખત એનું ભાન જળવાઈ રહે તે માટે ઈશ્વરનું સામ્રાજ્ય શોધી લેવું જોઈએ અને આ વાત સમજાઈ જવી જોઈએ કે પ્રભુનું એ રાજ્ય બીજે ક્યાંય નથી, પણ આપણી ભીતર જ છે. આપણી આંતરચેતનાને વૈશ્વિક ચેતના સાથે સીધો સંબંધ છે, અને આપણે એ વિશ્વચેતનાના જ એક ભાગરૂપે છીએ.

એ સમજીને આપણા અંતરને સતત એ વિશ્વચેતનાને અભિમુખ રાખવું જોઈએ, જેથી સતત શક્તિ મળતી રહે. પછી એવું અનુભવાશે કે આપણે જાણે ઈશ્વરની સાથે જ ડગલેડગલું ભરી રહ્યા છીએ. આમ, વિશ્વચેતના એ આપણા રોજિંદા જીવનની એક નકરી વાસ્તવિકતા બની જશે. જેટલા પ્રમાણમાં એ હકીકતનું સ્વરૂપ ધારણ કરશે તેટલા પ્રમાણમાં આપણું ડહાપણ, આંતરદૃષ્ટિ તથા સામર્થ્ય સતત વધતાં જશે. માનવના આત્મામાં પ્રભુની ચેતનાનો અંશ છે. આ તથ્ય બધા ધર્મોનું સારતત્ત્વ છે, તારતમ્ય છે. આને પરિણામે ધર્મ આપણા રોજેરોજના જીવનની પ્રત્યેક ક્ષણમાં અને પ્રત્યેક વ્યવહારમાં દાખલ થાય છે. જેને જીવન અને વ્યવહાર સાથે સંબંધ નથી, તેવો ધર્મ એ નામમાત્રનો ધર્મ છે. જગતભરના તમામ પ્રબુદ્ધ જન, પયગંબરો, ધર્મ-પ્રણેતાઓએ આ વાત એકીઅવાજે કહી છે, પછી એ મહાનુભાવો ગમે તે સ્થળના હોય અને ગમે તે કાળના હોય. પ્રત્યેકના ઉપદેશની ઝીણી ઝીણી વિગતોમાં ભલે થોડો ફેરફાર દેખાય, પણ આ વિશ્વાત્મા સાથે માનવીય આત્માના ઐક્યની બાબતમાં સૌ એકમત છે. અને એક વાત આ પણ છે કે આ તથ્ય તે માત્ર તેમણે પ્રબોધેલા ધર્મોદેશનું તથ્યમાત્ર નથી, તેમની અંતઃશક્તિ અને યુગયુગાન્ત સુધી પ્રવર્તતા પ્રભાવનું રહસ્ય પણ આ જ છે.

### બાળવત્ નિર્દોષતા

પ્રભુના સામ્રાજ્યમાં દાખલ થતા પહેલાં બાળવત્ મનોવૃત્તિ જોઈએ. ઈશુએ જ કહ્યું છે ને કે "નાનાં બાળક

જેવાં ના બનો ત્યાં સુધી પ્રભુના દરબારમાં દાખલ નહીં થઈ શકો." કારણ કે તો જ આપણને ભાન થશે કે આપણે પોતે તો શેકેલો પાપડ પણ ભાંગી શકીએ તેમ નથી. ઈશ્વરી શક્તિ આપણામાં કામ કરે છે, આપણે એના તરફ અભિમુખ થઈએ છીએ અને પ્રભુ આપણા દ્વારા કામ કરે છે. આ રીતે પરમાનંદ અને પરમપ્રાપ્તિના જીવનમાં દાખલ થવાય છે, હકીકતમાં જે અત્યંત સાદું જીવન હોય છે.

## પૂર્વ અને પશ્ચિમ બંને ખોટી દિશામાં

પૂર્વના દેશોમાં લોકો મૌન, ધ્યાન વગેરેમાં વધારે સમય આપતા હોય છે. આપણે લોકો કર્મમાં એટલા બધા રચ્યાપચ્યા રહીએ છીએ, જ્યારે તેનાથી ઊલટું ત્યાં કેટલાક લોકો કલાકો ધ્યાનમાં વિતાવે છે, પરિણામે આંતરિક જીવનમાં જે કાંઈ સ્વપ્નો તેઓ જુએ છે તેમને વ્યવહારમાં, બાહ્ય જીવનમાં ચરિતાર્થ કરવાનો અવકાશ જ નથી રહેતો. આપણે લોકો બહારની ભૌતિક દુનિયાના ખટાટોપમાં એવા મશગુલ રહીએ છીએ કે અંદર આધ્યાત્મિક આદર્શોનું નિર્માણ થાય અને પછી રોજિંદા જીવનમાં એમને પ્રગટ કરીએ તેવું થતું જ નથી. પરિણામે જીવન એક ધક્કા જેવું થઈ જાય છે. પરિસ્થિતિ એને જે બાજુ ઢસળી જાય ત્યાં તે ઢસળાય. ક્યારેક કોઈ કડવો અનુભવ થઈ જાય છે ત્યારે વળી કદાચ અંદર તરફ આપણે ડોકિયું કરીએ છીએ. પૂર્વ અને પશ્ચિમની આ બંને આત્યંતિકતાઓમાં, અતિરેકોમાં આપણે સમત્વ, સંતુલન સ્થાપવાની જરૂર છે.

પૂર્વમાં કેટલાક લોકો આંખો બંધ કરીને એકાંતમાં દિવસો સુધી સમાધિસ્થ અવસ્થામાં ભૂખ્યા–તરસ્યા બેસી રહે છે, જ્યારે પશ્ચિમમાં પ્રવૃત્તિઓ પાછળ આંધળાભીંત થઈને લોકો આમતેમ સતત ભટક્યા કરે છે. એમના જીવનનો કોઈ પાયો નથી, કે નથી કોઈ જીવનનું લંગર કે જીવનના મૂળભૂત સ્વરૂપનો કાંઈ વિચાર કરી શકે.

## સંતુલન જરૂરી

પૌર્વાત્ય દેશો થોડા સક્રિય બને, કામે લાગે તો તેમની સ્થિતિ થોડી સુધરે. આપણે પાશ્ચાત્ય લોકો થોડો સમય અંતર્મુખ થઈ ધ્યાનમાં, મૌનમાં વિતાવીએ તો, આંતરિક શક્તિઓ સાથે અનુસંધાન જોડીએ તો આપણી સ્થિતિમાં પણ ફેર પડે. આપણું જીવન આથી થોડું સ્વાભાવિક અને કુદરતી બની શકે. પોતાના જીવનના મુખ્ય કેન્દ્રબિંદુને પામી, અનંતતામાં સ્થિર થવું તે પ્રત્યેક સંતોષકારી જીવનની પ્રમુખ આવશ્યકતા છે. એક વખતે આપણા મધ્ય-બિંદુ પર ઊભા રહી જઈએ, પછી ગમે તેટલું આમતેમ બહાર જઈએ, કામ કરીએ, પ્રવૃત્તિઓ ચલાવીએ તેનો કશો વાંધો નથી.

## માણસ સર્વતંત્ર સ્વતંત્ર

કેટલાક લોકોમાં એવો ભ્રમ ઘૂસી ગયો હોય છે કે કેટલીક ચીજો આપણને વારસામાં મળેલી છે એટલે એમાંથી આપણે છૂટી જ ના શકીએ. એક રીતે આ સાચું પણ છે, પરંતુ બીજી રીતે આ વાત સદંતર ખોટી છે. શું માણસ

એટલો બધો પરતંત્ર છે કે એના બાપદાદાએ કોઈ ભૂલ કરી એટલે જાણે એની કમર જ તૂટી ગઈ? હરગિજ નહીં, એ તંતુ માણસ તોડી શકે છે. દરેક માણસનું જીવન એના પોતાના હાથમાં છે અને એ પોતે એને ધાર્યો ઘાટ આપી શકે છે. પોતાના જીવનમાં વિકાસની જે હરણફાળ ભરવી હોય તે તમામ એ ભરી શકે છે. જરૂરત છે માત્ર તીવ્રતાની, ઉત્કટતાની. જેટલો જેટલો એ પોતાના આદર્શો સિદ્ધ કરવા તરફ આગળ વધતો જશે, તેટલો તેટલો તે બીજાને માટે પ્રેરક, પ્રોત્સાહક અને ઉપકારક સિદ્ધ થઈ શકશે. જે લોકો પોતાના જીવનમાં પાછા પડી ગયા હોય, હતાશ-નિરાશ થઈને બેસી ગયા હોય તેમના જીવનમાં પણ ઉત્સાહ અને પ્રેરણાનું મોજું તે ફેરવી દઈ શકે. જરૂરત છે માત્ર વિચાર પ્રેરવાની. પ્રેરણાનો, શક્તિનો, જ્ઞાનનો, પ્રેમનો વિચાર બીજાના જીવનમાં ગતિનો સંચાર કરી શકશે.

## રોજેરોજ પરમચૈતન્ય સાથે ફોન જોડો

જે વ્યક્તિ એકાંતમાં શાંત થઈને પોતાના જીવન-આદર્શો નક્કી કરવા પૂરતો સમય લઈને બેસે છે, પરમ-તત્ત્વની સાથે અનુસંધાન કેળવવા જે વ્યક્તિ ખાલી રહે છે, તે વ્યક્તિના જીવનમાં ઉત્સાહનો ઝરો અવિરત વહ્યા કરે છે. રોજિંદા જીવનમાં ગમે તેવો પ્રશ્ન સામે આવીને ઊભો રહે એ પ્રશ્નમાંથી સફળતાપૂર્વક આરપાર ગુજરી જવા માટે એ સદા તૈયાર, તત્પર હોય છે. આવો માણસ

શાશ્વતીમાં, અનંતતામાં જીવતો હોય છે. એની કૃતિ અમર કૃતિ હોય છે, કાળ એને ભૂંસી શકતો નથી. પોતે ક્યાં જાય છે એની ભલે એને ખબર ના હોય, તો પણ એને વિશ્વાસ છે કે એની અંદર પડેલી દિવ્ય શક્તિ કદીય એને નિષ્ફળ નહીં નીવડવા દે; બલ્કે જ્યાં સુધી પરમ-શક્તિ એની સમક્ષ હાજરાહજુર નહીં થાય ત્યાં સુધી તે એને દોર્યા જ કરશે.

સેંકડો વર્ષો સુધી ટકે તેવું, કાળને ભેદીને અમર રહે તેવું તત્ત્વ નિર્માણ કરવા માટે તે મથતો રહે છે, કારણ કે જીવનનું પરમઉદાત્ત, પરમસત્ય, પરમોચ્ચ તત્ત્વ જ અનંત કાળ સામે ટકી શકશે. જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે સંધિકાળ જીવનમાં જ્યારે આવીને ઊભો રહેશે, ત્યારે તેને પણ સામે પાર જે ચીજો શાશ્વત ટકવાની છે તેને માટે તે પ્રયત્નશીલ હોય છે. આ જીવનનું બાકી બધું સરી પડશે, પૈસો, પ્રતિષ્ઠા, માલમિલકત કશું સાથે નહીં આવે. આવશે કેવળ ચારિત્ર્ય, આત્મ–સંયમ, આત્મ–સાક્ષાત્કાર જેવી ઉદાત્ત સંપ્રાપ્તિઓ. જીવન દરમિયાન અને જીવનની પરિસમાપ્તિ વખતે પણ જ્યારે મૃત્યુ સામે આવીને ઊભું રહેશે ત્યારે એ લેશમાત્ર ગભરાશે નહીં. અત્યંત નિર્ભય થઈને એ મૃત્યુનું સ્વાગત કરશે, કારણ કે એ જાણે છે કે એની સાથે, એની ઉપર, એની ભીતર એમ સઘળે પ્રેમ અને જ્ઞાનની અનંત પરમશક્તિ વીંટળાઈને ઊભી છે. એનું પોતાનું મધ્યબિંદુ આ શાશ્વતીમાં છે, ત્યાંથી એને જગતની

કોઈ શક્તિ ખસેડી શકે તેમ નથી. વ્હાઈટરની સાથે એ તો સૂર પુરાવે છે કે—

જાણું ના આ મેરુ ઊંચા પ્રભુના
પ્રસારે બાહુ કયા અસીમમાં,

જાણું આટલું જ કે વિના એના પ્રેમે
ડગલું ય ભરી શકું ના......

□

તું તારી જાતને ઓળખ અને જાણી લે કે જે પોતાને પૂરેપૂરો સમજે છે તેનું દુઃખ દૂર થાય છે.

મેથ્યુ આર્નોલ્ડ

□

# આ પુસ્તક વિષે

જીવનને સભર અને સમૃદ્ધ બનાવવાની તમારી ઇચ્છા છે? શક્તિનું સાચું રહસ્ય શું છે તે તમારે જાણવું છે? સાચી અને શાશ્વત મહાનતા તમારે મેળવવી છે? સદા સભર અને કાયમ ટકી રહે, જેમાં હંમેશાં વૃદ્ધિ થયા કરે, જેનાથી જીવનને એવો પ્રકાશ મળે જે કદાપિ લુપ્ત થાય નહિ, તેમજ કદાપિ ખૂટે નહિ એવાં સુખ, શાંતિ, આનંદ અને સંતોષથી તમારા સમગ્ર જીવનને ભરી દેવા તમે ઝંખો છો?

આ પુસ્તકમાં સુપ્રસિદ્ધ લેખક–રાલ્ફ વાલ્ડો ટ્રાઈન–સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ અને સફળતાના શાશ્વત નિયમો સમજાવે છે. આ નિયમો અને પરિબળોને એ એટલી સરળ અને સ્પષ્ટ રીતે રજૂ કરે છે કે કોઈ પણ તેને ગ્રહણ કરવાનું ચૂકે નહિ.

ચિત્તને આકર્ષે તે રીતે લખાયેલું આ પુસ્તક–What All The World's A—Seeking જેનો ભાવાનુવાદ ગુજરાતી ભાષામાં મીરાબેન ભટ્ટે કર્યો છે અને જેનું નામ "જીવનનું સાચું સુખ" રાખવામાં આવ્યું છે–વ્યાવહારિક અભિગમ ધરાવે છે. પુસ્તકમાં ઠેકઠેકાણે વિચાર અને ભાષાનું અતિ સમૃદ્ધ સૌંદર્ય નજરે પડશે. એક સમીક્ષકે તો એટલે સુધી કહ્યું છે કે પુસ્તકના વિચારો એટલી સરળ અને સચોટ રીતે રજૂ કરવામાં આવ્યા છે કે ફાયદો મેળવવાની ઇચ્છાવાળો આ પુસ્તકનો કોઈ પણ વાચક કદાપિ નિષ્ફળ બને જ નહિ.

આત્માને ઉન્નત કરતું આ પુસ્તક ફક્ત વાંચીને જ નહિ અટકતાં, લેખકે ચીંધેલા મહાન અને આધ્યાત્મિક નિયમોને પચાવીને તેમને આચરણમાં મૂકશે, તેઓ સૌ જેને સમસ્ત જગત ઝંખે છે તે સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ અને સફળતા વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બનશે!

hari om printery, a'bad-1, t. 24701